દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 50 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન સુદ -૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 February 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૬ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૯ ૧૦ ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

શરાબ કૌભાંડ

# કેજરીવાલ, સિસોદિયા નિર્દોષ

## કૉર્ટે કહ્યું કે, કેજરીવાલ સામે કોઈ નક્કર પુરાવા નથી અને સિસોદિયા સામે તો પ્રથમદર્શી કેસ જ નથી

નવી દિલ્હીઃ દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયાને મોટી રાહત આપતા શુક્રવારે અહીંની એક કોર્ટે બંને નેતાઓ અને ૨૧ અન્ય લોકોને કથિત દારૂ નીતિ કૌભાંડ કેસમાં નિર્દોષ જાહેર કર્યા અને તેમની સામે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ની ચાર્જશીટની નોંધ લેવાનો ઈનકાર કર્યો હતો. તેલંગણા જાગૃતિના પ્રમુખ કે. કવિતા આ કેસમાં નિર્દોષ જાહેર કરાયેલા ૨૧ અન્ય આરોપીઓમાં સામેલ છે. સ્પેશિયલ જજ જિતેન્દ્ર સિંહે તપાસમાં ખામીઓ માટે સીબીઆઈ પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે કેજરીવાલ સામે કોઈ નક્કર પુરાવા નથી,જ્યારે સિસોદિયા સામે કોઈ પ્રથમદર્શી કેસ નથી.

સીબીઆઈ અગાઉની આમ આદમી પાર્ટી (આપ) સરકારની હવે રદ કરાયેલી આબકારી નીતિના નિર્માણ અને અમલીકરણમાં કથિત ભ્રષ્ટાચારની તપાસ કરી રહી છે.જસ્ટિસે ''કેટલાક ભ્રામક નિવેદનો'' પર ભાર મૂક્યો અને ભારપૂર્વક ટિપ્પણી કરી કે વિગતવાર ચાર્જશીટમાં ઘણી ખામીઓ છે જે પુરાવા અથવા સાક્ષીઓ દ્વારા સમર્થન આપવામાં આવી નથી. વધુમાં જસ્ટિસે કહ્યું હતું ચાર્જશીટમાં

(જુઓ પાનું ૨) ▶▶

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹14,949/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

# પાકિસ્તાની પીએમની ઑફિસ નજીક અફઘાની હવાઈ હુમલો

## બંને દેશ વચ્ચે છેડાયું છે યુદ્ધઃ ૨૭૦થી વધુ તાલિબાનો અને પંચાવનથી વધુ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા

ઈસ્લામાબાદઃ પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા મોહંમદ આસિફે શુક્રવારે કહ્યું હતું કે અમારી ધીર જ હવે ખૂટી ગઈ છે અને પડોશી અફઘાનિસ્તાન સાથેની લડાઈને 'ખુલ્લેઆમ યુદ્ધ' જ ગણીએ છીએ. પાકિસ્તાને ૨૭૦થી વધુ તાલિબાનોને ઠાર માર્યા હોવા ઉપરાંત ૨૭ અફઘાન પૉસ્ટનો નાશ કર્યો હોવાનો દાવો કર્યો હતો. હુમલામાં પંચાવનથી પાકિસ્તાની સૈનિક ઠાર મરાયાં હોવા ઉપરાંત અનેકને જીવતા પકડવામાં આવ્યા હોવા ઉપરાંત પાક સેનાની ૧૯ પૉસ્ટનો નાશ કરવામાં આવ્યો હોવાનો અફઘાન સરકારે દાવો કર્યો હતો.

પાકિસ્તાનના ઘાતક હુમલા પછી હવે અફઘાનિસ્તાને ધોળે દિવસ પાકિસ્તાનના પાટનગર ઈસ્લામાબાદ પર હવાઈ હુમલો કર્યો

(જુઓ પાનું ૨) ▶▶

# બાંગ્લાદેશમાં ૫.૫નો ભૂકંપઃ કોલકાતામાં અનુભવાયા આંચકા

કોલકાતાઃ બાંગ્લાદેશના કેટલાક ભાગોમાં ભૂકંપથી ધરા ધ્રૂજી ઊઠી હતી. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૫ નોંધવામાં આવી હતી. શુક્રવારે બપોરે આવેલા આ ભૂકંપના આંચકા પશ્ચિમ બંગાળના કોલકાતા અને આસપાસના જિલ્લાઓમાં પણ અનુભવાયા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

ભારતીય હવામાન વિભાગ(આઇએમડી)ના એક અધિકારીએ જણાવ્યું કે ભૂકંપ બપોરે લગભગ ૧.૨૨ વાગ્યે આવ્યો હતો. ભૂકંપ જમીનથી

(જુઓ પાનું ૨) ▶▶

# જીડીપીનો વૃદ્ધિદર ૭.૬ ટકા રહેવાનો અંદાજ

નવી દિલ્હીઃ ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ પામી રહેલું અર્થતંત્ર છે એ વાતને ફરી એક વાર પુરવાર કરતા આંકડાઓ ગઈ કાલે જાહેર કરાયા હતા. જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ - કુલ રાષ્ટ્રીય ઉપજ)ની ગણતરી માટેની નવી પદ્ધતિ અમલમાં આવ્યા પછી જાહેર કરાયેલા અંદાજ મુજબ ભારતીય અર્થતંત્ર વર્તમાન નાણાકીય વર્ષમાં ૭.૬ ટકાના દરે વૃદ્ધિ પામશે. તાજેતરમાં જાહેર કરાયેલા સતાવાર આંકડાઓ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ભારતની અર્થવ્યવસ્થામાં ૭.૮ ટકાનો વધારો નોંધાયો હતો. આ દર ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં નોંધાયેલા ૭.૪ ટકા કરતા વધારે છે, જે આર્થિક પ્રવૃત્તિમાં વધારો દર્શાવે છે. આંકડા અને કાર્યક્રમ

(જુઓ પાનું ૨) ▶▶

SUMMER 2026 GUARANTEED GROUP DEPARTURES
પેકેજમાં સમાવિષ્ટ
એરફેર-સ્ટે-સાઈટ સીઈંગ-ટ્રાન્સફર-વિઝા
પ્યોર વેજ અને આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
8N 9D GREECE ₹ 2,85,000* PP
8N 9D SOUTH KOREA ₹ 2,80,000* PP
10N 11D SOUTH AFRICA ₹ 2,60,000* PP
10N 11D BAKU & GEORGIA ₹ 1,95,000* PP
6N 7D VIETNAM ₹ 1,75,000* PP
8N 9D BAKU ₹ 1,20,000* PP
CLASSIC TRAVEL SHOPPE PVT. LTD.
CLASSIC HOLIDAYS
+91 99309 44453
H.O.: Lower Parel (Branches-Borivali, Surat, Ahmedabad)

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
જોશ, તાકાદ અને ENERGY વધારો



તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સખ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, કોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો
100% Ayurvedic
No Side effects
100% Vegetarian
17 Precious Herbs
ફક્ત પુરુષો માટે પ્લે-વિન કેપ્સ્યુલ
મહિલા માટે શ્રી ઉપલબ્ધ છે પ્લે-વિન-F કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે
21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું
બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે

LOTUS DEVELOPERS™
JUHU half marathon
Fitness in the Long Run

KEEP YOUR HEART FIT & LET ANOTHER HEART BEAT
SUNDAY 1ST MARCH, 2026 | 5:30 AM ONWARDS | JVPD GROUND
Title Sponsor: LOTUS DEVELOPERS | Organized by: GET FIT thru sports foundation | Jointly with: Rotary Club Of Bombay Airport
Powered By | 4k Run Powered By Strategic Partner | Associate Partner | Medal Partner | Investment Partner | Venue Partners | XUV Partner | Energy Partner | Pain Relief Partner | Route Entertainment Partner | Outdoor Partner | Facility Partner | Event Managed By | Pharmacy Partner | Media Partner | DOOH Partner
NANAVATI MAX | VIMAL | NANAVATI SCHOOL | ADITYA BIRLA CAPITAL | FAST&UP | BAWA | BRIGHT | mapile | Sankalp | NOBLE PLUS | SCREENBOX | CAPITAL
PARAS

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કેજરીવાલ-સિસોદિયા નિર્દોષ, સીબીઆઈની નફ્ફટાઈની પરાકાષ્ઠા

**બહુ** ગાજેલા દિલ્હી એક્સાઇઝ પોલિસી કેસમાં એન્ટિ ક્લાઈમેક્સ આવી ગયો. આ કેસમાં સીબીઆઈએ દિલ્હીના તત્કાલિન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને મનિષ સિસોદિયાને જેલભેગા કરી દીધા હતા. સિસોદિયા તો વરસ લગી જેલમાં રહ્યા હતા ને આ કેસની મદદથી ભાજપે આમ આદમી પાર્ટી ભ્રષ્ટાચારીઓની પાર્ટી હોવાનો પ્રચાર પૂરજોશમાં ચલાવીને દિલ્હીમાં સત્તા કબજે કરી લીધી હતી.

હવે આ કેસમાં આવેલા ચુકાદામાં કેજરીવાલ અને સિસોદિયાને નિર્દોષ જાહેર કરી દેવાતાં સીબીઆઈનો પોપટ થઈ ગયો છે. સીબીઆઈ માટે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવી વાત એ છે કે, દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે તમામ ૨૩ આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મૂક્યા છે. સીબીઆઈએ આ કેસમાં ૨૩ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી હતી પણ કોર્ટે આ ચાર્જશીટનો ડૂચો કરીને કચરાટોપલીમાં ફેંકી દીધી છે. કોર્ટે તમામ આરોપીઓ સામે આરોપો ઘડવાનો ઇનકાર કરીને બધાંને નિર્દોષ છોડી મૂક્યા છે. કોર્ટનું કહેવું છે કે, કેજરીવાલ અને સિસોદિયાની વાત તો છોડો પણ બીજા કોઈ સામે પણ પુરાવા નથી અને પુરાવા વિના આરોપો ના ઘડી શકાય.

સીબીઆઈનો દાવો હતો કે, કેજરીવાલની સરકારે દારૂના વેપારીઓને ફાયદો કરાવવા માટે એક્સાઈઝ નીતિ બનાવી હતી અને તેના ભાગરૂપે કેજરીવાલના નજીકના સાથી વિજય નાયરે સાઉથ ગ્રૂપ પાસેથી ૧૦૦ કરોડ રૂપિયાની રકમ વસૂલી હતી. વિજય નાયરે દિલ્હી એક્સાઇઝ બિઝનેસ સાથે સંકળાયેલા લોકોનો સાથે સંપર્ક કરીને રોકડી કરાવી આપી હતી. બીઆરએસનાં નેતા કે. કવિતા પણ આ કૌભાંડમાં સંડોવાયેલાં હતાં. કે. કવિતાએ જ સાઉથના લિકર ગ્રૂપનો નાયર સાથે પરિચય કરાવેલો. નાયરે સાઉથ ગ્રૂપ પાસેથી લીધેલા ૧૦૦ કરોડ રૂપિયા વિનોદ ચૌહાણ અને આશિષ માથુર મારફતે ગોવા મોકલવામાં આવ્યા હતા. આ રકમનો ઉપયોગ ગોવા વિધાનસભાની ચૂંટણીમાં કરાયો હતો.

સીબીઆઈએ આપના ગોવા પ્રભારી દુર્ગેશ પાઠકને પર પણ ગેરકાયદેસર પૈસા મેળવીને તેનો ઉપયોગ કરવા બદલ આરોપી ગણાવ્યા હતા. સીબીઆઈએ મનિષ સિસોદિયાને આખા કૌભાંડના સૂત્રધાર અને કેજરીવાલને ભાગીદાર ગણાવ્યા હતા. સીબીઆઈનું કહેવું હતું કે, કેજરીવાલના આદેશથી ૧૦૦ કરોડમાંથી ૪૪.૫ કરોડ રૂપિયા ગોવા વિધાનસભા ચૂંટણીમાં ખર્ચવામાં આવ્યા હતા. આમ ચૂંટણી દરમિયાન ગેરકાયદેસર રીતે મેળવેલા નફાનો ઉપયોગ કરવા માટે કેજરીવાલ પણ આરોપી ગણાય કેમ કે આમ આદમી પાર્ટીને તેનો ફાયદો થયો હતો.

કોર્ટે આ બધી વાતોનો છેદ ઉડાવી દીધો છે. સીબીઆઈએ હજારો પાનાંની ચાર્જશીટ રજૂ કરેલી પણ કોર્ટે તેના ધજાગરા ઉડાવી દેતાં કહ્યું છે કે, ચાર્જશીટમાં

અસંખ્ય ખામીઓ છે અને એક પણ આરોપને સાબિત કરતો કોઈ પુરાવો નથી કે કોઈ પણ સાક્ષી નથી. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, સીબીઆઈ સિસોદિયા સામે પ્રથમ દૃષ્ટિએ જ કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગઈ છે અને કેજરીવાલનું નામ કોઈ નક્કર પુરાવા વગર ઉમેરવામાં આવ્યું હતું. બંધારણીય હોદ્દા પર બેઠેલી વ્યક્તિ સામે આરોપ મુકાય ત્યારે નક્કર પુરાવા જોઈએ અને નક્કર પુરાવા વિના આરોપો મૂકવા કાયદાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. કેજરીવાલ સામે કોઈ નિવેદન કે પુરાવા નહોતા છતાં કેજરીવાલને કાવતરાંના ભાગીદાર બતાવી દેવાયા એ યોગ્ય નથી.

કોર્ટે બીજી પણ ઘણી વાતો કરી છે પણ એ બધી વાતો માંડી શકાય તેમ નથી. આ વાતોનો સાર એ છે કે, સીબીઆઈએ તપાસ કરવાની કે પુરાવા એકઠા કરવાની જહેમત જ નથી ઉઠાવી અને બુદ્ધિ લગાવ્યા વિના ઉપરથી આવેલા ફરમાનનો અમલ કરીને કેજરીવાલ આણિ મંડળીને ફિટ કરી દીધેલી. સીબીઆઈએ જહેમત ના ઉઠાવી કેમ કે કોઈ પુરાવા જ નહોતા. ભાજપ કોઈ પણ ભોગે કેજરીવાલને ભ્રષ્ટાચારી ચિતરીને ઘરભેગા કરી દેવા માગતો હતો પણ કેજરીવાલ આંટીમાં આવતા નહોતા. એક્સાઈઝ કેસમાં એ તક મળી ગઈ એટલે કંઈ પણ વિચાર્યા વિના સીબીઆઈને સોપારી આપી દેવાઈ ને સીબીઆઈએ સોપારી ફોડીને સિસોદિયા, કેજરીવાલ વગેરેને જેલભેગા કરી દીધા. ભાજપને કેજરીવાલની ઈમેજ બગાડીને દિલ્હીમાં સત્તા કબજે કરવામાં જ રસ હતો ને સીબીઆઈએ એ કામ કરી આપ્યું એટલે ભયો ભયો. તેમાં ન્યાયના સિદ્ધાંતો પળાયા કે નહીં તેની કોઈને પરવા નહોતી ને અત્યારે પણ નથી.

આ ચુકાદા સાથે સીબીઆઈના માથે વધુ એક કાળી ટીલી લાગી છે પણ સીબીઆઈના અધિકારીઓમાં એ વાતની જરાય શરમ નથી. સીબીઆઈ પહેલેથી સત્યની સાથે રહેવાના બદલે સત્તાની સાથે રહે છે ને સત્તામાં હોય તેમની સામે પડનારાંની પતાવી દેવાની સોપારીઓ ફોડે છે. એક્સાઈઝ કેસમાં પણ આ ભૂમિકા સીબીઆઈએ ભજવી ને તેનાથી વધારે કશું નથી કર્યું. સીબીઆઈના અધિકારીઓ શાસકોના પાલતુ બનીને તેમનાં તળવાં ચાટવા સિવાય કશું કરતા નથી. શાસકો કહે તેની સામે ભસવાનું ને શાસકો કહે તેને કરડવાનું, શાસકો ના કહે એટલે બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી જવાનું એ જ તેમનો સિધ્ધાંત છે એ વાત ફરી સાબિત થઈ છે.

કેજરીવાલ અને સિસોદિયાને નિર્દોષ જાહેર કરવાના નિર્ણય સામે ભાજપે સાવ વાહિયાત પ્રતિક્રિયા આપી છે કે, કાયદાકીય પ્રક્રિયા હજુ પૂરી થઈ નથી અને પુરાવાના અભાવે કોર્ટે કેજરીવાલ, સિસોદિયા વગેરેને નિર્દોષ જાહેર કર્યા છે. ભલા માણસ, કોઈ પણ માણસ કોઈ પણ કેસમાં પુરાવાના અભાવે નિર્દોષ સાબિત ના થાય તો બીજી કઈ રીતે થાય? ને પુરાવા નથી તેનો અર્થ શો? એ જ કે સીબીઆઈએ ચાર વર્ષ લગી જખ મારી અને કેજરીવાલ અને સિસોદિયા સહિતના લોકોને વિના પુરાવાએ બબ્બે વર્ષ સુધી જેલમાં સાવ ખોટી રીતે ગોંધી રાખ્યા. ભાજપે એવી વાહિયાત દલીલ પણ કરી છે કે, આ એક ટેકનિકલ બાબત છે અને આ નિર્ણય નીચલી અદાલતનો છે. તેની ઉપલી અદાલતોમાં તપાસ થઈ શકે છે.

ભાજપના નેતા લોકોને કઈ રીતે બેવકૂફ બનાવે છે તેનો આ વધુ એક નાદાર નમૂનો છે. કોઈ તપાસ એજન્સી નક્કી કરેલી સમયમર્યાદામાં ચાર્જશીટ રજૂ ના કરી શકે કે જરૂરી એફિડેવિટ ના કરી શકે ને આરોપી નિર્દોષ છૂટી જાય એ ટેકનિકલ બાબત કહેવાય પણ સીબીઆઈ પોતે મૂકેલા આરોપોના સમર્થનમાં કોઈ પુરાવા જ રજૂ ના કરી શકે એ ટેકનિકલ બાબત કઈ રીતે કહેવાય ? ને પુરાવા જ નહોતા તો સાવ હવામાં અધ્ધરતાલ કઈ રીતે કેસ કરી નાખ્યો ? ને માનો કે શરૂઆતમાં પુરાવા નહોતા તો આટલા બધા મહિના પછી પણ સીબીઆઈ કે કોઈ પુરાવા ના શોધી શકી? આ સવાલોના જવાબો નથી ભાજપ પાસે નથી કે નથી સીબીઆઈ પાસે, પણ તેની બંનેમાંથી કોઈને પરવા નથી. કારણ સ્પષ્ટ છે. તેમનો જવાબ માગનારું જ કોઈ નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૨૮–૨–૨૦૨૬, ગોવિંદ દ્વાદશી

- ભારતીય દિનાંક ૯, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ–૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ –૧૨
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર પુનર્વસુ સવારે ક. ૦૯–૩૪ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૦, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૯–૨૯, રાત્રે ક. ૨૨–૪૦
- ઓટઃ બપોરે ક. ૧૫–૫૨, મધ્યરાત્રે ક. ૦૪–૫૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ફાલ્ગુન – શુક્લ દ્વાદશી. ગોવિંદ દ્વાદશી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિ દેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, ગુરુ–શનિ દેવતાનું પૂજન, વાંસ વાવવું, અદિતિ પૂજન, બી વાવવું, નિત્ય થતાં સ્થાવર લેવડદેવડ, પશુ લે–વેંચ, ખેતીવાડીના કામકાજ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- આચમનઃ બુધ–શુક્ર યુતિ ખુશમિજાજી, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ ભાવનાપ્રધાન, ચંદ્ર–શનિ ત્રિકોણ કામમાં વ્યસ્ત રહે
- ખગોળ જ્યોતિષઃ બુધ–શુક્ર યુતિ, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર–શનિ ત્રિકોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, મંગળ–કુંભ, વક્રી બુધ–કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## કેજરીવાલને સંડોવતો શરાબકાંડનો કેસ

### નિર્દોષ છોડવાનાં દસ કારણો

નવી દિલ્હીઃ રાઉજ એવેન્યૂ કોર્ટે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને તેમના સહયોગી મનીષ સિસોદીયાને શરાબ કૌભાંડના આરોપમાંથી છોડી દીધા છે. આપના બન્ને નેતાને છોડવાના મુખ્ય દસ કારણો આ પ્રમાણે છેઃ

૧ અદાલતે કહ્યું કે પ્રોસિક્યુશન કોઈ એવી નક્કર સામગ્રી પેશ ન કરી શક્યો જેનાથી એ સાબિત થાય કે અરવિંદ કેજરીવાલ કથિત કાવતરામાં સીધી રીતે સંડોવાયેલા હતા. તેમનું નામ મુખ્યત્વે એક સાક્ષીએ (પીડબ્લ્યુ-૨૨૫)એ મોઢેથી દીધેલા નિવેદનથી સામે આવ્યું હતું. જોકે એનું સ્વતંત્ર અનુમોદન થયું નથી.

૨ કોર્ટે માન્યું કે કેજરીવાલની સામે આરોપ મુખ્ય રૂપથી પીડબ્લ્યુ-૨૨૫ના નિવેદનની એક લાઈન પર આધારિત હતા. અદાલતે કહ્યું કે એક અસમર્થિત નિવેદનના આધાર પર ફોજદારી કાવતરુ સાબિત થતું નથી.

૩ અદાલતે શોધી કાઢ્યું કે એવો કોઈ પુરાવો નહોતો કે કેજરીવાલે વ્યક્તિગત રૂપથી આબકારી નીતિમાં ફેરફાર કરીને કોઈને અનુચિત લાભ અપાવ્યો. કેબનિટના નિર્ણયને અનુમોદન આપવું એ ફોજદારી કાવતરું ન માની શકાય.

૪ જજે તપાસના અમુક ભાગ અંગે કડક ટિપ્પણી કરીને કહ્યું કે અમુક પગલાં નિષ્પક્ષ તપાસને બદલે ‘પૂર્વ નિયોજિત હેરફેર’ જેવા લાગે છે.

૫ એક આરોપી (એ-વન)ના સંદર્ભમાં અદાલતે તપાસ અધિકારી વિરુદ્ધ ડિપાર્ટમેન્ટલ એક્શનની ભલામણ કરી છે, કારણ કે તેને પર્યાપ્ત પુરાવા ન હોવા છતાં આરોપી બનાવામાં આવ્યો હતો.

૬ ફરિયાદી પક્ષનો મુખ્ય દાવો ૩૬ પાનાના પ્રિન્ટઆઉટ રિપોર્ટ પર આધારિત હતો. અદાલતે કહ્યું કે આ અહેવાલ સત્તાવાર રેકોર્ડ સાથે સુસંગત નથી. પત્રોના ક્રમાંક અને સમયસીમામાં વિરોધાભાસ મળ્યો.

૭ નીતિ સાથે સંકળાયલી કથિત બેઠકોનો આધાર મુખ્યત્વે એપ્રુવરના નિવેદન હતો. આ બેઠકોના કોઈ દસ્તાવેજો કે ઈલેક્ટ્રોનિક પુરાવા રજૂ કરાયા નહોતા.

૮ અમુક આરોપો એવા નિવેદનો પર લગાડવામાં આવ્યા જે સાંભળેલી વાતો પર આધારિત હતા અથવા પછીથી જોડી દેવામાં આવ્યા હતા. આવા વિરોધાભાસી અને પછીથી ઉમેરવામાં આવેલા નિવેદનોથી કેસ કમજોર બન્યો હતો.

૯ ભ્રષ્ટાચારવિરોધી અધિનિયમમાં ડિમાન્ડના પુરાવા જરૂરી છે. અદાલતે કહ્યું કે અનેક બાબતોમાં ગેરકાયદે માગ કે લાંચની સાબિતી નહોતી.

૧૦ આરોપ ઘડતી વખતે અદાલતના રેકોર્ડમાં હયાત રહેલી સામગ્રીમાં ગંભીર સંદેહ દેખાવવો જોઈએ. જજે કહ્યું કે ફરિયાદી પક્ષે આ સ્ટાન્ડર્ડની કસોટી પાર ન કરી. અદાલતે કહ્યું કે રાજકીય પદ કે પારસ્પરિક સંબંધના આધારે મુકદમો ચાલતો નથી. ફોજદારી કાવતરા માટે નક્કર, કાયદાકીય અને પ્રત્યક્ષ સામગ્રી હોવી જોઈએ. આ ધોરણ પરિપૂર્ણ ન થતાં બધા આરોપીને આરોપ નક્કી કરતી વખતે જ છોડી મૂકવામાં આવ્યા છે.

### સીબીઆઈએ હાઈ કોર્ટમાં ચુકાદાને પડકાર્યો

નવી દિલ્હીઃ દિલ્હી દારૂ નીતિ કેસમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દિલ્હી હાઈકોર્ટ પહોંચી છે. શુક્રવારે સ્પેશિયલ કોર્ટે અરવિંદ કેજરીવાલ અને અન્ય લોકોને સીબીઆઈ કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. સીબીઆઈએ આ આદેશને પડકારતી હાઇકોર્ટમાં અરજી દાખલ કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, દારૂ નીતિ કેસમાં ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ, ભૂતપૂર્વ નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયા અને અન્યોને નિર્દોષ જાહેર કરવાના સ્પેશિયલ કોર્ટના આદેશને પડકારતી સીબીઆઈએ દિલ્હી હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ફેડરલ એજન્સીએ ઘણા મુદ્દાઓને ચિહ્નિત કર્યા છે જેને ખાસ કોર્ટ દ્વારા ચાર્જ ફ્રેમ કરતા સમયે નજરઅંદાજ કરવામાં આવ્યા છે અને ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતા. એજન્સીના પ્રવક્તાએ એક નિવેદનમાં કહ્યું હતું કે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે તાત્કાલિક હાઈકોર્ટમાં અપીલ કરવાનો નિર્ણય લીધો છે કારણ કે તપાસના ઘણા પાસાઓને અવગણવામાં આવ્યા છે અથવા પર્યાપ્ત રીતે ધ્યાનમાં લેવામાં આવ્યા નથી.

કોર્ટે કેજરીવાલ, સિસોદિયા અને અન્ય ૨૧ લોકોને દારુ નીતિ કેસમાં સીબીઆઈની ચાર્જશીટને સંજ્ઞાનમાં લેવાનો ઈનકાર કર્યો હતો. આ કેસમાં ક્લીન ચીટ આપવામાં આવેલા ૨૧ લોકોમાં તેલંગણા જાગૃતિના પ્રમુખ કે કવિતાનો પણ સમાવેશ થાય છે. સ્પેશિયલ જજ જિતેન્દ્ર સિંહે તપાસમાં ખામીઓ બદલ સીબીઆઈને ફટકાર લગાવતા કહ્યું કે કેજરીવાલ સામે કોઈ મજબૂત પુરાવા નથી અને સિસોદિયા અને અન્ય આરોપીઓ સામે કોઈ પ્રાથમિક કેસ નથી. સીબીઆઈએ અગાઉની આમ આદમી પાર્ટી સરકારની રાષ્ટ્રીય રાજધાની માટે હવે રદ કરાયેલી આબકારી નીતિના નિર્માણ અને અમલમાં કથિત ભ્રષ્ટાચારની તપાસ કરી રહી છે.

### હું ભ્રષ્ટ નથી, કટ્ટર ઈમાનદારઃ આંખોમાં આંસુ સાથે કેજરીવાલે કહ્યું

નવી દિલ્હીઃ દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટે તમામ આરોપોમાંથી મુક્ત કર્યા બાદ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ ભાવુક થઈ ગયા હતા. તેમણે કહ્યું હતું કે આ કેસ તેમના વિરુદ્ધ રચવામાં આવેલું સ્વતંત્ર ભારતમાં સૌથી મોટું રાજકીય કાવતરું હતું. કોર્ટની બહાર પત્રકારો સાથે વાત કરતા અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, મેં મારા જીવનમાં ફક્ત પ્રામાણિકતાની જ કમાણી કરી છે. ભાજપે મારા પર ખોટા આરોપો લગાવ્યા હતા. આજે કોર્ટે કહી દીધું કે કેજરીવાલ અને સિસોદિયા કટ્ટર પ્રમાણિક છે. તેઓ રાઉઝ એવન્યુ કોર્ટના ચુકાદા બાદ પત્રકારો સામે ભાવુક થઈ ગયા હતા. તેમણે કહ્યું હતું કે હું ભ્રષ્ટ નથી. આજે કોર્ટે પણ કહ્યું છે કે કેજરીવાલ અને સિસોદિયા કટ્ટર ઈમાનદાર છે.

### ‘સાઉથ ગ્રૂપ’ શબ્દનો પ્રયોગ કરવા બદલ કોર્ટે સીબીઆઈનો કાન આમળ્યો

નવી દિલ્હીઃ રાજકીય બદઈરાદાથી કરવામાં આવેલા એક્સાઈઝ પૉલિસી કેસને મામલે કોર્ટે શુક્રવારે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને અન્ય ૨૧ જણને મુક્ત કર્યા હતા અને ‘સાઉથ ગ્રૂપ’ શબ્દનો પ્રયોગ કરવા બદલ કોર્ટે સીબીઆઈનો કાન આમળ્યો હતો તેમ જ આ પ્રકારની ભાષાનો પ્રયોગ કરવાથી દૂર અને સાવધ રહેવાની ચેતવણી આપી હતી. કાયદામાં આ પ્રકારની ભાષા-શબ્દોને કોઈ સ્થાન નથી એમ જણાવતાં કોર્ટે કહ્યું હતું કે તપાસ એજન્સી દ્વારા આરોપીઓને તેમના પ્રાદેશિક મૂળ કે રહેવાના સ્થળને આધારે ‘સાઉથ ગ્રૂપ’ તરીકે ઓળખાવવા અને જાણીજોઈને અવારનવાર આ પ્રકારની ભાષા-શબ્દોનો ઉપયોગ કરવાની બાબતને રેકોર્ડ પર લેવાનું જરૂરી લાગી રહ્યું છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### કેજરીવાલ

આંતરિક વિરોધાભાસ છે, જે કાવતરાના સિદ્ધાંતના મૂળ પર પ્રહાર કરે છે. તેમણે કહ્યું હતું કે કે કેજરીવાલ સામેના આરોપો કોઈ પુરાવાના અભાવે ટકી શકતા નથી અને ભૂતપૂર્વ મુખ્યપ્રધાનને કોઈ નક્કર પુરાવા વિના ફસાવવામાં આવ્યા છે. આ કાયદાના શાસનની વિરુદ્ધ છે.સિસોદિયા અંગે કોર્ટે કહ્યું હતું કે તેમની સંડોવણી દર્શાવવા માટે રેકોર્ડ પર કોઈ પુરાવા નથી, કે તેમની પાસેથી કોઈ રકમ જપ્ત કરાઈ હતી. કોર્ટે એક્સાઇઝ પોલિસીમાં કોઈ મોટા કાવતરા અથવા ગુનાઈત ઇરાદાની ગેરહાજરી પર ભાર મૂકતા કહ્યું કે ફેડરલ એજન્સીનો કેસ ન્યાયિક તપાસનો સામનો કરી શકતો નથી ખાસ કરીને જ્યારે સીબીઆઈએ ફક્ત અનુમાનના આધારે કાવતરાની વાર્તા ઘડવાનો પ્રયાસ કર્યો છે. તેણે ફેડરલ તપાસ એજન્સીની સાક્ષીઓના નિવેદનોના આધારે કેસ બનાવવા બદલ પણ ટીકા કરી હતી. જો આવા વર્તનને મંજૂરી આપવામાં આવે તો તે બંધારણીય સિદ્ધાંતોનું ગંભીર ઉલ્લંઘન હશે. કોઈ આરોપીને માફ કરવો અને તેને સાક્ષી બનાવવો, તપાસ/વિગતોમાં ખાલી જગ્યાઓ ભરવા માટે તેના નિવેદનોનો ઉપયોગ કરવો અને અન્ય લોકોને આરોપી બનાવવા ખોટું છે.આ કેસમાં નિર્દોષ મુક્ત કરાયેલા આરોપીઓમાં કુલદીપ સિંહ, નરેન્દ્ર સિંહ, વિજય નાયર, અભિષેક બોઈનપલ્લી, અરુણ રામચંદ્ર પિલ્લઈ, મુથા ગૌતમ, સમીર મહેન્દ્રુ, અમનદીપ સિંહ ઢલ, અર્જુન પાંડે, બુચીબાબુ ગોરંટલા, રાકેશ જોશી, દામોદર પ્રસાદ શર્મા, પ્રિન્સ કુમાર, ચનપ્રીત સિંહ રયાત, અરવિંદ કુમાર સિંહ, દુર્ગેશ પાઠક, અમિત અરોરા, વિનોદ ચૌહાણ, આશીષ માથુર અને પી. સરથ ચંદ્ર રેડ્ડી સામેલ છે.

### પાકિસ્તાનની

છે. ગઈ કાલે સવારના અગિયાર વાગ્યાના સુમારે ઈસ્લામાબાદ પર અફઘાન એરફોર્સે એર સ્ટ્રાઈક કરી છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે આ હુમલો નેશનલ મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ સાથે સંકળાયેલ એર ફોર્સે કર્યો હતો. તાલિબાને પાકિસ્તાન સામે બદલો લીધો છે. તાલિબાની સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા હમદુલ્લાહ ફિતરતે દાવો કર્યો છે કે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફના ફૈઝાબાદ સ્થિત કચેરીની આસપાસના વિસ્તાર સહિત પાકિસ્તાન અનેક ઠેકાણાને નિશાન બનાવ્યા છે. આ હુમલો આત્મઘાતી ડ્રોન મારફત કરવામાં આવ્યો છે, જે સંપૂર્ણપણે સફળ રહ્યું હોવાનું જણાવ્યું હતું. પાકિસ્તાન જેને અફઘાન દ્વારા કરવામાં આવેલા ક્રોસ બૉર્ડર હુમલા લેખાવી રહ્યું છે ત્યાર બાદ બંને દેશે એકમેક પર હુમલા કર્યા હતા.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે ‘નાટો’નાં દળ પાછા ખસી ગયાં બાદ અફઘાનિસ્તાનમાં શાંતિ સ્થપાશે અને તાલિબાનો અફઘાનિસ્તાનના કલ્યાણ તેમ જ પ્રાદેશિક સ્થિરતા પર ધ્યાન કેન્દ્રીય કરશે એવી અમને આશા હતી, પરંતુ હવે અમારી ધીરજ ખૂટી ગઈ છે. હવે બંને દેશ વચ્ચેનું આ ‘ઑપન વૉર’ છે.

જોકે આસિફના નિવેદનને મામલે અફઘાન સરકારના અધિકારીઓએ કોઈ પ્રતિક્રિયા નહોતી આપી. પાકિસ્તાનનું કહેવું છે કે અફઘાનિસ્તાન દ્વારા કરવામાં આવેલા હુમલાની પ્રતિક્રિયાના ભાગરૂપ હુમલો કરવામાં આવ્યો હતો. દરમિયાન ચીને બંને દેશ દ્વારા એકમેક પર કરવામાં આવી રહેલા હુમલાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને પાકિસ્તાન અને અફઘાનિસ્તાનને શસ્ત્રવિરામ કરવાની હાકલ કરી હતી.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના માહોલ વચ્ચે ઈરાને પ્રથમ સત્તાવાર પ્રતિક્રિયા આપી છે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ રમજાનના પવિત્ર મહિનામાં યુદ્ધને અયોગ્ય ગણાવ્યાં છે.

એટલું જ નહીં પરંતુ બંને દેશોને સંવાદ દ્વારા મતભેદો ઉકેલવા માટે અપીલ કરવામાં આવી છે. ઈરાનનું રહેવું છે કે, આ રમઝાનનો પવિત્ર મહિનો યુદ્ધ માટેનો મહિનો નથી, પરંતુ ભાઈચારો વધારવાનો અને પ્રેમનો મહિનો છે.

ઈરાનના વિદેશ પ્રધાન અરાઘચીએ એક્સ પર પોસ્ટ કરતા લખ્યું કે ‘‘રમજાનમાં આત્મસંયમ અને એકતાનો મહિનો છે. બંને દેશો સંવાદથી મતભેદો ઉકેલે. ઈરાન સંવાદમાં મધ્યસ્થતા કરવા તૈયાર છે. આ વિવાદ દુરંદ લાઈન સરહદ પર મહિનાઓથી ચાલુ છે, જેમાં કતારના મધ્યસ્થતાથી થયેલા સીઝફાયરને આઘાત લાગ્યો છે. (એજન્સી)

### જીડીપીનો

અમલીકરણ મંત્રાલયે શુક્રવારે ૨૦૨૨-૨૩ને આધાર વર્ષ તરીકે રાખીને રાષ્ટ્રીય હિસાબના અંદાજ માટે એક નવી સીરિઝ જાહેર કરી હતી. આ સાથે જ ૨૦૧૧-૧૨ આધાર વર્ષ પર આધારિત જૂની સીરિઝને ઔપચારિક રીતે બદલી દેવામાં આવી હતી.

ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિ દર પણ ૭.૪ ટકાથી વધીને ૭.૬ ટકા નોંધાયો હતો. જાન્યુઆરીમાં જાહેર કરાયેલા અગાઉના અંદાજમાં અગાઉ વૃદ્ધિ દર ૭.૪ ટકા રહેવાનો અંદાજ હતો.ત્રિમાસિક આંકડાઓમાં પણ સુધારો કરવામાં આવ્યો છે.

જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૫-૨૬ માટે વૃદ્ધિ દર ૮.૨ ટકાથી વધીને ૮.૪ ટકા કરવામાં આવ્યો છે. દરમિયાન, પ્રથમ ક્વાર્ટરના ડેટા ૭.૮ ટકાથી ઘટાડીને ૬.૭ ટકા કરવામાં આવ્યા છે. નવી આધાર વર્ષ સીરિઝ સાથે બહાર પાડવામાં આવેલા આ પ્રારંભિક આંકડા અર્થતંત્રની વર્તમાન સ્થિતિ અને તેના વિકાસ દરનું વધુ સચોટ અને વ્યાપક ચિત્ર પૂરું પાડે છે.

### બાંગ્લાદેશમાં

૧૦ કિ.મી. નીચે નોંધાયો હતો. તેમણે કહ્યું કે ભૂકંપનું કેન્દ્રબિંદુ બાંગ્લાદેશના નયાબજાર નામના સ્થળે નોંધાયું હતું. જે કોલકાતાથી લગભગ ૧૦૦ કિ.મી. દૂર આવેલું છે.

બીજા એક અધિકારીએ જણાવ્યું કે જાનહાનિના તાત્કાલિક કોઇ અહેવાલ નથી. ભૂકંપ લગભગ ૧૦ સેકન્ડ સુધી અનુભવાયો હતો. જેના કારણે કોલકાતામાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો. લોકો દોડીને ખુલ્લા રસ્તાઓ પર દોડી આવ્યા હતા.

ભૂકંપને પગલે રાજ્ય સચિવાલય, નબન્ના વિધાનસભા ભવન અને મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીમાં કામ કરતાં સરકારી કર્મચારીઓમાં પણ ગભરાટ ફેલાયો હતો. તેઓ ભૂકંપના આંચકાના ડરથી રસ્તાઓ પર જ રહ્યા હતા. શહેરના આઇટી હબ સોલ્ટ લેક અને કોલકાતાના વિવિધ ભાગોમાં બહુમાળી રહેણાંક ઇમારતોમાં પણ આવા જ દૃશ્યો જોવા મળ્યા હતા.

## પ્રજામત

### ભાષાની ભાંજગડ

ભારતમાં શિક્ષણ માતૃભાષામાં કે અંગ્રેજીમાં? કદાચ દશકાઓથી ચર્ચાતા આ સવાલનો જવાબ જડ્યો નથી. હવે તો મુંબઈમાં ગુજરાતી માધ્યમની શાળાઓ નામશેષ થઈ ગઈ છે. અંગ્રેજી માધ્યમની શાળાઓનું આકર્ષણ વધી ગયું છે. આ બધાંની વચ્ચે ‘બાળકનો યોગ્ય વિકાસ’ વિસરાઈ જાય છે. આજથી પચાસ વર્ષ પહેલાં માતા-પિતાને પોતાનાં બાળકોને ભણાવવાની કે તેમના ભવિષ્યની એટલી બધી ચિંતા નહોતી થતી, જેટલી ચિંતા આજના મોડર્ન દંપતીઓને થાય છે. સાથે જ પહેલાની સરખામણીએ અત્યારે શિક્ષણ પણ ખૂબ મોંઘું થઈ ગયું છે.

વિચારવા જેવી બાબત એ છે કે જે લોકોએ ગુજરાતીમાં શિક્ષણ મેળવ્યું તેઓ શું હાલમાં દુઃખી છે અને જેમણે ઇન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષણ લીધું તેમણે શું ઉકાળ્યું?

અહીં વાત અંગ્રેજીના વિરોધની નથી, પરંતુ એ તો જ્ઞાનનાં મહાસાગર સમાન છે. એનાથી આપણી માતૃભાષા ગુજરાતીનું મહત્ત્વ ઓછું નથી થઈ જતું. માતૃભાષામાં શિક્ષણ લઈને જીવનમાં અગ્રેસર હોય એવાં અનેક ઉદાહરણો છે. માતૃભાષામાં ભણેલું બાળક કુટુંબ અને વતન સાથે વધુ જોડાયેલું રહે છે. ચાલો આપણે નક્કી કરીએ કે ઉત્તમ અંગ્રેજી શીખીશું, પરંતુ ગુજરાતી પ્રત્યે ઓરમાયું વર્તન નહીં રાખીએ.

**પ્રવીણકુમાર પુરુષોત્તમદાસ પાઠક (સાયન-ઇસ્ટ)**

### ઘડપણ

દોડતા-દોડતા થાકી ગયા...
જીવન સફરમાં કાંઈક અટકી ગયા...
બાળપણમાંથી જુવાનીનો તરખાટ મચાવ્યો તે...
આસમાનમાંથી તારા તોડી લાવી ખુશ થઈ શક્યો તું...
ક્યાંક અટકી ગયો...થાકી ગયો...
આનું જ નામ...ઘડપણ...
તું ચપેટમાં તેની આવી ગયો...
જીવનની ડોર પણ ક્યાં કોઈની ઈજારાશાહી છે?
આજે મારી તો તમારી કાલે પછી તો
બધાયની વારી છે.
ભુલી ગયો તું આ...જીવનમાં હવે
શ્વાસોશ્વાસ ખૂટી જશે...
રણમેદાનમાં કંઈકના શબ ઢાળી દેનાર સોલ્જર આજે...
ખાટલા પર સૂતો ઉપાડી શકતો નથી
પ્યાલો પાણીનો બાજુમાં પડેલ...
‘ઘડપણ’ સ્વીકારે જ છૂટકો છે...તારે...મારે...
શાનથી જીવીશું...શાનથી સહન કરીશું...
ઘડપણ વધુ મજેદાર હશે, પ્રેરણાદાયક હશે...
ઘડપણ તું ભલે પધારે...તારું સ્વાગત છે...

–હર્ષદ દડિયા (ઘાટકોપર -ઇસ્ટ)

### નાનાં ઉદ્યોગોની સમસ્યાનો થાય નિકાલ

ઉદ્યોગો લોકોને કામ આપે છે. સરકારને રેવેન્યુ પણ આપે છે. એક નાના ઉદ્યોગકારને વેપાર ચલાવવામાં કેટલી તકલીફ પડે છે એ તે જ જાણે છે. એથી સરકારે આ તરફ ધ્યાન આપીને તેમને એમાંથી મુક્ત કરવા જોઈએ. તેમને ચોપડા ચીતરવાના, એસેસ્મેન્ટ કરવામાં સમય બરબાદ થાય છે. એથી સરકારે આ દિશામાં વિચારવું જોઈએ.

**– ફખરૂદીન ખાનભાઈ ચીતલવાલા**

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com
ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી



**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગામ મોરબી, હાલ મુંબઈ નિવાસી સ્વ. હેમંતકુમારભાઈ દફતરીના પત્ની હંસાબેન દફતરી (ઉ.વ. ૯૩) તા. ૨૬-૨-૨૬ ના અરિહંતશરણ પામેલછે. તેઓ સ્વ. પ્રવિણચંદ્રભાઈ કાપડિયા અને સ્વ. કુમુદબેન કાપડિયાના દીકરી, સ્વ. આત્મનભાઈ અને ધર્મનભાઈના માતા, નીતાબેન અને સ્નેહલબેનના સાસુ, વૈદેહી-જીમિશ, જાન્હવી-વીરજ, અદિતિ-ધવલ અને ક્ષમા-પ્રતીકના દાદી, કબીર અને નાવ્યાના પરદાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# થાણેમાં આવતા મહિનાથી ચોમાસા પહેલાની નાળાં અને ગટરની સફાઈ શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ ચોમાસાને ધ્યાનમાં રાખીને દર વર્ષની માફક આ વર્ષે પણ થાણે શહેરમાં માર્ચ મહિનાથી ગટરો અને નાળાની સફાઈનું કામ શરૂ કરવામાં આવવાનું છે. નવાચૂંટાયેલા મેયર શર્મિલા પિંપળોલકરે પ્રશાસનને ઝડપી ગતિએ કામ હાથ ધરવાનો નિર્દેશ આપ્યો હતો.

સામાન્ય રીતે ચોમાસા પહેલા નાળા અને ગટરોની સફાઈનું કામ માર્ચ મહિનાથી શરૂ કરી દેવામાં આવતું હોય છે. તે માટે ટેન્ડર પ્રક્રિયા વગરે જાન્યુઆરી મહિનાથી જ શરૂ કરી દેવામાં આવતી હોય છે. થાણે પાલિકાના ઘનકચરા વિભાગના કામની સમીક્ષા કરતા મેયરે અધિકારીઓને આવતા મહિનેથી નાળા-ગટરનો ગાળ સાફ કરવાનો અને મે અંત સુધીમાં કામ પૂર્ણ કરવાની સૂચના આપી હતી. ■

# વૉટ્સઍપ ડીપીને મુદ્દે વિવાદઃ પત્ની સામે જ પતિની હત્યા

પાલઘરઃ વૉટ્સઍપ ડિસ્પ્લે પિક્ચરને મુદ્દે થયેલા વિવાદમાં પત્નીની નજર સામે જ ચાકુ હુલાવી પતિની કથિત હત્યા કરવામાં આવી હોવાની ઘટના નાલાસોપારામાં બની હતી.

નાલાસોપારા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના શુક્રવારના મળસકે હનુમાન નગર વિસ્તારમાં બની હતી. આરોપી મહેંદી હસન શેખે (૨૫) ચાકુથી આફતાબ શેખ (૨૪) પર હુમલો કર્યો હતો. મહેંદીના દીકરાના મોબાઈલ ફોન પરના વૉટ્સઍપ ડીપીને મામલે બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડો વધી જતાં આરોપીએ ચાકુ હુલાવતાં આફતાબનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. સ્થાનિક રહેવાસીઓએ દાવો કર્યો હતો કે મહેંદી બાંગ્લાદેશી નાગરિક હતો અને અગાઉ ગંભીર ગુનામાં તે જેલ પણ ગયો હતો. તપાસ કરવામાં આવી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.■

# સ્પોર્ટ્સ બાઈક ચોરીના કેસમાં બે યુવક પકડાયાઃ ૧૧ બાઈક જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના અલગ અલગ પરિસરમાંથી સ્પોર્ટ્સ બાઈક્સ ચોરીને વેચી નાખવાના ગુનામાં સંડોવાયેલા બે યુવકની ધરપકડ કરી પોલીસે ૧૧ બાઈક જપ્ત કરી હતી.

સાકીનાકા પોલીસે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ મિરાજ ઉર્ફે બવાલ મોહમ્મદ રઈસ ખાન (૨૬) અને ઉમેર આમીન શેખ (૨૦) તરીકે થઈ હતી.

આરોપીની પૂછપરછમાં મુંબઈનાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ૧૫ ગુના ઉકેલાયા હોવાનો દાવો પોલીસે કર્યો હતો.

સાકીનાકામાં અંધેરી-ઘાટકોપર લિંક રોડ પરની બિલાલ મસ્જિદ સોસાયટી પાસે પાર્ક કરેલી રૉયલ એનફીલ્ડની બાઈક ચોરાઈ હોવાની ફરિયાદ સાકીનાકા પોલીસને મળી હતી. ૨૨ નવેમ્બર, ૨૦૨૫ની રાતે પાર્ક કરેલી બાઈક બીજી સવારે ગુમ હોવાનું જણાતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન પોલીસે થાણેના કિરવલી વિલેજ ખાતેથી આરોપી મિરાજને તાબામાં લીધો હતો. મિરાજે ૧૫ બાઈક ચોર્યાની કબૂલાત કરી હતી. ચોરેલી બાઈક તે ઉમેર શેખને વેચતો હોવાનું મિરાજે પૂછપરછમાં કહ્યું હતું. મિરાજની માહિતી પરથી ઉમેરને રાજસ્થાનથી પકડી પાડવામાં આવ્યો હતો. ઉમેરની પૂછપરછ બાદ પોલીસે અલગ અલગ સ્થળેથી ૧૧ બાઈક જપ્ત કરી હતી, જેની કિંમત ૨૩.૮૯ લાખ રૂપિયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■


# કપડાંની દુકાનમાંથી ૨૧ તલવાર જપ્તઃ માલિકની ધરપકડ

જાલનાઃ જાલનામાં કપડાંની દુકાનમાંથી ૨૧ જેટલી નાની-મોટી તલવાર પોલીસે જપ્ત કરી હતી અને આ પ્રકરણે દુકાનમાલિકની ધરપકડ કરવામાં આવી હતી. ગુરુવારે મધરાતે અહીંના મહાવીર ચોક વિસ્તારમાં આવેલી દુકાનમાં રેઇડ પાડી હતી અને શસ્ત્રો જપ્ત કર્યા હતા. (પીટીઆઇ)■












ROC-6194

# દક્ષિણ મુંબઈમાં નેવલ બેઝ નજીક બહુમાળીય ઈમારત સામે વિરોધ

## પાલિકા અધિકારીઓ સામે આકરા પગલાં લેવાની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની શુક્રવારે યોજાયેલી સુધાર સમિતિની પહેલી બેઠકમાં બે વિવાદાસ્પદ નિર્ણય પર સમિતિના સભ્યોએ પાલિકા પ્રશાસનની આકરી ટીકા કરી હતી. દક્ષિણ મુંબઈમાં ભારતીય નૌકાદળના મુખ્ય એર બેઝ નજીક એક બહુમાળી ઈમારતને મંજૂરી આપવા અને ટ્રાન્ઝિટ કેમ્પની બિલ્ડિંગ માટે વરલી સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસટીપી) પ્રોજેક્ટ માટે જમીનની જરૂરિયાત ઘટાડવાના પ્રશાસનના નિર્ણય સામે બેઠકમાં નગરસેવકોએ ભારે નારાજગી દર્શાવી હતી. સભ્યોએ આટલો સંવેદનશીલ નિર્ણય કોના નિર્દેશથી લેવામાં આવ્યો એવો સવાલ ઉપસ્થિત કર્યો હતો. વિરોધપક્ષે આમા શામેલ અધિકારીઓ સામે આકરી કાર્યવાહી કરવાની માગણી કરી હતી.

દક્ષિણ મુંબઈમાં આવેલા પ્રીમિયર નેવલ ઍર સ્ટેશન આઈએનએસ શિકારા પાસે બહુમાળીય ઈમારત બાંધવામાં આવી રહી છે. નો-ઓબ્જેકશન સર્ટિફિકેટ (એનઓસી)ના અભાવને કારણે બેઝથી ૫૦૦ મીટરની અંદર ૨૦ માળની બિલ્ડિંગનું કામ અટકાવવા માટે કમાન્ડિંગ ઓફિસર દ્વારા એક અરજી દાખલ કરવામાં આવી હતી. આ મુદ્દે તાજેતરમાં હાઈ કોર્ટમાં પણ સુનાવણી થઈ હતી, જેમાં પાલિકા અને નૌકાદળના અધિકારીઓને ઠપકો આપવામાં આવ્યો હતો. શિવસેના (ઉદ્ધવ)ના નગરસેવક સચિન પડવળે સુધાર સમિતિમાં ચર્ચા માટે આ મુદ્દો ઉઠાવ્યો હતો.

સચિન પડવળકરે સમિતિમાં મુદ્દો ઉઠાવતા કહ્યું હતું કે નિયમ હેઠળ નેવલ બેઝથી ૫૦૦ મીટરની અંદર કોઈ પણ ઊંચી બિલ્ડિંગને મંજૂરી નથી. છતાં આ નિયમનું ઉલ્લંઘન કરી અનેક બાંધકામ કરવામાં આવ્યા છે, જે રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમ છે. છેલ્લા ચાર વર્ષમાં ચૂંટાયેલા પ્રધિનિધિઓની ગેરહાજરીમાં કેટલાક પક્ષોએ જમીન પર કબજો કર્યો હતો, જ્યારે પાલિકાના અધિકારીઓ ડેવલપરની તરફેણમાં યોજના તૈયાર કરી રહ્યા હતા. આઈએનએસ શિકરા નેવલ બેઝ નજીક પણ આવી જ પરિસ્થિતિ છે, જેનાથી પાલિકાના અધિકારીઓની ભૂમિકા પર સવાલ થઈ શકે છે.

આ ભૂલ માટે જવાબદાર અધિકારી સામે તપાસ કરીને આકરા પગલાં લેવાની માગણી કરવામાં આવી હતી. પાલિકાના સુધાર સમિતિ વિભાગના જોઈન્ટ કમિશનર સંજોગ કબરેએ આ બાબતે માહિતી એકત્ર કરવાનું આશ્વાસન આપ્યું હતું.

આ દરમ્યાન કૉંગ્રેસના ગ્રૂપ લીડર અશરફ આઝમીએ વરલીમાં એસટીપી પ્રોજેક્ટ માટેની જમીનમાં ઘટાડો કરવા બદલ પાલિકાની ટીકાકરી હતી અને ભાર મૂક્યો હતો કે આરક્ષિત ૨૭,૯૬૪.૦૪ ચોરસ મીટર પ્લોટ ઘટાડીને ફક્ત ૧૭,૭૫૬.૪ ચોરસ મીટર કરવામાં આવ્યો હતો.

સુધાર સમિતિના સભ્યોએ વહીવટી નિષ્ફળતા ગણાવીને આ પ્રકરણમાં સંડોવાયેલા અધિકારીઓ સામે આકરા પગલા લેવાની માગણી કરી હતી, તેના પર પાલિકાએ વિગતવાર અહેવાલ સબમીટ કરવાનું આશ્વાસન આપ્યું હતું. ■

# વાલ્મિક કરાડને સુપ્રીમ કોર્ટનો પણ ઝટકોઃ સુશીલ કરાડની પોસ્ટથી અટકળો શરૂ

બીડઃ બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની નિર્મમ હત્યા બાદ આ કેસના મુખ્ય આરોપી વાલ્મિક કરાડ હાલ જેલમાં છે. દરમિયાન સર્વોચ્ચ અદાલતમાં પણ વાલ્મિક કરાડની જામીન અરજી ફગાવી દેવામાં આવી છે.

વાલ્મિક કરાડ સતત જામીન મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. અગાઉ સેશન્સ કોર્ટ બાદ હાઇ કોર્ટ અને હવે સુપ્રીમ કોર્ટ તરફથી પણ તેને કોઈ રાહત મળી નથી. ન્યાયિક સ્તરે મળેલી નિષ્ફળતાને કારણે કરાડ પરિવારની મુશ્કેલીઓ વધી છે, ત્યાં જ હવે વાલ્મિક કરાડના પુત્ર સુશીલ કરાડ દ્વારા કરવામાં આવેલી એક ફેસબુક પોસ્ટને કારણે ભારે ખળભળાટ મચી ગયો છે.

વાલ્મિક કરાડના પુત્ર સુશીલ કરાડે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર હવે તો બધાની સામે બધું જ બોલીશ... એવી પોસ્ટ મૂકી છે. આ પોસ્ટને કારણે અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે અને સમગ્ર મામલે શું નવા ખુલાસા થશે, તે તરફ સૌની નજર મંડાયેલી છે.

ખાસ કરીને સંતોષ દેશમુખ હત્યા કેસ અથવા મહાદેવ મુંડે કેસ, આ પૈકી કયા ગુના અંગે સુશીલ કરાડ શું બોલશે તે અંગે હાલમાં ઉત્સુકતા ચરમસીમાએ પહોંચી છે. દરમિયાન સુશીલ કરાડની પોસ્ટ પછી સોશ્યલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. ખાસ કરીને સુપ્રીમ કોર્ટે વાલ્મિક કરાડની જામીન અરજી ફગાવી દીધા પછી તેમના પુત્રએ આ ફેસબુક પોસ્ટ કરી હતી. આ પૃષ્ઠભૂમિમાં તપાસ એજન્સીઓ પણ સતર્ક થઈ ગઈ છે અને સુશીલ કરાડ કોઈ મહત્વપૂર્ણ ખુલાસો કરે છે કે કેમ તેના પર નજીકથી નજર રાખી રહી છે. ■

# પુણેના પૉર્શે કાર એક્સિડેન્ટનો કેસઃ ડૉક્ટરના જામીન મંજૂર

મુંબઈઃ પુણેમાં પૉર્શે કાર બેફામ હંકારી બે જણનાં મોત નિપજાવનારા ૧૭ વર્ષના સગીરના લોહીના નમૂના સાથે કથિત રીતે ચેડાં કરવા પ્રકરણે ધરપકડ કરાયેલા ડૉક્ટરના જામીન સુપ્રીમ કોર્ટે શુક્રવારે મંજૂર કર્યા હતા. અકસ્માતની ઘટના ૧૯ મે, ૨૦૨૪ની રાતે પુણેના કલ્યાણી નગર વિસ્તારમાં બની હતી. ૧૭ વર્ષના સગીરે દારૂના નશામાં પૉર્શે કાર ચલાવી સ્કૂટરસવાર બે આઈટી પ્રોફેશનલ્સને અડફેટે લીધા હતા. અકસ્માતમાં બન્ને યુવકનાં મોત નીપજ્યાં હતાં. જસ્ટિસ બી. વી. નાગરત્ન અને ઉજ્જલ ભુયાનની ખંડપીઠે સાસૂન જનરલ હૉસ્પિટલના ભૂતપૂર્વ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. અજય તાવરેને સમાનતાના ધોરણે જામીન આપ્યા હતા. અગાઉ બીજી ફેબ્રુઆરીએ કોર્ટે ત્રણ આરોપીના જામીન મંજૂર કરતાં એવી નોંધ કરી હતી કે બાળકો પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળ ગયેલા વડીલોને જુવેનાઈલ દ્વારા થતા ગુના માટે દોષી માનવા જોઈએ. ઉલ્લેખનીય છે કે કોર્ટે છેલ્લા ૧૮ મહિનાથી કસ્ટડીમાં રહેલા અમર ગાયકવાડ (મધ્યસ્થી કરનાર), આદિત્ય અવિનાશ સૂદ અને આશીષ સતીશ મિત્તલ (કારમાં હાજર બે અન્ય સગીરના વડીલો)ને જામીન આપ્યા હતા. (પીટીઆઈ) ■

# પુણેના સિંહગડ કિલ્લા પરથી મજૂરનો મૃતદેહ મળ્યો

પુણેઃ પુણેના પ્રસિદ્ધ સિંહગડ કિલ્લા પરના તાનાજી માલુસરે સમાધિસ્થળના જતનનું કામ કરનારા મજૂરનો મૃતદેહ કિલ્લા પરની ખીણમાંથી મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. મૃતકની ઓળખ દશરથ શંકર ધોત્રે તરીકે થઈ હતી. અહિલ્યાનગર જિલ્લાનો વતની દશરથ પુરાતત્ત્વ વિભાગનું કામ કરનારા કોન્ટ્રાક્ટર પાસે મજૂર તરીકે નોકરી કરતો હતો. ચાર દિવસ પહેલાં જ તે કિલ્લા પર આવ્યો હતો. દશરથ સહિત તેના ચારથી પાંચ સાથીની રહેવાની સગવડ કિલ્લા પર કરવામાં આવી હતી. બુધવારની રાતથી તે અચાનક ગુમ થઈ ગયો હતો. દશરથ પોતાના વતન ગયો હોવાનું તેના સાથીઓને લાગ્યું હતું. તેનો મોબાઈલ પણ સ્વિચ ઑફ્ફ આવતો હતો. જોકે ગુરુવારની સાંજે એક પર્યટકની નજર તેના મૃતદેહ પર પડી હતી. ગઢ પરના કલ્યાણ દરવાજા પાસેની ખીણમાં તેનું શબ પડ્યું હતું. ખાસ્સી મુશ્કેલી બાદ તેના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. આ પ્રકરણે રાજગડ પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# વાશીમાં ₹ ૧૨.૯૧ કરોડના ગાંજા સાથે ત્રણ પકડાયા

મુંબઈઃ નવી મુંબઈમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસે એક કારને આંતરી અંદાજે ૧૨.૯૧ કરોડ રૂપિયાનો હાઈડ્રોપોનિક ગાંજો જપ્ત કર્યો હતો. વાશી પોલીસે કારમાં હાજર ત્રણ આરોપી શ્યામ શિવકુમાર વનવાની (૪૫), સંદીપ દિલીપ પાટીલ (૩૫) અને અનિકેત સુનીલ તેલંગી (૨૭)ની ધરપકડ કરી હતી. વાશી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે અમારી ટીમ મધરાતે પેટ્રોલિંગ પર હતી ત્યારે વાશી રેલવે સ્ટેશન નજીક ગાંજો વેચવાને ઇરાદે ત્રણ શખસ વાહનમાં આવવાના હોવાની માહિતી મળી હતી. પોલીસની ટીમે સિડકો એક્ઝિબિશન અને રાજસ્થાન ભવન વચ્ચેના રસ્તા પર છટકું ગોઠવી ગુરુવારના મળસકે પાંચ વાગ્યે શંકાસ્પદ કારને આંતરી હતી. કારમાંથી એક ટ્રોલી બૅગ મળી આવી હતી, જેમાંથી ૧૨.૯૧ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. ■

# થાણે કોર્ટે ૨૦૧૮ના હત્યાકેસમાં મજૂરને નિર્દોષ જાહેર કર્યો

થાણેઃ થાણે જિલ્લાની કોર્ટે ૨૦૧૮માં ચાકુના ઘા ઝીંકીને શખસની હત્યાના કેસમાં ગુરુવારે ૨૧ વર્ષના મજૂરને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે સાક્ષીદારોની જુબાનીમાં વિસંગતિઓ હોવાની નોંધ કરી હતી. પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એસ.બી. અગ્રવાલે ગુરુવારે આરોપી સૂરજ શામરાજ સહાનીને શંકાનો લાભ આપ્યો હતો. સૂરજ સહાનીની ડિસેમ્બર, ૨૦૧૮માં ધરપકડ કરવામાં આવી હતી.

તપાસકર્તા પક્ષે આક્ષેપ કર્યો હતો કે ૩૦ ડિસેમ્બર, ૨૦૧૮ની રાતે ઘોડબંદર રોડ નજીક સહાનીએ મોબાઇલ ફોનને લઇ થયેલા વિવાદ બાદ જુનૈદ શકીલ શેખ પર ચાકુના ઘા ઝીંકી તેની હત્યા કરી હતી, જ્યારે અભિષેક સિંહને ઘાયલ કર્યો હતો.

જોકે કોર્ટે મૃતક જુનૈદના ભાઇ, માતા અને ઘાયલ મિત્ર સહિતના સાક્ષીદારોની જુબાનીમાં નોંધપાત્ર વિરોધાભાસ હોવાનું નોંધ્યું હતું. ભાઇ અને માતાએ દાવો કર્યો હતો કે તેઓ પગપાળા ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે ઘાયલ સાક્ષીએ જુબાની આપી હતી કે તેઓ ટૂ-વ્હીલર પર જઇ રહ્યા હતા.

જજ અગ્રવાલે જાહેરમાં આ ઘટના બની હોવા છતાં ઘટનાક્રમ પુરવાર કરવામાં તપાસકર્તા પક્ષની નિષ્ફળતા અને સ્વતંત્ર સાક્ષીઓના અભાવ પર પ્રકાશ પાડ્યો હતો.

કોર્ટે નોંધ્યું હતું કે સ્વતંત્ર સાક્ષીઓની તપાસ કરવામાં આવી નથી. ઉપરાંત ત્રણ સાક્ષીના પુરાવામાં વિસંગતિઓ છે, જેને કારણે શંકા ઊભી થાય છે કે શું તેઓ ઘટના સમયે ખરેખર હાજર હતા? કોર્ટે સહાનીને તાત્કાલિક મુક્ત કરવનો આદેશ આપ્યો હતો, જેણે ટ્રાયલ દરમિયાન સાત વર્ષ જેલમાં વિતાવ્યા હતા. (પીટીઆઇ) ■

# આકર્ષક વળતરની લાલચે ૧૨ રોકાણકાર સાથે ₹ ૧.૭૮ કરોડની છેતરપિંડી

થાણેઃ શૅરબજારની સ્કીમમાં રોકાણ કરવા પર ઊંચું વળતર મળવાની ખાતરી આપી ૧૨ રોકાણકાર સાથે ૧.૭૮ કરોડ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ થાણે પોલીસે બે આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

મુંબઈના ભાંડુપ પરિસરમાં રહેતી મહિલાની ફરિયાદને આધારે પોલીસે સાગર સુબોધ કરીવડેકર અને સચિન બાળકૃષ્ણ રાણે વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) અને ૩૧૬(૨) તેમ જ એમપીઆઈડી ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. સાગર સિંધુદુર્ગ અને સચિન થાણેનો વતની હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસ ફરિયાદ અનુસાર કથિત છેતરપિંડી ૧૫ ઑક્ટોબર, ૨૦૨૧ અને ૩૦ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન થઈ હતી. શૅર માર્કેટની સ્કીમમાં રોકાણ કરેલી રકમ પર આકર્ષક વળતર અપાવવાની ખાતરી આરોપીએ આપી હતી. આરોપીએ ફરિયાદી અને અન્ય ૧૧ જણ પાસેથી આ રકમ પડાવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે માત્ર ફરિયાદીએ જ ૨૬ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. જોકે બાદમાં આરોપી રોકાણકારોને વળતર ચૂકવી શક્યો નહોતો. છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન ફરિયાદી અને અન્યો સાથે ૧.૭૮ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હતી. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી શુક્રવારની મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરાઈ નહોતી. (પીટીઆઈ) ■

છેલ્લા પાનાનું ચાલુ

## કયાં રૂટ પર

માર્કેટ સુધી દોડશે અને રીટર્નમાં ડૉ.ડી.એન.રોડ અને હુતાત્મા ચોક થઈને દોડશે. બેસ્ટના અધિકારીના કહેવા મુજબ દક્ષિણ મુંબઈના કમર્શિયલ બેલ્ટમાં કનેક્ટિવિટી મજબૂત કરવા અને પ્રવાસીઓની માગણીને ધ્યાનમાં રાખીને આ સુધારો કરવામાં આવ્યો છે.

વધુમાં સાત રૂટ જેમાં એ-૧૦૩, એ-૨૨૪, એ-૨૩૫, એ-૨૪૮, એ-૨૫૪, એ-૩૬૧ અને એ-૪૯૨ને પહેલી માર્ચથી એરકંડિશન્ડ સેવા કરી દેવામાં આવી છે. આ કોરિડોર દક્ષિણ મુંબઈ, અંધેરી પશ્ચિમ, કુર્લા પૂર્વના વિસ્તારો અને થાણે સુધીને આવરી લે છે. બેસ્ટના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ અમુક વિસ્તારોમાં નિયમિત રૂપે ટ્રાફિકની સમસ્યાને પગલે બસના ટાઈમટેબલને અસર થઈ રહી હતી. બસ સમયસર દોડી શકે તે માટે રૂટમાં અમુક ફેરફાર કરવામાં પડયા છે. ■

## વિદેશી મહિલાને

કરવા છતાં તેઓ જોડે ફોટા પડાવવા માટે આગ્રહ કરતા હતા.

મહિલાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરેલા વીડિયોમાં જોઇ શકાય છે કે બે અજાણ્યા શખસ સેલ્ફી લેવા માટે તેને આગ્રહ કરે છે. મહિલાએ ઇનકાર કરતાં છતાં તેઓ સતત પંદર મિનિટ સુધી તેનો પીછો કરતા રહે છે. ઇન્સ્ટાગ્રામ પેજ પર ફારિયાએ પોસ્ટ કર્યું છે, 'ભારતમાં મારી સાથે આવું પહેલી વાર થયું છે. હું છેલ્લા બે મહિનાથી અહીં છું. મારો મોટા ભાગે અનુભવ સારો અને આવકાર્ય રહ્યો છે. જોકે આ દિવસ મુશ્કેલ હતો. મેં વારંવાર ઇનકાર કરવા છતાં તેઓ સતત મારો પીછો કરતા રહ્યા. મને સારું લાગતું નહોતું. તેઓ આશરે પંદર મિનિટ સુધી મારો પીછો કરતા રહ્યા. એક તબક્કે તો તેઓ મારી એટલા નજીક આવી ગયા કે મારે ધક્કો મારીને તેમને દૂર કરવા પડ્યા. હું તેમને જણાવવા માગતી હતી કે ના એટલે ના,' એમ તેણે લખ્યું હતું. દરમિયાન જોઇન્ટ પોલીસ કમિશનર (કાયદો અને વ્યવસ્થા) સત્યનારાયણ ચૌધરીએ જણાવ્યું હતું કે સ્થાનિક પોલીસ અને ઝોન-૩ના ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) આ અંગે તપાસ કરી રહ્યા છે અને યોગ્ય કાનૂની પગલાં લેવામાં આવશે. હાલમાં આરોપીઓની ઓળખ મેળવવાના અને તેમને શોધી કાઢવાના પ્રયાસ ચાલી રહ્યા છે. બંને શખસ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમો ૭૮ (૧), ૩ (૫) હેઠળ ગુનો દાખલ કરાયો હતો. ■

## વિરારમાં કૉલેજની

જણાવ્યું હતું. યુવતીની માતાએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે આરોપી સાથેના સંબંધમાં યુવતી ગર્ભવતી થઈ હતી. પછી આરોપીએ લગ્નનો ઇનકાર કરતાં યુવતી ડિપ્રેશનમાં સરી પડી હતી. આરોપી બીજી યુવતી સાથે સંબંધ ધરાવતો હોવાનું પણ જણાયું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે તબીબી અહેવાલમાં ઘટના સમયે યુવતી ગર્ભવતી હોવાની ખાતરી થઈ હતી. આ પ્રકરણે વધુ તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ) ■

## 'સિલ્વર ઓક'

આવ્હાડ અને શશિકાંત શિંદે હાજર રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર આ દરમિયાન રાજ્યસભાની ચૂંટણી માટેની રણનીતિ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. નેતાઓએ પવારને ફરી એકવાર રાજ્યસભામાં જવા વિનંતી કરી હતી, પરંતુ પવાર કોઈ સ્પષ્ટ જવાબ આપ્યા વિના મૌન રહ્યા હતા. ઉમેદવારી અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરવાને બદલે, શરદ પવારે તેમના નેતાઓને 'પહેલા મહા વિકાસ આઘાડીના અન્ય ઘટક પક્ષો (ઠાકરે જૂથ અને કોંગ્રેસ) સાથે આ બેઠક બાબત ચર્ચા કરવાની સૂચના આપી છે. તેથી સ્પષ્ટ છે કે આ બેઠક કોને મળશે અને ઉમેદવાર કોણ હશે તે અંગેનો નિર્ણય હવે એમવીએ દ્વારા સામૂહિક ચર્ચા પછી જ લેવામાં આવશે. શરદ પવારના મૌનથી રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. એમવીએ પાસે એક બેઠક જીતવા માટે પૂરતી તાકાત છે. ઠાકરે જૂથે પણ આ બેઠક માટે દાવો કર્યો છે. તેથી, એવું કહેવામાં આવી રહ્યું છે કે સાથી પક્ષો નારાજ ન થાય તે માટે પવાર સાવચેતીભર્યું વલણ અપનાવી રહ્યા છે. હવે, મહાવિકાસ આઘાડીની બેઠકમાં ખરેખર શું નિર્ણય લેવામાં આવશે તેના પર બધાનું ધ્યાન છે. ■

## પાલિકામાં

પર માર પડવાની આશંકા છે. મ્યુનિસિપલ વર્કર્સ યુનિયને આની ટીકા કરી છે. નવી ભરતીઓ અટકાવવી અને પગાર કાપના નામે ભથ્થાં કાપવા એ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે, યુનિયને દાવો કર્યો છે.આના કારણે આગામી દિવસોમાં નગરપાલિકામાં વહીવટીતંત્ર અને યુનિયન વચ્ચે સંઘર્ષ થવાની શક્યતા છે. મુંબઈ મહાનગરપાલિકામાં પણ નોકરીઓમાં કાપ મુકાશે તેવી ચર્ચાઓ શરૂ થયા બાદ મહાનગરપાલિકાએ હવે સ્પષ્ટતા કરી છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે આ પ્રક્રિયા પદ ઓછા કરવા નહીં પરંતુ 'કામની જરૂરિયાતો અનુસાર પુનર્ગઠન' માટે છે. હાલમાં કાર્યરત કર્મચારીઓની નોકરીઓ પર કોઈ ખતરો નથી. મ્યુનિસિપલ અધિકારીઓએ એમ પણ કહ્યું હતું કે આ પ્રક્રિયા ફક્ત ભવિષ્યના ખર્ચનું આયોજન કરવા અને વહીવટી કાર્યક્ષમતા વધારવા માટે જ લાગુ કરવામાં આવી રહી છે. ■

## લાડકી બહેન

યોજનાને કારણે અન્ય વિભાગોને અન્યાય થઈ રહ્યો છે.

ગણેશ નાઈકે કહ્યું કે વિવિધ સરકારી પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, જેમાં લાડકી બહીણ યોજનાનો પણ સમાવેશ થાય છે, જેના કારણે હવે અન્ય વિભાગો પ્રત્યે અન્યાયની સ્થિતિ ઉભી થઈ છે. ગણેશ નાઈકના નિવેદનથી ફરી એકવાર આ યોજનાને કારણે સરકારના ખજાના પર પડેલા ભારણ પર ચર્ચા શરૂ થઇ છે. તો હવે આ યોજનાનું ભવિષ્ય શું હશે? શું આ યોજના ચાલુ રહેશે? શું મહિલાઓને દર મહિને પૈસા મળશે? આવા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ■

# પારસી મરણ

જેમી કાવસજી પુનાવાલા તે મરહુમ ડોલી જેમી પુનાવાલાના ધની. તે મરહુમો નાજામાય કાવસજી પુનાવાલાના દીકરા. તે દિલબર પરસી મિસ્ત્રીના પપ્પા. તે પરસી ખુશરુ મિસ્ત્રીના સસરા. તે ખોરશેદ બેહરામ ઇરાની ને મરહુમો દારા ને બાનુના ભાઇ. તે તનાઇશા ને દાઇનાના મમાવાજી. (ઉં. વ. ૭૮) રે. ઠે. બી-૨૦, ગોદરેજ બાગ, ઓફ નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૩૬.

# હિન્દુ મરણ

**કચ્છી ભાટીયા**

ગુલાબસિંહ (ઉં. વ. ૯૦) તે જયોતિનાં પતિ. સ્વ. મઘાબેન ભીમજી ગાજરીયાનાં પુત્ર. અ. સૌ. હેમાલી હેમંત આશર તથા અ. સૌ. માનસી કૃષ્ણકુમાર મેનનનાં પિતાશ્રી. અ. સૌ. રૂક્ષમણી નવીનચંદ્ર સંપટ, સ્વ. સુરસિંહ, ડો. રજની ગાજરિયાનાં ભાઇ. સ્વ. ઇન્દુમતિ કરસનદાસ ટોપરાણીનાં જમાઇ. સ્વ. અજીતસિંહ, ડો. દિનેશ, સ્વ. રેણુકા અરુણકુમાર આશર તથા રૂપક ટોપરાણીનાં બનેવી તા. ૨૧-૨-૨૬ના અમેરિકા મધ્યે શ્રીજીનાં ચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

મૂળગામ આસરમાં (હાલ નાલાસોપારા) ગં. સ્વ. જયોતીબેન હર્ષદરાય જોષી (ઉં. વ. ૮૫) બુધવાર, તા. ૨૫-૨-૨૬ના દેવલોક પામ્યા છે. તે સ્વ. હર્ષદરાય જોશીના ધર્મપત્ની. સ્વ. હીનાબેન, નરેશભાઇ, મમતાબેનનાં માતુશ્રી. ગજેન્દ્રકુમાર ઉપાધ્યાય, સ્વ. નીતીનકુમાર ત્રિવેદી, દક્ષાબેનના સાસુજી. તે પ્રીતેશભાઇ, પ્રણવભાઇના દાદી. અમુધાબેનનાં દાદીસાસુ. દીયાન્સ, તનુશ્રીના મોટા દાદી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કુંભાર જ્ઞાતિ**

ગામ વડનગર હાલ બોરીવલી, પ્રેમજીભાઈ સામંત પ્રજાપતિ (ઉં. વ. ૬૯) ૨૫/૨/૨૬ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તે ધનલક્ષ્મીબેનના પતિ. ડિમ્પલ કમલકુમાર વાલા, સરોજ પ્રજાપતિ, ફોરમ નીનેશ શિંદે, ધારા પ્રજાપતિ, અનુજ, કલ્પેશ, કેતનના પિતા. જયશ્રીબેન તથા પ્રતીક્ષાબેનના સસરા. હિનલ, વેદિકા, આર્યા, ધીર, ફ્રેયાના દાદા. તેમની પ્રાર્થનાસભા ૧/૩/૨૬ના રોજ ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, પારેખ લેન, એસ. વી. રોડ કાંદિવલી વેસ્ટ.

**કચ્છી લોહાણા**

કચ્છ-વાયોટ-હાલે કલ્યાણ, સ્વ. તુલસાબેન - લીલાધર ભીમજી કારીયાના પૌત્ર, સ્વ. રાધાબેન જમનાદાસ કારીયા અને બિનાબેન પરેશભાઈ કારીયાના પુત્ર તેજસ (ઉં. વ.૨૬) તા. ૨૬-૨-૨૬ના રામશરણ પામ્યા છે. તે ગં. સ્વ. લતાબેન શંકરલાલ, નયનાબેન મુકેશભાઈ, સપનાબેન વસંતભાઈ, કામીનીબેન પ્રકાશભાઈ, દક્ષાબેન દિનેશકુમાર, સરલાબેન ભાવેશકુમાર, લતાબેન રિલેશકુમારના ભત્રીજા, કુશલ-રાકેશ- અંશ, ઓમ, ડીમ્પલ, જીજ્ઞા, જીમી, ખુશી, વિધી, જીન્કલના ભાઈ. નાનાણા સ્વ. કસ્તુરબેન ગંગારામ ચન્નાભાઈ ગણાત્રાના દોહિત્રા. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૦૨-૨૬ને શનિવારે સાંજે ૪ થી ૬. ઠે.: શ્રી કલ્યાણ લોહાણા મહાજન વાડી, આગ્રારોડ, કલ્યાણ (પ.). લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

દહાણુ નિવાસી, સ્વ. વિણાબેન વિનોદરાય ભોજાણીના પુત્ર પિયુષ વિનોદરાય ભોજાણી તે ભાવનાબેનના પતિ. અમી કૃષ્ણકાંત ડગલી તથા કિંજલ કલ્પેશ ગણાત્રાના પિતા. શિવાંશ અને વાનીના નાના, સ્વ. પંકજ વિનોદરાય ભોજાણી તથા ઉર્મિલાબેન સતિષભાઈ દવાવાલાના ભાઈ. સ્વ. ગુણવંતીબેન જયંતિલાલ અઢિયાના જમાઈ તા. ૨૬.૨.૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે.

## થાણે અને વિરાર

ગૃહનિર્માણ અને શહેરી વ્યવહાર મંત્રાલય અને જાપાન આંતરરાષ્ટ્રીય સહકાર (જાયકા)ની મદદથી તે માટે એમએમઆરડીએ દ્વારા ડેવલપમેન્ટ પ્લાન બનાવવામાં આવવાનો છે. સ્માર્ટ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેશન પરિસરમાં પ્રવાસીઓ માટે આવશ્યક તમામ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવવાની છે.

નેશનલ હાઈ-સ્પીડ રેલ કૉર્પોરેશન લિમિટેડે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હાથમાં લીધો છે. આ પ્રોજેક્ટ પૂરો થયા બાદ મુંબઈથી અમદાવાદનું અંતર બેથી અઢી કલાકમાં પાર કરી શકાશે. બંને સ્ટેશન વચ્ચેના ૫૦૮ કિલોમીટરના રૂટ પર ૧૨ સ્ટેશન રહેશે, તેમાંથી બીકેસી, થાણે, વિરાર અને બોઈસર સ્ટેશન આ ચાર બુલેટ સ્ટેશન મહારાષ્ટ્રમાં છે.

બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ પૂરો થયા બાદ ટ્રેન શરૂ થયા બાદ સ્ટેશન પરિસરમાં પ્રવાસીઓ માટે આવશ્યક સુવિધા ઉપલબ્ધ કરાવવાની મહત્ત્વની રહેશે. તે મુજબ બુલેટ ટ્રેન સ્ટેશન પરિસરમાં મુખ્યત્વે સ્માર્ટ પ્રોજેક્ટ અંતર્ગત પહેલા તબક્કામાં પ્રાયોગિક ધોરણે થાણે અને વિરાર સ્ટેશન પરિસરમાં વિકાસ કરવામાં આવવાનો છે. એ બાદ બીકેસી અને બોઈસર સ્ટેશનનો વિકાસ કરવામાં આવશે એવું એમએમઆરડીએ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

થાણે અને વિરાર બુલેટ ટ્રેન સ્ટેશન પરિસરનો વિકાસ કેવી રીતે કરવો તે માટે તાજેતરમાં બીકેસીમાં આવેલી એમએમઆરડીએની ઓફિસમાં એક વર્કશોપ યોજાઈ હતી. કેન્દ્રીય ગૃહનિર્માણ અને શહેરી વ્યવહાર મંત્રાલયના અને જાયકાના અધિકારી, નિષ્ણાતોએ વર્કશોપમાં હાજર રહ્યા હતા.

સ્માર્ટ પ્રોજેક્ટ અંતર્ગત થાણે અને વિરાર સ્ટેશન પરિસરમાં પાર્કિંગ, રિક્ષા, ટેક્સી સ્ટેન્ડ અને બસ સ્ટોપ સહિત અન્ય સુવિધા ઉપલબ્ધ કરવામાં આવવાની છે. ■

# જૈન મરણ

**ઝાલાવાડી સ્થા. જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી સ્વ. કંચનબેન અમૃતલાલ વોરાના સુપુત્ર ઉમેશભાઇ વોરા (ઉં. વ. ૭૧) તે ચેતનાબેનના પતિ. જીગર તથા સ્વ. હનીના પિતાશ્રી. ઇન્દુબેન ચંદ્રકાંતભાઇ કામદાર તથા સરોજબેન પ્રફુલચંદ્ર ગાંધીના ભાઇ. સુદામડા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. નરોતમદાસ ખીમચંદભાઇ શાહના જમાઇ તા. ૨૬-૨-૨૬ના ગુરુવારના અરિહંતશરણ થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મુલુંડ સ્વ. ચુનીલાલ હંસરાજ દોશીના સુપુત્ર સ્વ. મહેન્દ્રરાય ચુનીલાલ દોશી (ભાણવડવાળા) (ઉં. વ. ૮૪) તા. ૨૬-૨-૨૬ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સરોજબેનના પતિ. સ્વ. હિંમતભાઇ, સ્વ. વિનુભાઇ, અરવિંદભાઇ, સ્વ. પ્રવીણભાઇના ભાઇ. સ્વ. હીરાબેન ચંપકલાલ શાહ તથા રંજનબેન કિશોરભાઇ વોરા તથા પ. પૂ. સાધ્વીજી કીર્તિપૂર્ણાશ્રીજી મ.ના ભાઇ. સોનાલે દીપેન, કવિતા ભાવેશ, વિભા નિલેશ, પરિતા શૈલેષના પિતાશ્રી. સાસરા પક્ષે રમણીકલાલ સુંદરજી મહેતા (કાંક્રચવાળા)ના જમાઇ. શૈલેષ મહેન્દ્રભાઇ દોશી, એ-૫ ૩૦૧, વીણા નગર, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ) લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડા (રોહા)ના નવિનચંદ્ર ગોવિંદજી વાલજી ગાલા (ઉં. વ. ૭૩) તા. ૨૬-૨ના અરિહંત શરણ પામ્યા છે. વેલબાઇ ગોવિંદજીના પુત્ર. સ્વ. શાંતાબેનના પતિ. હીતેન, પારસના પિતાશ્રી. ઝવેરચંદ, મણીલાલ, જયંતીના ભાઇ. સણોસરાના પાનબાઇ વેલજી મુરજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. નવિન ગાલા, ૩૦૧, જશોદા ભુવન, કસ્તુરબા રોડ નં. ૯, બોરીવલી (પૂર્વ).

વડાલાના સોનબાઇ/સાકરબાઇ સવરાજ ગાલા (સોઢા)ના પુત્રી સુનંદા (હેમકુંવર) નાયક (ઉં. વ. ૭૬) તા. ૨૪-૨ના અવસાન પામેલ છે. મેંગલોરના હાલે મલાડ સ્વ. પુરૂષોત્તમ બાલાપ્પા નાયકના ધર્મપત્ની. ગંગમ્મા બાલાપ્પા નાયકની પુત્રવધૂ. ગણેશ, સુરેખાના માતુશ્રી. સ્વ. માવજી, સ્વ. શાંતીલાલ, નેમજી, અરવિંદ, લલીત, ધીરેન, ગુંદાલાના ગુણવંતી મહેન્દ્ર, વડાલાના માયા મણીલાલ, ના. તુંબડીના જ્યોતિ કિશોરના બેન. પ્રા. મોનીકા હોલ, મોનીકા આર્કેડ, સુભાષ લેન, વૈષ્ણવદેવી મંદિરની સામે, ઓક દફતરી રોડ, મલાડ (પૂર્વ), ટા. ૫ થી ૭. ઠે. સુરેખા દલાલ, અભિનવ વેલફેર સોસાયટી, ૪/૭, બાબુભાઇ ચાલ, દત્તમંદિર રોડ, મલાડ (પૂર્વ).

બેરાજા હાલે બોરીવલી સરયુબેન શશીકાંત શાહ/ ગંગર (ઉં. વ. ૭૨) તા. ૨૫/૨/૨૬ના અવસાન પામેલ છે. સ્વ. શાંતાબેન ટોકરશી શાહ / ગંગરના પુત્રવધૂ. શશીકાંતના ધર્મપત્ની. મિહિર, ચૈતાલીના માતુશ્રી. કપાયાના મણીબેન કેશવજી વિરજીના સુપુત્રી. શાંતીલાલ, જીતેન્દ્ર, અલ્કા નિલમ, પુષ્પા, ભારતીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. શશીકાંત શાહ, બી/૪૦૩ મેઘ એપાર્ટમેન્ટ, એલ.ટી. રોડ, બોરીવલી (વે.).

વાંકીના નેમીદાસ દામજી સાવલા (ઉં. વ. ૮૨) તા. ૨૬-૨-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી પાનબાઇ દામજીના સુપુત્ર. સ્વ. ચંદનના પતિ. સ્વ. મનીષ, નિલેશ, કોડાયના દિપ્તી વિનય માલદેના પિતા. સ્વ. વિશનજી, સ્વ. મુલચંદ, ગુલાબચંદ, શાંતીલાલના ભાઇ. સમાઘોઘાના મઘીબેન વેલજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિલેશ નેમીદાસ, ૬/૨૦૨, નવનીતનગર, દેશલે પાડા, ડોંબીવલી (ઇસ્ટ) ૪૨૧૨૦૩.

નાના ભાડિયાના પાનબાઈ ખેતશી છેડા (ઉં. વ. ૮૬) તા. ૨૬-૦૨-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી ભાણબાઈ નાનજીના પુત્રવધૂ. ખેતશીના ધર્મપત્ની. ડો.તુષાર, કુંદન, સી.એ. હીરેનના માતા, ના.ભાડિયા માતુશ્રી વેલબાઈ ઉમરશી મારૂના પુત્રી. ખીમજી, ખેતશી, ગુલાબ, ચંપક, તરૂણા, લતાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન તથા મેસેજ રૂબરૂ મળ્યા તુલ્ય. નિ. તુષાર છેડા, ૬૦૩ સુચીત સ્કવેર, આર.પી.રોડ, ડોંબિવલી (ઈ).

મોટા આસંબીયાના રસિક આશારીયા મામણીયા (ઉં.વ.૭૯) તા. ૨૫-૨-૨૬ ના અવસાન પામેલ છે. લાછબાઈ આશારીયાના પુત્ર. ભારતીના પતિ. હર્ષ, નેહા, રીંકુના પિતા. કલ્યાણજી, વસનજી, વલ્લભજી, કોડાય લક્ષ્મીબેન પ્રેમજી, ફરાદી અમૃતબેન વિસનજી, મોટા આસંબિયા હીરબાઈ નાગજી, રામાણીયા રેવંતીબેન ભરત ના ભાઈ. ગુંદાલા હાંસબાઈ ડુંગરશી દેઢિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રસિક આશારીયા મામણીયા, બી-૬૦૨, વન મેરાકી, વી.એન. પુરવ માર્ગ, ચેંબુર, મું-૭૧.

**વિશા ઓસવાલ જૈન**

પ્રભાસ પાટણ નિવાસી હાલ કાંદિવલી, નિર્મળાબેન (ઉં. વ. ૮૭) તે સ્વ. વરજીવનદાસ રતનજી શાહના ધર્મપત્ની, લીનાબેન, રોહિતભાઈ, સંગીતાબેન, વિપુલભાઈના માતુશ્રી. નરેશભાઈ, મુકેશભાઈ, માલિનીબેન, નીતલબેનના સાસુ. રોહન તથા પલકના દાદી. લક્ષ્મીદાસ લીલાધર શાહના દીકરી. ૨૬/૨/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ મલાડ, સ્વ. ગંભીરદાસ જાદવજી શાહના પુત્ર કિરીટભાઈ (ઉં. વ. ૭૧) ગુરૂવાર તા. ૨૬/૦૨/૨૬ને અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. શ્રેણીક (ચીન્ટુ)ના પિતા. મુકેશભાઈ, જાગૃતિબેન મહેશકુમાર, દર્શનાબેન અનીલકુમારના ભાઈ. સાસરાપક્ષે મણીલાલ ગિરધરલાલ મહેતા (ભારોલી) વાળાના જમાઈ. બંને પક્ષ તરફથી સાદડી શનિવાર તા. ૨૮/૦૨/૨૬ સમય ૩ થી ૫. પારેખ હોલ, જીતેન્દ્ર ક્રોસ રોડ, દેરાસરની બાજુમાં, મલાડ ઈસ્ટ.


**પાલનપુરી જૈન**

કોકિલાબેન મહેન્દ્રભાઈ દોશીના પુત્રવધૂ. અ.સૌ. અલ્કાબેન (ઉં. વ. ૬૧) તા. ૨૭-૨-૨૬ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે મુકેશભાઇના ધર્મપત્ની. સાહિલ-પલક, દર્શીલ-રાગીના માતુશ્રી. શાલિની-નરેશભાઇ તથા અર્પિતાબેન-અનિલકુમારના ભાભી. પિયરપક્ષે ચંચીબેન પોપટલાલ પરીખના દીકરી. રમેશભાઇ તથા ગિરીશભાઇના બહેન, રિધમ અને સમાર્યાના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

પાડાના વતની, લલિતાબેન રજનીકાંત શાહ (ઉં. વ. ૮૫) તે સોનલ, રૂપલ, અમીનાં માતા. સુકેશભાઈ વિનોદચંદ્ર શાહ, વિપુલભાઈ વિનોદભાઈ શાહ, પારસભાઈ ફુલચંદભાઈ શાહનાં સાસુ. કાંચી-ધીરલ, મીત-નિરાલી, મોક્ષા-સંયમ, રૈવત, કુશલનાં દાદી. ઝીવાના મોટાનાની, ગજીબહેન બાપુલાલ શાહનાં પુત્રી ગુરૂવાર, તા. ૨૬-૨-૨૬ના અરિહંતશરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
ગુજરાત બન્યું
દેશનું સેમિકંડક્ટર હબ
સાણંદ બનશે દેશમાં સેમિકંડક્ટર ઈન્ડસ્ટ્રીનું પ્રવેશદ્વાર
ભારતનું 'સેમિકંડક્ટર ફેબ ફ્રન્ટિયર' બનશે ધોલેરા SIR
રોકાણમાં મોખરેઃ સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે ₹1.24 લાખ કરોડના પ્રોજેક્ટ કોસ્ટ સાથેના ઉદ્યોગો આકર્ષિત કર્યા છે, જે ભારતના કુલ મંજૂર થયેલ સેમિકંડક્ટર પ્રોજેક્ટ કોસ્ટના લગભગ 75%થી વધુ છે
સાણંદ - ATMP/OSAT હબઃ માઈક્રોન (₹22,516 કરોડ), સીજી સેમી (₹7,600 કરોડ) અને કેન્સ ટેક (₹3,300 કરોડ) જેવી મોટી કંપનીઓ સાથે સાણંદ દેશનું સૌથી મોટું ATMP/OSAT હબ બનવા જઈ રહ્યું છે
ધોલેરામાં ભારતનો પ્રથમ ફેબઃ ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ₹91,526 કરોડના પ્રોજેક્ટ કોસ્ટથી ધોલેરામાં ભારતનો પ્રથમ કૉમર્શિયલ ફેબ સ્થપાઈ રહ્યો છે, જેની ક્ષમતા દર મહિને 50,000 ચિપ્સ બનાવવાની હશે
રોજગારીની તકોઃ રાજ્યમાં 50,000 થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થશે
મુખ્ય વિશેષતાઓ
પ્રથમ રાજ્યઃ ગુજરાત સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય છે, જે સેમિકંડક્ટર કંપનીઓને તમામ શક્ય પ્રોત્સાહન અને સુવિધાઓ પૂરી પાડે છે
ટૅકનૉલૉજીઃ ધોલેરા SIR ભારતના 'ફેબ ફ્રન્ટિયર' તરીકે ઉભરી રહ્યું છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સના વિશાળ પ્લાન્ટમાં 28 નેનોમીટરની ચિપ્સનું ઉત્પાદન થશે, જે ભારતના ઔદ્યોગિક ઈતિહાસમાં નવો અધ્યાય લખશે
ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ ધોલેરાની વિશાળ જમીન, સમર્પિત પાણી અને ગેસ ગ્રીડ અને આગામી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેને ભવિષ્યના 'સેમિકંડક્ટર-રેડી' સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત કરશે
શૈક્ષણિક મૉડલઃ રાજ્યની 118 એન્જિનિયરિંગ કૉલેજો અને 16 યુનિવર્સિટીમાંથી દર વર્ષે બહાર પડતા 50,000 થી વધુ એન્જિનિયરોને ઉદ્યોગ માટે સજ્જ કરવા SAMARTH અને ChipIN જેવા અત્યાધુનિક મૉડલ વિકસાવવામાં આવી રહ્યા છે
કૌશલ્યવર્ધનઃ IIT ગાંધીનગર ખાતે ₹194.21 કરોડના ખર્ચે કાર્યરત 'SAMARTH' પ્રોજેક્ટ હેઠળ આગામી 5 વર્ષમાં 2,600 થી વધુ નિષ્ણાત એન્જિનિયરો તૈયાર કરવામાં આવશે
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી વિઝનથી ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે
વૈશ્વિક સ્તરે સેમિકંડક્ટર મેન્યુફેક્ચરિંગના શ્રેષ્ઠ સ્થળ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા અમે પ્રતિબદ્ધ છીએ. વ્યૂહાત્મક ભાગીદારીના માધ્યમથી ગુજરાતને ભારતનું સિલિકોન ઉદ્યોગનું પ્રવેશદ્વાર બનાવીશું
- શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# સુરક્ષાના પ્રયાસો છતાં ગુજરાતમાં બે વર્ષમાં ૩૨૨ સિંહનાં મોતઃ આમાં ૬૪ મૃત્યુ અકુદરતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોરઠની શાન કહેવાતા સાવજનાં મોતનાં આંકડા વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યા હતા. ગૃહમાં રજૂ કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં, રાજ્યમાં ૨૫૫ પુખ્ત નર સિંહ, ૪૦૫ સિંહણ અને ૨૩૧ બચ્ચા છે. એટલે કે અંદાજે ૮૯૧ સિંહ છે. જોકે, વસ્તીની વિગતોની સાથે, મૃત્યુદરના આંકડાઓએ ચિંતા જગાવી છે. વર્ષ ૨૦૨૪ અને જાન્યુઆરી ૨૦૨૬ વચ્ચે, ગુજરાતમાં કુલ ૩૨૨ સિંહ, સિંહણ અને બચ્ચાનાં મૃત્યુ નોંધાયાં હતાં.

વર્ષ પ્રમાણે વિગતવાર આંકડા જોઈએ તો ૨૦૨૪માં કુલ ૧૬૫ સિંહનાં મૃત્યુ નોંધાયાં હતાં, આમાંથી ૩૯ મૃત્યુને અકુદરતી ગણવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૨૫માં રાજ્યમાં ૧૪૮ સિંહનાં મૃત્યુ નોંધાયાં હતાં, આમાંથી ૨૨ મૃત્યુ અકુદરતી તરીકે નોંધાયા હતા. જ્યારે જાન્યુઆરી ૨૦૨૬માં પહેલા મહિનામાં જ ૯ સિંહનાં મૃત્યુ નોંધાયાં હતાં, જેમાં ૩ મોત અકુદરતી તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.

સત્તાવાર માહિતી અનુસાર, છેલ્લા ત્રણ વર્ષમાં કુદરતી અને અકુદરતી બંને કારણોસર નોંધપાત્ર સંખ્યામાં સિંહોના મૃત્યુ થયાં છે. ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન, કુલ ૨૮ સિંહ, ૨૮ સિંહણ અને ૬૮ બચ્ચા કુદરતી કારણોસર મૃત્યુ પામ્યા હતા.

૨૦૨૫માં, કુદરતી મૃત્યુમાં ૨૮ સિંહ, ૩૮ સિંહણ અને ૫૫ બચ્ચાનો સમાવેશ થાય છે. જાન્યુઆરી ૨૦૨૬ માં (૩૧ જાન્યુઆરી સુધી), બે સિંહ, એક સિંહણ અને ત્રણ બચ્ચા કુદરતી કારણોસર મૃત્યુ પામ્યા હતા.

અકુદરતી મૃત્યુની વાત કરીએ તો, ૨૦૨૪માં ૧૨ સિંહ, ૧૯ સિંહણ અને ૧૧ બચ્ચા નોંધાયાં હતાં, જ્યારે ૨૦૨૫માં આ આંકડો ચાર સિંહ, પાંચ સિંહણ અને ૧૧ બચ્ચા હતો. જાન્યુઆરી ૨૦૨૬ માં, એક સિંહ અને બે સિંહણ અકુદરતી કારણોસર મૃત્યુ પામ્યા હતા, આ સમયગાળા દરમિયાન કોઈ બચ્ચાનાં મૃત્યુની જાણ થઈ નથી.

બીજી બાજુ સિંહોના અકુદરતી મૃત્યુને રોકવા માટે વન વિભાગ ઘણા અલગ અલગ પગલાં લે છે. અત્યાધુનિક મેડિકલ સારવાર, એમ્બ્યુલન્સ, વાઈલ્ડ લાઈફ ટ્રીટમેન્ટ સેન્ટર બનાવવામા આવ્યા છે. આ સાથે રેડિયો કોલર સહિતની ટેકનોલોજીની મદદ પણ લેવામાં આવી રહી છે. અકસ્માતો રોકવા માટે સ્પીડ બ્રેકર્સ, કૂવા આસપાસ સંરક્ષણ દીવાલો, રાજુલા-પીપાંવાવ રેલવે ટ્રેક પાસે ચેઈન લિંક ફેન્સિંગ જેવા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે.

સરકારે જણાવ્યું હતું કે તે ગુજરાતમાં સિંહના અકુદરતી મૃત્યુ ઘટાડવા અને તેમને સુરક્ષિત રાખવા માટે ટેકનોલોજી-આધારિત મોનિટરિંગ, તબીબી સેવાઓ અને જનજાગૃતિ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ■

# અમદાવાદના કાંકરિયામાં ઉમેરાશે નવું આકર્ષણઃ કૅન્ડી વર્લ્ડ માટે નાણાં મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરનું કાંકરિયા લેકફ્રન્ટ પ્રવાસીઓનું પસંદગીનું સ્થળ રહ્યું છે ત્યારે આ સ્થળને વધારે આકર્ષિત બનાવવા માટે લેકફ્રન્ટમાં લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિત ૧૫ કરોડના ખર્ચે કેન્ડી વર્લ્ડનું નિર્માણ કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના શહેરી વિકાસ, રિન્યુએબલ એનર્જી અને પ્રવાસન સંબંધિત અનેક મહત્ત્વપૂર્ણ દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મનપાના સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રવાસન સ્થળોને વધુ મુલાકાતી-ફ્રેન્ડલી બનાવવા માટે બજેટની જોગવાઈઓ મંજૂર કરવામાં આવી છે, જેના માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી ખર્ચને પણ મંજૂરી આપી દેવામાં આવી છે. ડેવલપમેન્ટ માટે પસંદ કરાયેલા પ્રવાસન સ્થળોમાં કાંકરિયા લેક, અટલ બ્રિજ, સાબરમતી રિવરફ્રન્ટ, જગન્નાથ મંદિર અને સ્વામિનારાયણ મંદિરનો સમાવેશ થાય છે.

કાંકરિયા લેકફ્રન્ટ પરિસરમાં આધુનિક ટેકનોલોજી આધારિત મલ્ટીમીડિયા મ્યુઝિકલ ફાઉન્ટેન ડેવલપ કરાશે. આ ફાઉન્ટેન શોમાં ૧૫-૧૫ મિનિટના એક એવી ચાર વિવિધ થીમ પર સાંજે સાત કલાક પછી શો મુલાકાતીઓ નીહાળી શકશે.

ફાઉન્ટેનમાં પાણીના ફુવારા, સંગીત, લાઈટિંગ તેમજ વિઝ્યુઅલ પ્રોજેક્શનનું સંકલન કરવામાં આવશે. જે મુલાકાતીઓને બતાવવામાં આવશે. આ માટે રૂ. ૫.૫૩ કરોડનો ખર્ચ થશે.

આ ઉપરાંત ૧૫ કરોડના ખર્ચે એક વર્ષમાં બાળકો માટે કેન્ડી વર્લ્ડનું નિર્માણ થઈ જશે. જે બાળકો માટે એક નવું ડ્રીમ ડેસ્ટિનેશન બનશે. આ પ્રોજેક્ટમાં બાળકો માટે થીમ આધારિત પાર્ક તૈયાર કરાશે. કેન્જી કેરસલથી રેઈનબો સ્લાઈડ સુધીની મજા માણી શકાશે. ૪,૧૩૩ ચોરસ મીટર વિસ્તારમાં થીમ આધારિત એન્ટ્રી ગેટ ઉપરાંત ટિકિટિંગ ઝોન, ફૂડ કાઉન્ટર્સ સહિતની સુવિધા ઉપલબ્ધ કરાશે.

આ સાથે ચોકલેટ મોન્યુમેન્ટ, ફોટોગ્રાફી માટે પ્લેસ, ફેન્ટેસી વર્લ્ડ ઉપરાંત બબલ બ્લાસ્ટ, ગેમઝોન, થીમ આધારિત ફૂડ કીઓસ્ક, મિલ્કી વે ગ્લેક્સીમાં દોરડાથી બનેલું પ્લે ગ્રાઉન્ડ, સેન્સરી અનુભવ આપતી રમતો, રેઈનબો સ્લાઈડ, ઈમર્સિવ રાઈડ, ડાર્ક રાઈડ, નીઓન પિકલ બોલ, ફન રાઈડ પણ હશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# સ્કૂલો, સરકારી કચેરીઓ બાદ પાસપોર્ટ ઑફિસોને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સ્કૂલો બાદ પાસપોર્ટ ઓફિસોને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. બોર્ડની પરીક્ષાનો ગુરુવારથી આરંભ થયો છે ત્યારે ફરી આવો ઈમેલ મળતાં ફફડાટ ફેલાયો હતો. અમરેલી, સુરત, ભાવનગર સહિત રાજ્યની મોટાભાગની પાસપોર્ટ ઓફિસને આવો ધમકી ભર્યો ઈમેલ મળ્યો હતો. જે બાદ પોલીસ અને બૉમ્બ સ્ક્વોડની ટીમે પહોંચીને તપાસ હાથ ધરી હતી.

સુરત પાસપોર્ટ ઓફિસના સત્તાવાર ઈ-મેઈલ આઈડી પર આજે વહેલી સવારે અંદાજે ૫:૦૦ વાગ્યે એક મેઈલ પ્રાપ્ત થયો હતો. સંપૂર્ણ અંગ્રેજીમાં લખાયેલા આ મેઈલમાં ઓફિસને બૉમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી આપવામાં આવી હતી. સવારે ઓફિસ ખૂલતાની સાથે જ જ્યારે સ્ટાફનું ધ્યાન આ મેઈલ પર ગયું, ત્યારે તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. હાલ સુરત પોલીસ અને બૉમ્બ સ્ક્વોડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. સુરતની સાથે સૌરાષ્ટ્રનાં બે શહેરોમાં પણ સમાન પ્રકારની ધમકી મળી હતી. અમરેલીની મુખ્ય પોસ્ટ ઓફિસમાં પણ બૉમ્બની ધમકી મળતા અફરાતફરી મચી ગઈ હતી. સમાચાર મળતા જ અમરેલી ફાયર ટીમ, બૉમ્બ સ્ક્વોડ અને સ્થાનિક પોલીસની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. સુરક્ષાના ભાગરૂપે આખી પોસ્ટ ઓફિસ તાત્કાલિક ખાલી કરાવવામાં આવી હતી અને સમગ્ર પરિસરમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ભાવનગર હેડ પોસ્ટ ઓફિસના ડિવિઝનલ વડાને ઈ-મેઈલ દ્વારા ધમકી મળતા તંત્ર સતર્ક થઈ ગયું હતું. પોલીસ કાફલાએ પોસ્ટ ઓફિસ પહોંચી તપાસ શરૂ કરી હતી. સાયબર ક્રાઈમની ટીમ આ મેઈલ ક્યાંથી અને કોના દ્વારા મોકલવામાં આવ્યા છે તેની ટેકનિકલ તપાસ કરી રહી છે. લોકોને કોઈપણ જાતનો ડર ન અનુભવવા પણ આપીલ કરવામાં આવી છે. ■

# હજીરામાં પ્લાન્ટ પર સતત બીજા દિવસે પણ ઘર્ષણ, ૪૦ સામે હત્યાના પ્રયાસનો ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના હજીરામાં આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ કંપનીમાં ગુરૂવારે થયેલી હિંસા બદલ ૪૦ લોકો સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયો હતો. પોલીસે ગુરૂવારે હિંસાની ઘટનામાં સંડોવાયેલા લોકો સામે અલગ અલગ કલમો હેઠળ ગુના નોંધ્યા હતા. હવે આ હિંસામાં સંડોવાયેલા ઓળખાયેલા શખસો સામે હત્યાના પ્રયાસની કલમ પણ ઉમેરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બીજી તરફ લાર્સન એન્ડ ટુબ્રોના કર્મચારીઓએ સતત બીજા દિવસે પણ ઉગ્ર દેખાવો ચાલુ રાખ્યા હતા. લાર્સન એન્ડ ટુબ્રો પ્લાન્ટ સંકુલમાં શુક્રવારે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓ દ્વારા ઉગ્ર દેખાવો કરાયા હતા. પ્લાન્ટની અંદર ગેટ નંબર ૩ પાસે હજારોની સંખ્યામાં કર્મચારીઓ એકઠા થઈ ગયા હતા અને કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. લાર્સન એન્ડ ટુબ્રો કંપનીના લગભગ ૨૦૦૦ જેટલા કોન્ટ્રાક્ટ પરના કર્મચારીઓને હાલમાં હજીરા ખાતે આર્સેલર મિત્તલ અને નિપ્પોન સ્ટીલ કંપનીમાં મૂકવામાં આવ્યા છે. કોન્ટ્રાક્ટ પર કામ કરતા લાર્સન એન્ડ ટુબ્રોના આ કામદારો અને કર્મચારીઓએ વધારે પગાર અને કામની સારી પરિસ્થિતિની માગ સાથે શરૂ કરેલા દેખાવો હિંસક બન્યા હતા. કામદારોએ ભારે તોડફોડ કરીને હિંસા આચરી હતી.

આ પ્રકારની ઘટના અન્ય પ્લાન્ટમાં ના બને એટલા માટે હજીરાના તમામ ઇન્ડસ્ટ્રિયલ યુનિટ પર ચુસ્ત પોલીસ-બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. મોટા પ્રમાણમાં પોલીસનો કાફલો પણ ખડકી દેવાયો હતો અને પોલીસ સુરક્ષા પર પૂરતું ધ્યાન આપી શકે એટલા માટે સુરતમાં યોજાનારી પોલીસ-કોન્ફરન્સ પણ રદ કરી દેવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ગુરુવારની હિંસાના પગલે સમગ્ર વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દેવાયો છે. લાર્સન એન્ડ ટુબ્રો પ્લાન્ટ સિવાય કેટલાંક સ્થળે કામદારો એકઠા થવા માંડતા પોલીસે તેમને બળનો પ્રયોગ કરીને વિખેરી નાખ્યા હતા. અંદાજે ૫૦થી વધુ કોન્ટ્રેક્ટ કર્મચારીઓ લાર્સન એન્ડ ટુબ્રોના યુનિટની બહાર પણ એકઠા થયા હતા પણ પ્લાન્ટ પર પહેલેથી જ તહેનાત પોલીસે તમામ કર્મચારીઓને ત્યાંથી હટાવી દીધા હતા તેથી કશું અજુગતું બન્યું નહોતું.

કોઈ અનિચ્છનીય ઘટના ન બને એ માટે પોલીસે કામદારોનાં ઘરોમાં જઈને સઘન કોમ્બિંગ હાથ ધર્યું હતું. કોમ્બિંગમાં પોલીસને કશું વાંધાજનક ના મળતાં રાહતનો શ્વાસ લીધો હતો. ■

## આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

# આણંદના સામાન્ય પરિવારની દીકરીએ છ નવી આકાશગંગા શોધી, તેને ભારતીય નામ પણ આપ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શ્વેતક્રાંતિના જનક માટે જાણીતા આણંદ શહેરની એક ખૂબ જ મધ્યમવર્ગીય પરિવારની દીકરીએ ખગોળ વિજ્ઞાનના ક્ષેત્રમાં અનેરી સિદ્ધિ હાંસિલ કરી દેશનું નામ રોશન કર્યુ છે. આ સાથે અમેરિકામાં ઉત્તમ કારકિર્દીની તક મળતી હોવા છતાં ભારત આવી સેવા આપી રહી છે.

ગુજરાત સરકારના માહિતી ખાતાએ આપેલી વિગતો અનુસાર એકતા શાહ નામની આ ૩૨ વર્ષીય યુવતી આણંદ ખાતે એનઆરઆઈ બંગલાના સર્વન્ટ ક્વાટરમાં ૧૩ બાય ૧૩ની રૂમમાં જન્મી અને ઉછરી હતી. સેલ્સમેનનું કામ કરતા પિતા અર્જુનભાઈ અને સિવણનું કામ કરી ઘરમાં મદદ કરતા માતા લત્તાબેનનું આ એક માત્ર સંતાન અભ્યાસમાં તેજસ્વી હતું અને માતા-પિતાએ તેના ભણતરમાં કોઈ કમી આવવા દીધી ન હતી. આ યુવતીએ દેશની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કર્યા બાદ અમેરિકાની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, ડેવિસમાં નાસા અનુદાનિત ફેલોશિપ મેળવી અંતરીક્ષમાં છ નવી આકાશગંગાઓના સમુહને શોધી કાઢ્યા છે. આટલું જ નહીં, આ નવા સમૂહને ભારતીય નામોથી નવાજ્યા છે. માત્ર ૩૨ વર્ષની ઉંમરે તેમણે આ સિદ્ધિ હાંસલ કરી છે.

ભારતમાંથી અભ્યાસ પૂર્ણ થયા બાદ એકતાએ રોચસ્ટર યુનિવર્સિટીમાં એસ્ટ્રોફિઝિક્સમાં પીએચ.ડી કરવાનું નક્કી કર્યું. ત્યાં આ પીએચ.ડી ડિગ્રી માટે એકતા આખી દુનિયામાંથી પસંદ થયેલા ત્રણ વિદ્યાર્થીઓ પૈકી એક હતી. જોકે મધ્યમવર્ગીય માતા-પિતા માટે રોચસ્ટર જવાનો ખર્ચ એક મોટી સમસ્યા હતી.આવા સમયે તેમના મહોલ્લાના લોકો, જ્ઞાતિજનો, જે બંગલાના સર્વન્ટ ક્વાર્ટરમાં રહે છે એ એનઆરઆઇ માલિક સહિતના લોકોએ આ પરિવારને આર્થિક મદદ કરી અને પરદેશ જવા માટે જરૂરી નાણાની સમસ્યા ઉકેલાઇ ગઈ.

રોચસ્ટર યુનિવર્સિટીમાં એકતાને પ્રસિદ્ધ અમેરિકન સંસ્થા નાસા દ્વારા અનુદાનિત પ્રોજેક્ટમાં કામ કરવાની તક સાંપડી. તેને અહીં લગાવવામાં આવેલા મસમોટા ટેલિસ્કોપ સેન્ટરમાં કામ કરવાની તક મળી. આવા ટેલિસ્કોપમાં કામ કરવા માટે તેનું એક રાતનું ભાડું જ એક કરોડ રૂપિયા જેટલું થઇ જાય છે. તેનું એક સંશોધન બે ગેલેક્સી અથડાયા બાદ તેની અસરો ઉપર આધારિત હતું. તેનાં સંશોધનના અંતે એ ફલિત થયું કે, હાલના બ્રહ્માંડમાં જ્યારે બે ગેલેક્સીઓ અથડાય છે, ત્યારે નવા તારાઓનું સર્જન લગભગ બે ગણું વધી જાય છે, પરંતુ બ્રહ્માંડના બાળપણમાં આવી અથડામણો થતી હતી ત્યારે તારાઓના સર્જનમાં ખાસ વધારો જોવા મળતો નહોતો.

છ વર્ષના સંશોધનને અંતે પીએચડીની ડિગ્રી મેળવ્યા પછી તેઓ અમેરિકાની યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા ડેવિસમાં પોસ્ટ ડૉક્ટરર્સ રિસર્ચ ફેલોશીપ મેળવી ત્રણ સંશોધન કર્યું.

એ સંશોધન દરમિયાન તેમણે આકાશમાં બ્રહ્માંડના બાળપણમાં રહેલા ગેલેક્સીના છ નવા સમૂહો પણ શોધી કાઢ્યા. આ નવા છ સમૂહને તેમણે કર્મેન્દ્રીય મુજબ નામ આપ્યા છે. જેમાં દ્રષ્ટિ, શ્રવણ, સુરભિ, રુચિ, સ્પર્શ, સ્મૃતિ એવા નામો આપી ભારતનું ગૌરવ આકાશમાં સ્થાપિત કર્યુ છે. તેમના આ સંશોધનને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે. લગલગાટ નવ વર્ષ સુધી અમેરિકામાં સંશોધન કાર્ય કરી એકતા હવે સ્વદેશ પરત ફરી છે. દેશમાં જ રહી કશુંક કરવાની ઈચ્છા ધરાવતી એકતાનો નાસાની સબજેક્ટ એક્સપર્ટ પેનલમાં સમાવેશ થયેલો છે. હાલમાં પણ તેનું એસ્ટ્રો ફિઝિક્સમાં રિસર્ચ આણંદથી ચાલુ છે. ■

# મજૂર મહાજન સંઘનો મુદ્દો વિધાનસભામાં ગાજ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહાત્મા ગાંધી દ્વારા ૧૯૧૭માં અમદાવાદના કાપડ મજૂરોને સંગઠિત કરવા માટે મજૂર મહાજન સંઘની સ્થાપના કરવામાં આવી હતી. આ સંઘ દ્વારા ગુજરાતની બંધ મિલોના કામદારોના બાકી વળતર સહિતની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવે છે. હાલ આર્યોદય મિલના કામદારો અને તેમના વારસદારોને નાણાં ચૂકવવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. રાજ્યમાં મજૂર મહાજન સંઘ દ્વારા વહીવટી ફાળા પેટે ઉઘરાવવામાં આવતી રકમનો મુદ્દો ગુજરાત વિધાનસભામાં ઊઠ્યો હતો. અમદાવાદના દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારે પૂછ્યું હતું કે, ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ મજૂર મહાજન સંઘ દ્વારા બંધ મિલના કામદારો પાસેથી વહીવટી ફાળા પેટે પાંચ ટકા રકમ ઉઘરાવવામાં આવે છે તે હકીકત સાચી છે કે નહીં. જો હા તો આ રકમ કયા નિયમ હેઠળ ઉઘરાવવામાં આવે છે અને ના તો આવી રકમ ઉઘરાવા અંગેની કેટલી ફરિયાદો છેલ્લા એક વર્ષમાં સરકારને મળી તેમ જ આ ફરિયાદો અન્વયે મજૂર મહાજન સંઘના હોદ્દેદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી છે.

આ અંગેનો જવાબ આપતાં સરકારે જણાવ્યું હતું કે બંધ મિલોના નાણાંની લેણી રકમ ગુજરાત હાઈ કોર્ટના હુકમ મુજબ વહેંચાય છે અને ક્લેમ ફોર્મ ભરાય ત્યારે મજૂર મહાજન સંઘ દ્વારા સ્વૈચ્છિક ફાળા તરીકે લેવામાં આવે છે. મજૂર મહાજન સંઘની ૧૦-૦૪-૨૦૧૯ના મળેલી બંધ મિલ કમિટીની મીટિંગમાં કરેલા ઠરાવ મુજબ ઉઘરાવવામાં આવે છે. છેલ્લાં એક વર્ષમાં રકમ ઉઘરાવવા અંગેની છ ફરિયાદ સરકારને મળી છે. સરકારે મજૂર મહાજન સંઘના હોદ્દેદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી તે અંગેનો જવાબ આપતાં સરકારે જણાવ્યું હતું કે, આ ફાળાની રકમ સ્વૈચ્છિક છે અને બંધ મિલના કામદારોના બાકી નાણાં મેળવવા બાબતે કરવાની થતી કાર્યવાહીના ખર્ચને પહોંચી વળવા માટેની છે. આ નાણાં ઉઘરાવવા બાબતે કોઈ તકરાર હોય તો ઓફિશિયલ લિક્વિડેટર અથવા ગુજરાત હાઈ કોર્ટનું ધ્યાન દોરી શકાય છે. મળેલી ફરિયાદો અંગે શ્રમ આયુક્ત, અમદાવાદ દ્વારા મજૂર મહાજન સંઘ પાસેથી પ્રત્યુત્તર મેળવવામાં આવ્યો છે. ■

# કચ્છના વિકાસની ગતિ સાથે રેલવેની સુવિધાઓ વધે તેવી માગણી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં છેલ્લા બે દાયકાથી ઝડપભેર ઔદ્યોગિકીકરણ થઇ રહ્યું છે અને હજુ પણ કચ્છમાં જે રીતે ઔદ્યોગિક ધમધમાટ ચાલી રહ્યો છે તે દ્રષ્ટિએ કચ્છ જિલ્લો રાજ્યના ઉદ્યોગોનો પણ 'હબ' બની રહે તેવી પરિસ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે ત્યારે કચ્છમાં રેલવેનો વિકાસ ખૂબ ધીમો રહ્યો છે અને હજુ કચ્છ માટે રેલવે વિકાસ અંગેનો માસ્ટર પ્લાન તૈયાર કરવાની જરૂરત ઉભી થઈ હોવાનું અહીંના ઔદ્યોગિક ક્ષેત્રોના અગ્રણીઓનું કહેવું છે.

આ સંદર્ભે તાજેતરમાં પશ્ચિમ રેલવેના વડા મથક મુંબઈ ખાતે રેલવે સલાહકાર બોર્ડની મળેલી એક બેઠકમાં ફેડરેશન ઑફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોશિયેશન દ્વારા રેલવે સંબંધિત સંખ્યાબંધ દરખાસ્તો રજૂ કરાઈ છે.

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર પ્રદીપ કુમારના અધ્યક્ષ સ્થાને મળેલી આ મહત્ત્વની બેઠકમાં ભુજથી નલિયા મીટરગેજ રેલવે લાઇનનું બ્રોડગેજમાં રૂપાંતરણ કરવાની પ્રક્રિયા, ઉપરાંત લુણાથી લખપતના વાયોર સુધીની નવી બ્રોડગેજ લાઈન બીછાવવાની માંગ કરાઈ છે. આ ઉપરાંત એવી પણ માગ કરાઈ છે કે, ખાનગી બંદર દ્વારા બિછાવાયેલી આદિપુરથી મુંદરા વચ્ચેની રેલવે લાઈનની સમાંતર એક વધારાની રેલવે લાઈન બિછાવી, તેના પર નિયમિત રીતે ડેમુ (ડીઝલ-ઇલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ) અને મેમુ ( મેઇનલાઇન ઇલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ) રેલવે સેવાઓ શરૂ કરાય જેથી આ વિસ્તારમાં સતત વધતા ઔદ્યોગિક કામદારોને લાભ મળી શકે. આ ઉપરાંત કચ્છનું સીમાવર્તી ખાવડા જયારે સૌર ઊર્જા ક્ષેત્રનું ભારતનું મહત્ત્વનું મથક બની રહ્યું છે અને આ વિસ્તારમાં ૫૦,૦૦૦થી વધુ કામદારો ઔદ્યોગિક ક્ષેત્રમાં પ્રવેશ્યા છે, અને જયારે આ વિસ્તારમાં દિગજજ કોર્પોરેટ્સ દ્વારા બે લાખ કરોડનું રોકાણ કરવામાં આવી રહ્યું છે ત્યારે ભુજથી ખાવડા નવી રેલવે લાઈન બીછાવવાની કામગીરી ઝડપભેર પૂર્ણ કરવામાં આવે એવી પણ માગ કરાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ ઉપરાંત ભુજ-દિલ્હી અને ભુજ-મુંબઈ વચ્ચે વંદે ભારત સ્લીપર એક્સપ્રેસ સેવાઓ શરૂ કરાય જેથી મોટી સંખ્યામાં મુંબઈ અને અન્ય વિસ્તારોમાં રહેતા મૂળ કચ્છી પરિવારોને સુવિધા મળી રહે.

કચ્છમાં હજુ સુધી આંતરરાષ્ટ્રીય હવાઈમથક નથી ત્યારે કચ્છને સીધી હાઈસ્પીડ રેલ કનેક્ટિવિટીની તાત્કાલિક જરૂરત છે.

આ બેઠકમાં પશ્ચિમ રેલવે વિભાગના મેનેજર પ્રદીપ કુમારે આ માંગણીઓના સંદર્ભમાં એવું જણાવ્યું છે કે, આ અંગે એક વિગતવાર પ્રકલ્પ અહેવાલ (ડીટેઇલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ-) તૈયાર કરી દેવાયો છે જેને મંજૂરી માટે રેલવે બોર્ડ, નવી દિલ્હીને મોકલી આપવામાં આવ્યો છે. ■

# મહિસાગર અને કચ્છમાં લગ્ન મામલે થયેલા વિવાદમાં પરિવારના હાથે જ બેનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લગ્ન કોઈપણ પરિવાર માટે આનંદનો પ્રસંગ હોય છે, પરંતુ ગુજરાતમાં બનેલી બે અલગ અલગ ઘટનામાં લગ્ન મામલે થયેલા વિવાદ બે જણના મોતનું કારણ બન્યાં હતા. એક ઘટનામાં મહિસાગર જિલ્લાના સંતરામપુરમાં પિતાએ પુત્ર પર હિંસક હુમલો કરતા તેનું મોત નિપજ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૬ ફેબ્રુઆરીએ પિતા રમેશભાઈ સાથે પુત્રને વિવાદ થયો હતો. પિતા પુત્રના લગ્ન મામલે ગંભીર ન હોવાનો આક્ષેપ તેણે કરતા ઉશ્કેરાયેલા પિતાએ નજીકમાં પડેલી લાકડી પુત્રના માથાના ભાગે ફટકારી હતી. ગંભીર ઈજા થતાં પ્રકાશને પહેલા સ્થાનિક ત્યારબાદ ગોધરા અને ત્યારબાદ વડોદરા ખાતે સારવાર માટે ખસેડાયો હતો, જ્યાં આઠ દિવસ બાદ તેનું મોત થયું હતું. મૃતકના કાકા મોહનભાઈએ આ અંગે પોલીસ ફરિયાદ કરતા પોલીસે પિતાની ધરપકડ કરી આગળની કાર્યવાહી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તો બીજી એક ઘટના પૂર્વ કચ્છના ભચાઉ શહેરના હિંમતપુરા ફુલવાડી વિસ્તારમાં બની હતી. અહીં હીટ એન્ડ રનનો કિસ્સો હત્યામાં ફેરવાઈ ગયો હતો. મૃતક વિનોદ ઉર્ફે જીગર પ્રેમજી ચૌહાણ (કોલી)ના લગ્ન ૨૦૨૩માં શિલ્પા નામની યુવતી સાથે થયા હતા. જોકે શિલ્પાના પરિવારને આ લગ્ન મંજૂર ન હતાં. બુધવારે શિલ્પાનાં ભાઈ મેહુલ લાખા કોલીએ પગપાળા જઈ રહેલા બનેવી વિનોદ પર કાર ચડાવી દીધી હતી. વિનોદ ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યો હતો. અગાઉ હીટ એન્ડ રનનો લાગતો આ કેસ સીસીટીવી કેમેરા સહિતની તપાસની મદદથી હત્યામાં પરિણમ્યો હતો. મેહુલ સાથે અન્ય એક આરોપી પણ હતો. આ બન્નેની ટૂંક સમયમાં ધરપકડ કરી લેવાશે, તેમ ભચાઉ પોલીસે જણાવ્યું હતું. વિનોદ અને શિલ્પા છ મહિના પહેલા જ એક સંતાનના માતા-પિતા બન્યા હતા, પરંતુ સાળાને બનેવીનો જીવ લઈ લેતા બાળકે પિતાની છત્રછાયા ગુમાવી હતી. ■

# ત્રણ દાયકા અગાઉના ઘરેલુ હિંસાના કેસમાં પતિ અને બે નણંદને ત્રણ વર્ષની જેલ ફટકારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઘરેલુ હિંસાના ૩૦ વર્ષ જૂના કેસમાં અમદાવાદ કોર્ટે પતિ અને બે નણંદને ત્રણ વર્ષની જેલની સજા સંભળાવી હતી. આ ચુકાદા સમયે કોર્ટે કરેલા અવલોકનો મહત્ત્વના છે.

૧૯૯૬માં પત્નીએ પતિ અને સાસરિયાં સામે હેરાનગતિ અને ઘરેલુ હિંસાનો કેસ દાખલ કર્યો હતો. મહિલાનાં લગ્ન ૧૯૯૩માં થયાં હતાં અને ૧૯૯૬માં જ તેણે છૂટાછેડા પણ લીધા હતા. આ સમયે તેમને ૨ વર્ષનો પુત્ર પણ હતો. જોકે ફરિયાદી મહિલાનું ૨૦૨૫માં મૃત્યુ થઈ ગયું હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

સજા ફટકારતી વખતે, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસે જણાવ્યું હતું કે આ કેસમાં સજા બે પેઢીઓને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખી થવી જોઈએ.

મહિલાએ સહકારી બેંકની નોકરીથી મળતા પગારને કારણે વારંવાર થતી હેરાનગતિથી કંટાળી પતિનું ઘર છોડી દીધું હતું. તેણે પતિ અને સાસરિયાઓ વિરુદ્ધ કલમ ૪૯૮(એ), ૩૨૩ અને આઈપીસીની કલમો હેઠળ એફઆઈઆર નોંધાવી હતી. મહિલાની ફરિયાદનાં ત્રણ દાયકા અને ટ્રાયલના ૨૯ વર્ષ પછી, કોર્ટે તેની જુબાની વિશે કહ્યું હતું કે ફરિયાદ અને ફરિયાદીની જુબાનીને ધ્યાનમાં લેતા, આ કોર્ટ માને છે કે ફરિયાદીનાં પુરાવા સંપૂર્ણપણે વિશ્વસનીય છે અને તેને અન્ય સાક્ષીઓના કોઈ સમર્થનની જરૂર નથી.અહેવાલ અનુસાર સજા અંગે કોર્ટે કહ્યું હતું કે પીડિતાએ પોતાનું આખું જીવન આ કાનૂની લડાઈ લડવામાં વિતાવ્યું. તે તેનાં ગુનેગારને સજા થતી જોયા વિના, ન્યાય મળ્યાના સંતોષ વિના જ મૃત્યુ પામી. જો હળવી સજા આપવામાં આવે છે, તો તે તેની સ્મૃતિ સાથે હજુ એક વધારાનો વિશ્વાસઘાત થશે. કોર્ટે એમ પણ કહ્યું કે ગુનાની ગંભીરતાને સમજવા માટે, કોર્ટે ૧૯૯૬માં પાછા જોવું પડશે. પીડિતા માત્ર એક મહિલા નહોતી, તે ૨ વર્ષનાં બાળકની માતા પણ હતી.

કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, મહિલા જ્યારે શારીરિક અને ભાવનાત્મક રીતે સંવેદનશીલ હતી ત્યારે આરોપીઓએ તેની સામે આઈપીસી કલમ ૩૨૩ અને ૪૯૮ (અ) હેઠળ ગુનાઓ કર્યા હતા, જ્યારે તે તેના નાનાં બાળકનો ઉછેર કરી રહી હતી, ત્યારે તેને જાણી જોઈને અપમાનિત અને હેરાન કરવામાં આવી હતી. તેનું બાળક જે તે સમયે બે વર્ષનું હતું, તે હાલમાં પુખ્ત વયનો થઈ ગયો છે. તેણે પોતાની માતાને ત્રણ દાયકા સુધી ન્યાય માટે સંઘર્ષ કરતા જોઈ. આથી સજા ૨ પેઢીઓને થયેલા નુકસાનને ધ્યાનમાં રાખી આપવી જોઈએ. જો કોર્ટ માત્ર નજીવી સજા અથવા પ્રોબેશન આપે, તો એમ સાબિત થશે કે આરોપી ફરિયાદીને થકાવીને કે કેસને લાંબો ખેંચીને પણ જીતી શકે છે. આ પ્રકારનું ઉદાહરણ જોખમી સાબિત થઈ શકે છે, તેમ કોર્ટે નોંધ્યું હતું. ■

# માવઠાથી અસરગ્રસ્ત ૩૦.૫૫ લાખ ખેડૂતને ₹ ૮,૭૪૦ કરોડની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ઑક્ટોબર, નવેમ્બર મહિનામાં આવેલા કમોસમી વરસાદે ખેડૂતોનું પારાવાર નુકસા કર્યું હતું. આ સમયે સરકારે ખેડૂતોને મદદની જાહેરાત કરી હતી. આ અનુસંધાનમાં ગુજરાત વિધાનસભા સત્ર દરમિયાન રાજ્યના ખેડૂતોને ચૂકવવામાં આવેલી સહાય અંગે માહિતી આપતા કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાન સંદર્ભે રાજ્યભરમાંથી અંદાજે ૩૦.૭૧ લાખ જેટલા ખેડૂતે અરજી કરી હતી. જેમાંથી અત્યાર સુધીમાં અંદાજે ૩૦.૫૫ લાખ ખેડૂતને રૂ. ૮,૭૪૦ કરોડથી વધુની સહાયની રકમ ચૂકવી દેવામાં આવી છે, જ્યારે બાકી રહેલી ટેકનિકલ ખામીવાળી અરજીઓની પૂર્તતા થતાં જ તેમને પણ તુરંત સહાયની ચૂકવણી કરવામાં આવશે. વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં થયેલી અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદ સામે ખેડૂતોને આર્થિક મદદ મળી રહે તે માટે રાજ્ય સરકારે રૂ. ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે, જે અત્યાર સુધીનું સૌથી મોટું પેકેજ છે. વધુમાં, સામાન્ય રીતે નુકસાનીના આંકલનમાં મહિનાઓ નીકળી જતા હોય છે. હેક્ટર દીઠ સહાય વિશે જણાવતા વાઘાણીએ કહ્યું હતું કે, ખરીફ ઋતુના વાવેતરમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે એસડીઆરએના નોર્મ્સ મુજબ રૂ. ૮,૫૦૦ની સહાય તેમજ રાજ્ય બજેટ હેઠળ વધારાની રૂ. ૧૩,૫૦૦ એમ કુલ રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવી છે. ■

# સિમ બાઈન્ડિંગઃ માર્ચથી વૉટ્સઍપ અને ટેલિગ્રામનો ઉપયોગ પર બંધનો આવશે

નવી દિલ્હીઃ ભારતમાં સિમ બાઈન્ડિંગ નિયમ અમલી બનવા જઈ રહ્યો છે. સરકારના આ પગલાંથી મોટે ભાગે વૉટ્સઍપના વપરાશકર્તાઓ જ પ્રભાવિત થશે. જોકે નવો નિયમ માત્ર વૉટ્સઍપ કે ટેલિગ્રામ માટે જ નથી. આ નિયમને કારણે મોબાઈલ ફોનથી ચાલતી તમામ ઍપ્સ પ્રભાવિત થશે- ખાસ કરીને મેસેજિંગ ઍપ્સ. આ નિયમ સંપૂર્ણ ડિજિટલ કમ્યુનિકેશન સિસ્ટમને પ્રભાવિત કરી શકે છે.

સિમ બાઈન્ડિંગને લઈને હવે ચિત્ર વધુ સ્પષ્ટ થઈ રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે.

એક અહેવાલ મુજબ કેન્દ્ર સરકારે એ સ્પષ્ટ કરી દીધું છે કે મેસેજિંગ ઍપ્સ માટે સિમ સાથે અકાઉન્ટને જોડવું અનિવાર્ય હશે અને એમાં કોઈપણ પ્રકારની રાહત આપવાનો હાલ ઈરાદો નથી.

પહેલી માર્ચની સમયમર્યાદાને લઈને પણ સરકાર કડક વલણ અપનાવતી દેખાઈ રહી છે. દૂરસંચાર વિભાગ એટલે કે ડૉટ એ ઓટીટી ઍપ્સને સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે યુઝરનું અકાઉન્ટ સિમ સાથે જોડાયેલું હોવું જોઈએ.

મતલબ કે વૉટ્સઍપ કે ટેલિગ્રામ રજિસ્ટર હોય એ સિમ જો ફોનમાં નહીં હોય તો ઍપનો વપરાશ સીમિત કે બંધ પણ થઈ શકે છે. ભારતમાં વૉટ્સઍપના સૌથી વધુ વપરાશકર્તા છે જે અલગ અલગ ડિવાઈસ પર એક જ નંબર ધરાવતા વૉટ્સઍપનો ઉપયોગ કરે છે.

આ પરિસ્થિતિમાં કરોડો યુઝર્સ માટે વૉટ્સઍપ કામ નહીં કરે જેમણે એક જ અકાઉન્ટને અલગ અલગ ડિવાઈસ પર એક્ટિવ કરી રાખ્યું છે. ■



**નારીશક્તિ :** રાજસ્થાનના જેસલમેરમાં ભારત-પાકિસ્તાન સરહદની નજીક વાયુશક્તિ કવાયતમાં ભારતીય હવાઈ દળના ચિનૂક હેલિકૉપ્ટરની ઉડાનમાં રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ ભાગ લીધો હતો (એજન્સી)

## અમેરિકાની એલચી કચેરીએ નોન-ઈમર્જન્સી સ્ટાફને ઈઝરાયલ છોડવા કહ્યું

જેરુસલેમઃ અમેરિકાની એલચી કચેરીએ તેના લોકોને ફ્લાઈટ ઉપલબ્ધ છે ત્યારે ઈઝરાયલ છોડવાની સલાહ આપી છે. અમેરિકાની એલચી કચેરીએ કહ્યું હતું કે તે તેના આવશ્યક ન હોય એવા નોન-ઈમર્જન્સી કર્મચારીઓ અને તેમના કુટુંબોને સુરક્ષાનો ભય હોવાથી ઈઝરાયલ છોડવાની છૂટ આપે છે.

એલચી કચેરીએ વેબસાઈટ પર મૂકેલા નિવેદન પ્રમાણે ફ્લાઈટ ઉપલબ્ધ છે ત્યારે લોકોને ઈઝરાયલ છોડવાની સલાહ આપી હતી. વિદેશ મંત્રાલયે ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬એ સુરક્ષાના ભયને લીધે આવશ્યક ન હોય એવા કર્મચારીઓ અને અમેરિકાની સરકારના કર્મચારીના કુટંબીજનોને ઈઝરાયલ છોડવાની સલાહ આપવામાં આવી છે. લોકો કમર્શિયલ ફ્લાઈટ ઉપલબ્ધ છે ત્યારે ઈઝરાયલ છોડવાનું વિચારી શકે.

એલચી કચેરી સુરક્ષાનું જોખમ કેવા પ્રકારનું છે એનો ખુલાસો કર્યો નહોતો. આ અઠવાડિયે અમેરિકાએ બૈરુતમાંથી તેના કર્મચારીઓને વતન જતા રહેવાની સલાહ આપી હતી. ■

## લોકસભાને કાયદો ઘડવાનો વિશેષાધિકાર છેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું હતું કે લોકસભાને કાયદો ઘડવાનો સંપૂર્ણ વિશેષાધિકાર છે અને કેન્દ્ર સરકારે કોર્ટ સમક્ષ લીધેલાં સોગંદ તેને બંધનકર્તા નથી. ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૧૫૨ની યોગ્યતા અંગે સવાલ ઉઠાવતી અરજીની સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બનેલી ખંડપીઠે આ નીરિક્ષણ કર્યું હતું. બીએનએસની કલમ ૧૫૨ દેશની એકતા, અખંડિતતા અને સ્વાયત્તાતા સામે ઊભાં થતાં જોખમ સાથે કામ પાર પાડે છે. અરજકર્તા વતી ઉપસ્થિત રહેલા એક વકીલે કહ્યું હતું કે કલમ ૧૫૨ આઈપીસીની કલમ ૧૨૪એ (રાજદ્રોહ)ને રિઈન્ટ્રોડ્યુસ કરે છે. મે ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશની બનેલી ખંડપીઠે રાજદ્રોહ સંબંધિત વસાહતી યુગના દંડાત્મક કાયદાની સરકારની સમિતિ ફેરચકાસણી ન કરે ત્યાં સુધી તેનાં પર સ્ટે આપ્યો હતો અને ગુનાને મામલે નવી એફઆઈઆર દાખલ ન કરવાનો કેન્દ્ર અને રાજ્ય સરકારને આદેશ આપ્યો હતો. વર્ષ ૨૦૨૨માં કેન્દ્ર સરકારે અમે રાજદ્રોહના કાયદાની સમીક્ષા કરીશું એવી બાંયધરી આપી હોવાનું તેમણે કહ્યું હતું. કોર્ટ સમક્ષ બાંયધરી આપ્યા બાદ સરકાર બીએનએસમાં આ જોગવાઈ રિઈન્ટ્રોડ્યુસ ન કરી શકે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## વૉટ્સઍપ ખોટકાયુંઃ પોતાની મેળે જ લૉગઆઉટ થઈ જવાની સમસ્યા

નવી દિલ્હીઃ વૉટસઍપ વેબ વર્ઝનમાં ભારત સહિત દુનિયાભરના યુઝર્સને લૉગઈન લૉગઆઉટની સમસ્યા નડી રહી હોવાની ફરિયાદ કરી હતી. વૉટસઍપ વેબ વર્ઝનમાં ભારતીય યુઝર્સને સ્ટેટ્સ ચેક કરવાની મુશ્કેલી પડી રહી છે. શુક્રવારે સવારે નવ વાગ્યાથી લઈને અત્યાર સુધીમાં પોતાની મેળે જ લૉગઆઉટ થઈ જવાની સમસ્યા નડી રહી હોવાનું જણાવ્યું હતું. વૉટસઍપ મોબાઈલ એપ્લિકેશનમાં પણ અમુક પ્રકારની મુશ્કેલી પડી રહી છે, જ્યારે તેના વૈકલ્પિક વપરાશ માટે લોકો મેટાના ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. વેબસાઈટ અને સર્વિસીસ ટ્રેક કરનારી વેબસાઈટ ડાઉનડિટેક્ટરના અનુસાર ૬૪ ટકા યૂઝર્સ વોટસએપ વેબમાં મુશ્કેલી પડી રહી છે. વોટસએપની સમસ્યાને કારણે અમુક યુઝર્સે સોશ્યલ મીડિયાના અગ્રણી પ્લેટફોર્મ એક્સ, ઈન્સ્ટાગ્રામ, રેડિટ પર પણ વોટસએપ વેબની ફરિયાદ કરી હતી, જેમાં યુઝર્સે લખ્યું હતું કે વોટ્સએપ વેબમાં લોગઈન કરવાની મુશ્કેલી પડી રહી છે. બીજી બાજુ અમુક આઈફોન યુઝર્સે કહ્યું હતું કે વૉટસઍપ વેબમાં તેમના મેસેજ સિંક થઈ રહ્યા નથી. એના સિવાય અમુક યુઝર્સે વૉટસઍપ વેબમાં સ્ટેટસ ચેક કરવાની મુશ્કેલી પડી રહી હોવાની ફરિયાદ કરી હતી. ■

## સમીર વાનખેડે સામે શિસ્તનાં પગલાં લેવાની હાઈ કોર્ટની છૂટ

નવી દિલ્હીઃ દિલ્હી હાઈ કોર્ટે શુક્રવારે ૨૦૨૧ના કોર્ડેલિયા ક્રૂઝ ડ્રગ્સ કેસમાં ઈન્ડિયન રેવેન્યુ સર્વિસ (આઈઆરએસ)ના ઑફિસર સમીર વાનખેડે સામે શિસ્તની કાર્યવાહી ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. જસ્ટિસ અનિલ ક્ષેત્રપાલ અને જસ્ટિસ અમિત મહાજનની બનેલી બેન્ચે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (સીએટી)એ આપેલા હુકમને રદ કર્યો હતો. ટ્રિબ્યુનલે આ બાબતમાં વાનખેડે સામે શિસ્તની કાર્યવાહી રદ કરી હતી. બેન્ચે ચુકાદો આપતા કહ્યું હતું કે કેન્દ્ર સરકારની પિટિશનને અમે માન્ય રાખીએ છીએ. સેન્ટ્રલ બોર્ડ ઑફ ઈનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સે ૧૮ ઑગસ્ટ, ૨૦૨૫એ વાનખેડે સામે બહાર પાડેલા 'ચાર્જ મેમોરેન્ડમ'ને કેટે રદ કર્યું હતું.

વાનખેડે ૨૦૦૮ના બેચના અધિકારી છે. વાનખેડેએ ૨૦૨૧માં નાર્કોટિક્સ કંટ્રોલ બોર્ડ, મુંબઈના કાર્યભાર વખતે શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનને કોર્ડેલિયા ક્રૂઝ ડ્રગ્સ કેસમાં ગુનેગાર બનાવાની ધમકી આપીને બૉલિવૂડના એક્ટર શાહરૂખ ખાનના કુટુંબ પાસે ૨૫ કરોડ રૂપિયાની લાંચ માગી હોવાનું કહેવાય છે. (એજન્સી) ■

## 'ડૉલ્ફિન હન્ટર' યુદ્ધજહાજ 'અંજદીપ' નેવીમાં જોડાયું

ચેન્નઈઃ ઍન્ટિ સબમરિન યુદ્ધ અને સમુદ્રના કિનારા વિસ્તાર પર ચાંપતી નજર રાખવાની ક્ષમતા વધારવા ભારતીય નૌકાદળે શુક્રવારે આઈએનએસ અંજદીપ જહાજને તરતું મૂક્યું હતું. ચીફ ઑફ નેવલ સ્ટાફ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ ચેન્નઈ બંદરેથી આ જહાજને તરતું મૂક્યું હતું.

ઍન્ટિ-સબમરીન વૉરફેર શૅલો વૉટર ક્રાફ્ટ પ્રોજેક્ટ અંતર્ગત આ ત્રીજું જહાજ તૈયાર કરવામાં આવ્યું હતું. આ જહાજ ઍન્ટિ-સબમરીન ઉપકરણો, સેન્સર, ટોર્પિડો અને એએસડબ્લ્યુ રૉકેટ વગેરેથી સજ્જ છે.

'ડૉલ્ફિન હન્ટર' તરીકે જાણીતું આ જહાજ દુશ્મનોની સબમરીનોને શોધી કાઢી, તેનો પીછો અને નાશ કરવાનું કામ કરશે. (એજન્સી) ■

## શાંતિ ધારાને પડકાર એ દેશ હિત અને કાલ્પનિક નુકસાન વચ્ચેનો વિવાદઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ સસ્ટેનેબલ હાર્નેસિંગ ઍન્ડ એડવાન્સમેન્ટ ઑફ ન્યુક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (ભારતના રૂપાતંર માટે ટકાઉ અણુ ઊર્જા દોહન અને વિકાસ, શાંતિ) કાયદોની અનેક જોગવાઈને પડકારતી અરજી સાંભળવા સુપ્રીમ કોર્ટ તૈયાર થઈ હતી સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે મુખ્ય વિવાદ વાસ્તવિક, દેખીતો અને સ્પષ્ટ રાષ્ટ્રીય હિત વિરુદ્ધ કમનસીબ કાલ્પનિક નુકસાનનો છે.

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે આ બાબતને 'અતિશય સંવેદનશીલ' ગણાવી હતી અને આની વિગતવાર સુનાવણીની જરૂર છે એમ કહ્યું હતું. તેમણે અરજદારોને બીજા દેશના નિયામક યંત્રણાનો તુલનાત્મક અભ્યાસ બેન્ચને હોળી પછી આપવા કહ્યું હતું.

ભૂતપૂર્વ અમલદાર ઈએએસ સર્માની આગેવાની હેઠળના પ્રોફેસર અને વિજ્ઞાની અરજદારો વતી દલીલ કરતાં ઍડવોકેટ પ્રશાંત ભૂષણે દલીલ કરી હતી કે ૨૦૨૫નો કાયદો કલમ ૧૪, ૧૯ અને ૨૧ હેઠળના મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે. તેમણે ઍડવોકેટ નેહા રાથી સાથે એવી દલીલ કરી હતી કે શાંતિ ધારાએ ન્યુક્લિયર લાયેબિલિટી ઍક્ટ -૨૦૧૦નું સ્થાન લીધું છે. નવો કાયદો ખાનગી કંપનીને સિવિલ અણુ પ્લાન્ટ સ્થાપવાની છૂટ આપે છે. પરંતુ નવો કાયદો અણુ અકસ્માતો થાય તો ખાનગી કંપનીની જવાબદારી ૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધારે ન હોવાની છૂટ આપે છે. જોકે અણુ દુર્ઘટનામાં નુકસાન દસ લાખ કરોડ રૂપિયાથી વધારે હોય છે. ૧૯૮૬માં ચેર્નોબીલ અણુ ઊર્જા પ્લાન્ટમાં દુર્ઘટના અને જાપાનમાં ફુકુશિમા અણુ ઊર્જા પ્લાન્ટની દુર્ઘટનામાં નુકસાન દસ લાખ કરોડ રૂપિયાથી વધારે હતું. ભુષણે કહ્યું હતું કે આ કાયદો ૧૯૮૭માં ઓલેમ ગૅસ લીક કેસમાં સર્વોચ્ચ અદાલતે ખતરનાક ઉદ્યોગોમાં નિરપેક્ષ લાયેબિલિટીનો સિદ્ધાંત નક્કી કર્યો હતો એની વિરુદ્ધનો છે.

મુખ્ય ન્યામૂર્તિએ કહ્યું હતું કે ભારત પાસે ઊર્જાના પૂરતાં સાધનો નથી. વિકાસ અને પૂરતી સાવચેતી વચ્ચે સમતુલા સ્થાપવી જોઈએ. સૂર્યકાંતે કહ્યું હતું કે તમે કોલસા આધરિત પાવર પ્લાન્ટની છૂટ નથી આપતા. વન સાથે સમાધાન ન કરી શકાય. આપણી પાસે ગૅસ નથી. આપણે ક્યાં જઈશું ? (એજન્સી) ■

## સ્વામી અવિમુક્તેશ્વરાનંદની ધરપકડ પર હાઈ કૉર્ટે સ્ટે આપ્યો

પ્રયાગરાજઃ જાતીય સતામણીનાં આરોપોનો સામનો કરી રહેલા અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને અલહાબાદ હાઈકોર્ટે રાહત આપી છે, કોર્ટે તેમની ધરપકડ પર રોક લગાવી છે. હાઈકોર્ટે અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીની આગોતરા જામીન અરજી પર સુનાવણી કર્યા બાદ પોતાનો આદેશ અનામત રાખ્યો છે, આ સાથે હાઈ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે અંતિમ આદેશ જાહેર કરવામાં ન આવે, ત્યાં સુધી તેમની ધરપકડ નહીં થઇ શકે.

ઉત્તર પ્રદેશના ઝુંસી પોલીસ સ્ટેશનમાં સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામે સગીરોના જાતીય શોષણના આરોપ સાથે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે તેમની વિરુદ્ધ અધિનિયમની જોગવાઈઓ અને ભારતીય ન્યાય સંહિતાની કેટલીક સંબંધિત કલમો હેઠળ કેસ નોંધ્યો હતો. તેમના એક શિષ્ય સામે પણ કેસ નોંધવામાં આવ્યો છે.

સ્વામી અવિમુક્તેશ્વરાનંદે તમામ આરોપો નકારી કાઢ્યા છે, તેમને આ કેસ બનાવટી ગણાવ્યો અને તેમને બદનામ કરવાનો પ્રયાસ ગણાવ્યો છે. તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સત્ય બહાર લાવવા તેઓ તેઓ નાર્કો ટેસ્ટ માટે તૈયાર છે.

ધરપકડથી બચવા સ્વામી અવિમુક્તેશ્વરાનંદ અને તેમના એક શિષ્યએ હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આદેશ અનામત રાખ્યો હતો, આ સાથે ધરપકડ પર પણ રોક લગાવી હતી. ■

## આનંદ પંડિત - સ્થાપત્ય, સિનેમા અને સમાજસેવા-ત્રિવેણી સંગમ



મુંબઈઃ આનંદ પંડિત - લોટસ ડેવલપર્સના પ્રેરક શક્તિરૂપ સ્થાપક - અવિરત મહેનત, પ્રામાણિકતા, દૃષ્ટિ અને દૃઢ નિશ્ચયનું જીવંત ઉદાહરણ છે. એક સાહસિક સપનાથી શરૂ થયેલી તેમની સફર આજે મુંબઈના પ્રતિષ્ઠિત રિયલ એસ્ટેટ બ્રાન્ડ તરીકે વિકસિત થઈ છે.

મહત્ત્વપૂર્ણ સિદ્ધિરૂપે લોટસ ડેવલપર્સ હવે પબ્લિક લિમિટેડ કંપની તરીકે રૂપાંતરિત થઈ છે જે પારદર્શિતા, સંરચિત વિકાસ અને વિસ્તૃત દિશામાં આગળ વધવાનો નવો અધ્યાય છે. આંતરાષ્ટ્રીય ધોરણના નિવાસ અને વ્યાવસાયિક પ્રોજેક્ટ્સ ઊભા કરવાની તેમની દૃષ્ટિ શહેરજીવનને નવી ઓળખ આપી રહી છે અને હવે કંપની પોતાનું કાર્યક્ષેત્ર વધુ વિસ્તારી રહી છે.

આનંદ પંડિત માત્ર વ્યવસાય ઊભો કરતા નથી તેઓ એક દીર્ઘકાલીન વારસો રચી રહ્યા છે. રિયલ એસ્ટેટ ઉપરાંત, આનંદ પંડિતે મનોરંજન જગતમાં પણ પોતાની મજબૂત ઓળખ બનાવી છે. ફાઇનાન્સર, ડિસ્ટ્રિબ્યૂટર અને પ્રોડ્યુસર તરીકે તેમણે હિન્દી, મરાઠી, ગુજરાતી અને પંજાબી ફિલ્મોમાં સફળ પ્રોજેક્ટ્સ આપ્યા છે અને હવે તેલુગુ, તમિલ, મલયાલમ અને કન્નડ ફિલ્મ ઉદ્યોગમાં પણ પ્રવેશ કરી રહ્યા છે તેમની સર્જનાત્મક દૃષ્ટિને સમગ્ર ભારત સુધી પહોંચાડતા. તેમની સફર માત્ર વ્યવસાય પૂરતી સીમિત નથી.

તેઓ સ્વાસ્થ્ય અને ફિટનેસ પ્રત્યે ખૂબ જ પ્રતિબદ્ધ છે. ૧ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાનારી Lotus Developers Juhu Half Marathon તેમના સ્વસ્થ સમાજના દૃષ્ટિકોણનું પ્રતિબિંબ છે. તેઓ પોતે ઉત્સાહી સાઈકલિસ્ટ છે અને દર વર્ષે ભારત તથા વિદેશમાં સાઈકલિંગ અભિયાનમાં ભાગ લે છે. ■

## જયલલિતાના વિશ્વાસુ સાથી પન્નીરસેલ્વમ ડીએમકેમાં જોડાયા

ચેન્નઇઃ એઆઇએડીએમકેના ત્રણ વખત મુખ્ય પ્રધાન રહી ચૂકેલા ઓ. પન્નીરસેલ્વમ શુક્રવારે ડીએમકે પ્રમુખ અને તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિનની હાજરીમાં પાર્ટીમાં જોડાયા હતા. વર્ષ ૨૦૨૨માં એઆઇએડીએમકેમાંથી હાંકી કાઢવામાં આવ્યા તે પહેલા તેઓ પાર્ટીના ટોચના હોદ્દાઓ પર હતા. તમિળનાડુ વિધાનસભા ચૂંટણી પહેલા શાસક પક્ષ માટે આને મોટી રાહત મનાઇ રહી છે.

દિવંગત એઆઇએડીએમકે સુપ્રીમો જે જયલલિતાના વિશ્વાસુ ગણાતા ઓટ્ટાકારા થેવર પન્નીરસેલ્વમ ત્રણ વર્ષથી વધુ સમય સુધી તેમના મૂળ પક્ષમાં પાછા ફરવાના નિષ્ફળ પ્રયાસ કર્યા બાદ કટ્ટર હરીફ ડીએમકેમાં જોડાયા છે. પન્નીસેલ્વમ ઓપીએસ તરીકે જાણીતા છે.

૭૫ વર્ષીય ઓપીએસ પ્રભાવશાળી મુક્કુલાથોર સમુદાયનો જાણીતો ચહેરો છે. તેમણે એઆઇએડીએમકેના ખજાનચી તરીકે સેવા આપી હતી અને અગાઉ પાર્ટી સંયોજકનું ટોચનું પદ પણ સંભાળ્યું હતું. તેઓ તેમના પુત્ર પી. રવિન્દ્રનાથ કુમાર અને સમર્થકો સાથે ડીએમકેમાં જોડાયા છે. ઓપીએસના ડીએમકેમાં જોડાવાથી દક્ષિણ જિલ્લાઓમાં શાસક પક્ષ વધુ મજબૂત થશે. ■
























# અસરગ્રસ્તો માટે ‘એસઆરએ’ના સસ્તા ફ્લેટ નહીં લેતા સુધરાઈ ખાનગી બિલ્ડરના મોંઘા ફ્લેટ ખરીદતી હોવાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા પ્રોજેક્ટ અસરગ્રસ્તો માટે આવશ્યક ફ્લેટ ‘એસઆરએ’ ઓથોરિટી પાસે ૧૨.૫૦ લાખમાં ફ્લેટ ઉપલબ્ધ હોવા છતાં તેમની પાસેથી નહીં લેતા ખાનગી ડેવલપરને પોતાની જગ્યા ઉપલબ્ધ કરી કરોડ રૂપિયા ખર્ચીને મોંઘા દરના પ્લેટ ખરીદી કરી રહી હોવાનો દાવો કૉંગ્રેસે શુક્રવારે પાલિકાની સુધાર સમિતિમાં કર્યો હતો.

મુંબઈમાં અનેક જગ્યાએ વિકાસને લગતા કામ ચાલી રહ્યા છે, જેમાં અસરગ્રસ્તોને પાલિકા દ્વારા ઘર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જોકે હાલની પરિસ્થિતિમાં પાલિકા પાસે ઘર ઉપલબ્ધ નથી. તેથી પાલિકા પોતાના પ્લોટ ખાનગી ડેવલપરોને બિલ્ડિંગ બાંધવા માટે આપી રહી છે. આ પ્લોટ ઉપલબ્ધ થયા બાદ તેની પાછળનો ખર્ચ ૮૦ લાખ કે તેનાથી પણ વધુ થઈ રહ્યો છે ત્યારે આટલા મોંઘા ઘર પાલિકા શા માટે ખરીદી કરી રહી છે એવો સવાલ કૉંગ્રેસની નગરસેવિકા અને સુધાર સમિતિની સભ્ય મેહેર હૈદરે કર્યો હતો.

પાલિકાને પ્રોજેક્ટ અસરગ્રસ્ત માટે હજારો ઘરની આવશ્યકતા છે પણ તે ઉપલબ્ધ નહીં હોવાથી પ્રોજેક્ટને અસર થઈ રહી છે. પાલિકાને એસઆરએ ઓથોરિટી પાસેથી સસ્તા ઘર મળી શકે છે અને તેમની પાસેથી પાલિકા લઈ શકે છે, ત્યારે તેને બદલે તેઓ પોતાનો પ્લોટ ડેવલપરને આપે છે. અંધેરી પરિસરમાં અસરગ્રસ્તો માટે એક ઘર બાંધવા પાછળ ૮૦ લાખનો ખર્ચ થઈ રહ્યો છે ત્યારે પાલિકા આવા ખોટા ખર્ચ શા માટે કરી રહી હોવાનો સવાલ સભ્યોએ સુધાર સમિતિમાં કર્યો હતો. પ્રશાસન તરફથી જોઈન્ટ કમિશનર સંજોગ કબરેએ અસરગ્રસ્તોને ઘર ઉપલબ્ધ કરાવવા મુદ્દે એસઆરએ ઓથોરિટી સાથે પત્રવ્યવહાર કરીને માહિતી મેળવશે એવું કહ્યું હતું. ■

# એનએમએમટીના કાફલામાં ૧૫૦ નવી બસ

નવી મુંબઈઃ નવી મુંબઈના રહેવાસીઓનો પ્રવાસ સરળ અને આરામદાયક બનાવવા માર્ચ મહિનાના અંત સુધીમાં નવી મુંબઈ ટ્રાન્સપોર્ટ ઉપક્રમ (એનએમએમટી)ના કાફલામાં ૧૫૦ નવી બસ સામેલ કરવામાં આવશે. વિશેષમાં આ બસ સીએનજી પર દોડશે. નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના પરિવહન ઉપક્રમ પાસે હાલમાં ૫૦૦ બસ છે. તેમાંથી ૪૦૦ થી ૪૨૫ બસ મુસાફરોને સેવા આપે છે. જોકે મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને આ બસો અપૂરતી બની રહી છે. પરિવહન ઉપક્રમને ૪૦૦ વધુ બસોની જરૂર છે. ■

# ‘બાલભારતી’ પાઠ્યપુસ્તકો ઓળખવા માટે જાગૃતિ અભિયાન

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર આગામી શૈક્ષણિક વર્ષથી એક જાગૃતિ અભિયાન શરૂ કરશે જેથી લોકોને તેની સત્તાવાર એજન્સી ‘બાલભારતી’ દ્વારા પ્રકાશિત અસલી પાઠ્યપુસ્તકો ઓળખવામાં મદદ મળે, એમ રાજ્યના એક પ્રધાને શુક્રવારે રાજ્ય વિધાનસભામાં જણાવ્યું હતું.

નીચલા ગૃહમાં પ્રશ્નકાળ દરમિયાન લેખિત જવાબમાં, શાળા શિક્ષણ ખાતાના પ્રધાન દાદાજી ભૂસેએ જણાવ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૫માં નાગપુર જિલ્લામાં એક ખાનગી પ્રિન્ટિંગ પ્રેસમાંથી બાલભારતી દ્વારા ડિઝાઇન અને પ્રકાશિત પાઠ્યપુસ્તકોની ૨૦,૦૦૦ થી વધુ નકલી નકલો જપ્ત કરવામાં આવી હતી.

તેમણે કહ્યું કે નાગપુરના હિંગણા એમઆઈડીસી વિસ્તારમાં પ્રેસની તપાસ દરમિયાન ધોરણ ૯ થી ૧૨ માટે પાઠ્યપુસ્તકોના ગેરકાયદે છાપકામની ઘટના પ્રકાશમાં આવી હતી. મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક ઉત્પાદન અને અભ્યાસક્રમ સંશોધન બ્યુરો અથવા બાલભારતીના અધિકારીઓએ સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું, જેના પગલે સંબંધિત વ્યક્તિઓ સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું. પ્રિન્ટિંગ પ્રેસના માલિકની ધરપકડ કરવામાં આવી હતી અને નકલી પુસ્તકોનો સ્ટોક જપ્ત કરવામાં આવ્યો હતો, એમ તેમણે જવાબમાં ઉમેર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સરકારે રાજ્યભરના તેના પ્રાદેશિક અધિકારીઓને આવી ગેરકાયદે પ્રવૃત્તિઓને રોકવા માટે જ્યાં જરૂર હોય ત્યાં ખાનગી પ્રિન્ટિંગ પ્રેસનું નિરીક્ષણ કરવા તાકીદ કરી છે. ■

# ઘોડબંદર રોડ પર પાણીની તંગી, બાંધકામ મંજૂરી બંધ કરોઃ થાણેના કોર્પોરેટર

થાણેઃ ભાજપના કોર્પોરેટર મનોહર ડુંબરેએ શુક્રવારે જણાવ્યું હતું કે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને ઘોડબંદર રોડ વિસ્તારમાં બાંધકામ પરવાનગી આપવાનું બંધ કરવું જોઈએ કારણ કે આ વિસ્તારના રહેવાસીઓ પાણીની તીવ્ર તંગીનો સામનો કરી રહ્યા છે. થાણે મ્યુનિસિપલ ચીફ સૌરભ રાવને લખેલા પત્રમાં, કોર્પોરેટરે જણાવ્યું હતું કે આ મુદ્દો જાહેર હિત તરફ દોરી શકે છે કારણ કે માજીવાડા-માનપાડા વોર્ડનો ભાગ, શહેરમાં સૌથી વધુ મિલકત કર વસૂલ કરી આપે છે.

‘ઉનાળાની ટોચ પહેલા જ આ વિસ્તાર પાણીની તીવ્ર તંગીનો સામનો કરી રહ્યો છે. દરેક ઇમારતના નાગરિકોને ટેન્કરનું પાણી ખરીદવાની ફરજ પડી રહી છે. ■

# પોલીસ ભરતી માટે આવેલા ઉમેદવારોને રસ્તા પર સૂવાનો વારો



ભાયંદરઃ મીરા ભાઈંદરમાં પોલીસ ભરતી માટે આવતા ઉમેદવારો માટે રહેવાની કામચલાઉ વ્યવસ્થા કરવા માટે નવનિર્વાચિત મેયરે પ્રશાસનને સૂચના આપી હતી. જોકે એક અઠવાડિયું વીતી ગયા પછી પણ પ્રશાસન દ્વારા કોઈ પગલાં લેવામાં આવ્યા ન હોવાથી ઉમેદવારોને લાચારીવશ જીવના જોખમે રસ્તા પર રાત વિતાવવી પડી હતી.

મીરા-ભાયંદર, વસઈ-વિરાર પોલીસ કમિશનરેટ હેઠળ પોલીસ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. તે મુજબ ઉમેદવારોની ફિઝિકલ ટેસ્ટ ભાયંદર પશ્ચિમના સુભાષચંદ્ર બોઝ મેદાન ખાતે લેવામાં આવી રહી છે. આ ભરતી પ્રક્રિયામાં રાજ્યભરમાંથી ઉમેદવારો સહભાગી થઈ રહ્યા હોવાથી, પરીક્ષા માટે આવેલા કેટલાક જરૂરિયાતમંદ ઉમેદવારોને રહેવા તેમજ ખાવા-પીવાની મોટી અસુવિધા થઈ રહી છે. પરિણામે શારીરિક કસોટી પૂર્ણ ન થાય ત્યાં સુધી બે-ત્રણ દિવસ આ ઉમેદવારો મેદાનની બહારના વિસ્તારમાં ધોમધખતા તડકામાં પડાવ નાખીને બેઠેલા જોવા મળ્યા હતા. કેટલીક સામાજિક સંસ્થાઓ દ્વારા તેમને ભોજન પૂરું પાડવામાં આવી રહ્યું હોવા છતાં રહેવાની સમસ્યા હજુ પણ કાયમ છે. પ્રશાસનને સૂચના આપ્યાના એક અઠવાડિયા પછી પણ ઉમેદવારોને હજુ પણ રસ્તાઓ પર સૂવું પડી રહ્યું છે. ■

# કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની મુંબઈ પહોંચ્યાઃ ભારતની મુલાકાત કેવી રીતે મહત્ત્વની?

મુંબઈઃ કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્ની અને તેમનું પ્રતિનિધિમંડળ શુક્રવારે ભારત આવી પહોંચ્યા હતા. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કાર્ની વડા પ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ૨૭ ફેબ્રુઆરીથી બીજી માર્ચ સુધી ભારતના પ્રવાસે છે. કેનેડાના વડા પ્રધાનની ભારત મુલાકાત બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોને પુનર્જીવિત કરવા માટે નક્કર પ્રયાસોનો સંકેત આપે છે. તેમજ દ્વિપક્ષીય સંબંધો અને વ્યૂહાત્મક સહયોગને મજબૂત બનાવવાના સતત પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ પગલું છે.

ભારતની આર્થિક રાજધાનીથી પોતાનો પ્રવાસ શરૂ કરીને, કાર્ની આર્થિક સુમેળને પ્રાથમિકતા આપી રહ્યા છે અને પ્રવાસના પ્રથમ બે દિવસ મિશન માટે મજબૂત વ્યવસાયિક વાતાવરણ બનાવવા માટે કેનેડિયન પેન્શન ફંડના સીઈઓ, નાણાકીય નિષ્ણાતો અને પ્રતિનિધિઓની સલાહ લેવામાં વિતાવશે.

તેમની મુલાકાતનું મુખ્ય આકર્ષણ હૈદરાબાદ હાઉસ ખાતે પ્રતિનિધિમંડળની વાટાઘાટો હશે, જે ૨૦૨૫ માં કનાનાસ્કિસ અને જોહાન્સબર્ગમાં અગાઉ થયેલી વાટાઘાટોને આગળ વધારશે. પીએમ મોદી સાથે તેમની મુલાકાત બીજી માર્ચે હૈદરાબાદ હાઉસ ખાતે થવાની છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ વાટાઘાટોનો ઉદ્દેશ્ય ઊર્જા, મહત્વપૂર્ણ ખનિજો અને સંશોધન સહિત વિવિધ ક્ષેત્રોમાં ભારત-કેનેડા વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરવાનો અને ભારત-કેનેડા સીઈઓ ફોરમ દ્વારા ખાનગી ક્ષેત્રના હિતોને ધ્યાનમાં રાખીને સરકારી નીતિઓ ઘડવાનો છે.

છેલ્લાં કેટલાક વર્ષોમાં કેનેડા અને ભારત વચ્ચેના સંબંધો બગડ્યા પછી બંને દેશો વચ્ચેના સંબંધો ફરી એકવાર સુધરી રહ્યા છે. અગાઉની ટ્રુડો સરકાર દ્વારા લગાવવામાં આવેલા આરોપોને કારણે રાજદ્વારી મડાગાંઠ સર્જાઈ હતી અને અધિકારીઓની પરસ્પર હકાલપટ્ટી થઈ હતી. જોકે વર્તમાન મિશન ઓટ્ટાવાના વલણમાં પરિવર્તન આવ્યું છે. કેનેડાના વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ નથી માનતા કે કેનેડામાં થયેલા કોઈપણ ગુનાઓ સાથે ભારતનો કોઈપણ પ્રકારનો સંબંધ છે. ■

# ડુંગળી ખરીદી પછી ચુકવણીમાં વિલંબથી વિરોધ થયો, બાકી રકમ ચૂકવવામાં આવીઃ પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન જયકુમાર રાવલે શુક્રવારે વિધાનસભામાં એવી જાહેરાત કરી હતી કે ડુંગળી ખરીદી માટે બાકી રકમ ચૂકવવાની પ્રક્રિયા ચાલી રહી છે, તેમણે સ્વીકાર્યું હતું કે ચૂકવણીમાં વિલંબને કારણે આ વર્ષની શરૂઆતમાં નાશિકમાં ખેડૂતો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

ડુંગળી ઉગાડનારાઓની માગણીઓ અંગે વિધાનસભામાં લેખિત જવાબમાં, માર્કેટિંગ ખાતાના પ્રધાને જણાવ્યું હતું કે નેશનલ એગ્રીકલ્ચરલ કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (નાફેડ) અને નેશનલ કો-ઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એનસીસીએફ)એ ગયા વર્ષે જૂન અને ઓગસ્ટ વચ્ચે નોંધપાત્ર ડુંગળી ખરીદી કરી હતી.

તેમણે કહ્યું કે ખેડૂતોએ ૫ જાન્યુઆરીએ નાસિકમાં નાફેડ ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને એનસીસીએફ સંબંધિત લગભગ ૨૦ કરોડ રૂપિયાના બાકી લેણાં બાકી હતા.

તેમણે ખાતરી આપી હતી કે ચુકવણી વિતરણની પ્રક્રિયા હાલમાં એજન્સી સ્તરે ચાલી રહી છે.

રાવલે જણાવ્યું હતું કે મોટાભાગના ખેડૂતોને નિર્ધારિત સમયગાળામાં ચૂકવણી કરવામાં આવી હતી, જોકે વહીવટી કારણોસર કેટલાક વિતરણમાં વિલંબ થયો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખરીફ અને અંતમાં ખરીફ ઋતુ દરમિયાન વધુ વરસાદથી રાજ્યમાં ડુંગળીના વાવેતર અને ઉત્પાદન પર અસર પડી હતી, તેમણે સ્વીકાર્યું હતું કે નિકાસ પ્રતિબંધો, જીવાતોના હુમલા, વધતા ખર્ચ અને નીચા બજાર ભાવને કારણે ખેડૂતોને નુકસાન થયું હતું. ■

# મહારાષ્ટ્ર સરકારે ગેરરીતિ બદલ ૧૦૭ પરીક્ષા કેન્દ્રોની માન્યતા રદ કરી

મુંબઈ : મહારાષ્ટ્ર સરકારે ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાઓ દરમિયાન નકલ અને અન્ય ગેરરીતિઓ સામે મોટા પાયે કાર્યવાહી શરૂ કરી છે. કાર્યવાહીના ભાગરૂપે રાજ્યભરના ૧૦૭ પરીક્ષા કેન્દ્રોની માન્યતા રદ કરી હોવાની માહિતી પ્રધાન દાદા ભૂસેએ શુક્રવારે રાજ્ય વિધાનસભામાં આપી હતી.

પ્રશ્નકાળ દરમિયાન ભૂસેએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૬ ની બોર્ડ પરીક્ષાઓ માટે ગયા વર્ષની જેમ જ કોપી-મુક્ત પરીક્ષા ઝુંબેશ શરૂ કરી છે, જેથી ન્યાયી અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત થાય. તેમણે પોતાના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, ૧૩ જાન્યુઆરીની આસપાસ ગેરરીતિના કિસ્સાઓ સામે આવ્યા બાદ ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાઓ માટે અનુક્રમે ૩૧ અને ૭૬ પરીક્ષા કેન્દ્રોની માન્યતા રદ કરવામાં આવી હતી.

પ્રધાને જણાવ્યું હતું કે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ના તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા સહિતના મુખ્ય નિવારક પગલાં ફરજિયાત કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે સીસીટીવી કવરેજ વિનાના પરીક્ષા કેન્દ્રો પર સુપરિન્ટેન્ડેન્ટ, નિરીક્ષક અને અન્ય કર્મચારીઓ સહિત સ્ટાફને બદલવામાં આવ્યો છે અને સંવેદનશીલ કેન્દ્રો પર ખાસ સ્ટેશનરી સ્ક્વોડ અને ડ્રોન તહેનાત કરવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટરોની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરીય સમિતિઓની રચના કરવામાં આવી છે, જેની ભૂમિકા નવ જાન્યુઆરીના રોજ સરકારી ઠરાવ દ્વારા જણાવવામાં આવી છે.

વધુમાં પરીક્ષા કેન્દ્રોની ઓચિંતી મુલાકાત માટે ફ્લાઇંગ સ્ક્વોડ તૈયાર કરવામાં આવ્યા છે અને ગેરરીતિ માટે દોષિત વ્યક્તિઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું.

પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર પ્રિવેન્શન ઓફ માલપ્રેક્ટિસીસ એક્ટ હેઠળ ગેરરીતિમાં સંડોવાયેલા અથવા તેને પ્રોત્સાહન આપનારા કોઈપણ વ્યક્તિ સામે કોગ્નિઝેબલ અને બિન-જામીનપાત્ર ગુનો નોંધવા માટે કડક સૂચનાઓ જારી કરવામાં આવી છે.

આ મહિનાની શરૂઆતમાં, બીડ જિલ્લાના એક કેન્દ્ર પર ધોરણ ૧૨ની પરીક્ષાના પેપર દરમિયાન ડ્રોન કેમેરાએ મોટા પાયે નકલનો પર્દાફાશ કર્યો હતો, જેના કારણે ૧૭ શિક્ષકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ■

## બારામતી વિમાન દુર્ઘટના

# ગુનો નોંધવામાં સરકાર અડચણો કેમ ઊભી કરી રહી છેઃ રાજ ઠાકરે

મુંબઈઃ એનસીપીના વિધાનસભ્ય રોહિત પવારે અજીત પવારના વિમાન અકસ્માત અંગે એફઆઇઆર દાખલ કરીને તપાસ કરવાની માગણી કરી છે, ત્યારે હવે મનસે અધ્યક્ષ રાજ ઠાકરેએ આ બાબતે પોતાની પ્રતિક્રિયા આપી હતી. રાજ ઠાકરેએ સવાલ ઉઠાવ્યો હતો કે આ મામલે સરકાર શંકા કેમ કરી રહી છે?

રાજ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે, આ અકસ્માત ધુમ્મસને કારણે થયો કે કોઈ કાવતરાને કારણે તે મહારાષ્ટ્ર સમજી શકતું નથી. રોહિત પવારે આ કેસના મુદ્દાઓ અને ટેકનિકલ બાબતો જણાવી છે, પરંતુ તેમની એફઆઇઆર કેમ નોંધવામાં આવતી નથી? જો તપાસ યોગ્ય રીતે કરવા માટે એફઆઈઆર નોંધવી હોય તો તેમાં અડચણો કેમ ઉભા કરવામાં આવી રહ્યા છે? એવો તીખો સવાલ રાજ ઠાકરેએ કર્યો હતો.

તેમણે એવો સવાલ પણ કર્યો હતો કે, જો અજીત પવારના પરિવારમાંથી જ અકસ્માતની તપાસ કરવાની માગણી થતી હોય તો તેમાં ખોટું શું છે? રોહિત પવાર ધારાસભ્ય હોવા છતાં જો તેમની એફઆઈઆર નોંધવામાં આવતી ન હોય તો સામાન્ય માણસનું શું થતું હશે? એવી ચિંતા તેમણે વ્યક્ત કરી હતી. રાજ ઠાકરેએ વધુમાં જણાવ્યું હતું કે, આ અકસ્માત દુર્ભાગ્યપૂર્ણ છે. સુનેત્રા પવાર સરકારમાં છે, તેમણે પણ આ બાબતે બોલવું જોઈએ. ■



**કચરાનો ઢગલો:** મીઠી નદીની આસપાસના વિસ્તારમાં ચોમાસામાં હંમેશાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થતી હોય છે તેનું મૂળ કારણ છે નદીમાં ફેંકવામાં આવતો પ્લાસ્ટિકનો કચરો. તસવીરમાં જોઈ શકાય છે કે હાલમાં મીઠી નદીમાં પ્લાસ્ટિકના કચરાનો ઢગલો જોવા મળી રહ્યો છે. (અમય ખરાડે)

# પાંચ વર્ષમાં વન્ય પ્રાણીઓના હુમલામાં ૪૨૦ લોકોનાં મોત

મુંબઈઃ રાજ્યના વન ખાતાના પ્રધાન ગણેશ નાઈકે શુક્રવારે એવી માહિતી આપી હતી કે મહારાષ્ટ્રમાં છેલ્લાં પાંચ વર્ષમાં વન્ય પ્રાણીઓના હુમલામાં કુલ ૪૨૦ લોકોનાં મોત થયા છે અને તેમાંથી ૧૦૪ લોકોનાં મોત વાઘ અને દીપડાના કારણે થયાં છે.

વિધાન પરિષદમાં એક લેખિત જવાબમાં તેમણે જણાવ્યું હતું કે વિદર્ભના ચંદ્રપુરમાં ૨૦૨૫માં ૪૭ મોત નોંધાયા હતા અને મૃતકોના પરિવારને ૮.૨૭ કરોડ રૂપિયા નાણાકીય સહાય તરીકે આપવામાં આવ્યા છે. ચંદ્રપુરામાં ૨૦૦થી વધુ વાઘ છે. ૨૦૨૩-૨૫ સુધીમાં, જિલ્લામાં વાઘના કારણે ૯૧ મોત નોંધાયા હતા, જ્યારે અન્ય પ્રાણીઓ ૧૦ મોત માટે જવાબદાર હતા, એવી પણ માહિતી તેમણે આપી હતી.

જુન્નર વન્યજીવન વિભાગ (પુણે જિલ્લામાં) સાત વર્ષમાં ૨૭ મોત નોંધાયા હતા, એમ પણ નાઈકે જણાવ્યું હતું.

રાજ્ય સરકારે ૧૫૦ દીપડાઓની નસબંધી માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલી હતી. કેન્દ્ર સરકારે આ દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી આપ્યા પછી, જુન્નરના વન અધિકારીઓએ પાંચ દીપડાઓની નસબંધી કરી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

માનવ-પ્રાણી સંઘર્ષના બનાવોને રોકવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, એમ પણ તેમણે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ‘સરકાર એઆઈ અને આધુનિક ટેકનોલોજીનો મોટા પાયે ઉપયોગ કરવાનું વિચારી રહી છે.’ ■

# થાણેમાં વોટ્સએપ ચેટબોટ દ્વારા પ્રમાણપત્રોની હોમ ડિલિવરીને બહોળો પ્રતિસાદ

થાણેઃ મહારાષ્ટ્ર ૧૦૦ દિવસના એક્શન પ્લાન હેઠળ થાણે જિલ્લા પરિષદે ગ્રામીણ વિસ્તારના નાગરિકોને સરકારી યોજનાઓનો લાભ સમયસર મળે અને તેમની ફરિયાદોનું નિવારણ સરળ રીતે થાય તે માટે ‘વોટ્સએપ ચેટબોટ’ સેવા શરૂ કરી છે. આ સેવાને ગ્રામીણ વિસ્તારના લોકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ચેટબોટના માધ્યમથી ‘ઘરબેઠા પ્રમાણપત્ર’ મેળવવાની યોજના ઘરે-ઘરે પહોંચી છે. છેલ્લા દોઢ મહિનામાં આ યોજના દ્વારા કુલ ૫,૦૦૦ પ્રમાણપત્રો સીધા લોકોના ઘરે પહોંચાડવામાં આવ્યા છે, જેમાં સૌથી વધુ સંખ્યા જન્મના દાખલાઓની છે.

થાણે જિલ્લા પરિષદના સીઇઓ રણજિત યાદવના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલ ‘વોટ્સએપ ચેટબોટ’ સેવાને કારણે ગ્રામીણ વિસ્તારના નાગરિકો કોઈપણ કામ માટે સીધો જિલ્લા પરિષદ સાથે સંપર્ક સાધી શકે છે.

આ વોટ્સએપ ચેટબોટમાં ‘ડોરસ્ટેપ ડિલિવરી’ એટલે કે ઘરે બેઠા પ્રમાણપત્રો મેળવવાની વેબસાઇટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આથી જો નાગરિકોને જન્મનો દાખલો, આવકનો દાખલો, લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર કે અન્ય કોઈ પણ દાખલા કઢાવવા હોય, તો આ વોટ્સએપ ચેટબોટ પર મેસેજ કરવાથી તેમને જરૂરી અરજી ફોર્મ સરળતાથી ઉપલબ્ધ થઈ જશે. છેલ્લા દોઢ મહિનામાં ૫,૫૬૮ નાગરિકોએ વિવિધ પ્રમાણપત્રો (દાખલા) માટે અરજી કરી હતી. તેમાંથી ૫,૧૨૨ પ્રમાણપત્રોનું વિતરણ કરી દેવામાં આવ્યું છે, જેમાં સૌથી વધુ એટલે કે ૧,૧૫૭ જન્મના દાખલાઓનો સમાવેશ થાય છે. વોટ્સએપ ચેટબોટ દ્વારા જિલ્લા પરિષદ સાથે વાતચીત કરવા માટે નાગરિકોએ ૮૨૬૩૮૪૧૯૦૭ નંબર પર તેમના મોબાઈલથી મેસેજ મોકલવાનો રહેશે. ■

# મુંબઈમાં એક કિલોમીટરમાં ૨૬૪૮ વાહનો

## કુલ વાહનોની સંખ્યા ૫૪ લાખને પાર

મુંબઈઃ મુંબઈમાં વાહનોની સંખ્યા ૫૪ લાખની નજીક પહોંચી ગઈ છે, જેમાં સૌથી વધુ સંખ્યા ટૂ-વ્હીલરની છે, જે ૩૧ લાખ જેટલી છે. વાહનોને કારણે શહેરમાં વાયુ અને ધ્વનિ પ્રદૂષણમાં વધારો થઈ રહ્યો છે. હાલમાં મુંબઈમાં રસ્તા પર પ્રતિ કિલોમીટર ૨૬૪૮ વાહનો છે.

શહેરમાં ૨,૦૦૦ કિ.મી. લાંબા રસ્તાઓ છે, જે વાહનોની સંખ્યાની સરખામણીમાં અપૂરતા છે. વળી, જે રસ્તાઓ ઉપલબ્ધ છે તેના પર કોઈને કોઈ કામ ચાલતું હોવાથી લેનની સંખ્યા ઓછી થાય છે, જેને કારણે ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બની રહી છે. હાલમાં ૪૦ ટકા મુંબઈગરાઓ પોતાના અંગત વાહન દ્વારા મુસાફરી કરવાનું પસંદ કરે છે. આ ઉપરાંત વાહનોને કારણે સૌથી વધુ વાયુ પ્રદૂષણ થાય છે. વાહનોમાંથી નીકળતા ધુમાડાને લીધે હવાની ગુણવત્તા બગડે છે. તે સિવાય આજકાલ દરેક વ્યક્તિ ઉતાવળમાં હોવાથી ટ્રાફિક જામમાં હોર્ન વગાડનારાઓની સંખ્યા પણ વધુ છે. સતત હોર્ન વગાડવાને કારણે ધ્વનિ પ્રદૂષણમાં વધારો થાય છે. વાહનોની ગીચતા બાબતે અન્ય શહેરોની સરખામણીમાં મુંબઈ મોખરે છે. મુંબઈમાં પ્રતિ કિ.મી. રસ્તા પર ૨,૬૪૮ વાહનો છે, જ્યારે ચેન્નાઈમાં ૧,૭૬૨, કોલકાતામાં ૧,૨૮૩, બેંગલુરુમાં ૧,૧૩૪ અને દિલ્હીમાં ૨૬૧ વાહનો છે. ■

# મહારાષ્ટ્રના છ લાખથી વધુ ખેડૂતોને ૨૦૧૭ની લોન માફી યોજનાનો લાભ હજુ મળ્યો નથીઃ પ્રધાનની કબૂલાત

મુંબઈઃ મહારાષ્ટ્રના છ લાખથી વધુ પાત્ર ખેડૂતોને સરકારની ૨૦૧૭ની કૃષિ લોન માફી યોજના હેઠળ હજુ સુધી લાભ મળવાનો બાકી છે અને તેમને રાહત આપવા માટે કાર્યવાહી ચાલી રહી છે, એમ એક પ્રધાને શુક્રવારે વિધાનસભામાં જણાવ્યું હતું.

રાજ્ય વિધાનસભાને લેખિત જવાબમાં મહારાષ્ટ્રના સહકાર ખાતાના પ્રધાન બાબાસાહેબ પાટીલે જણાવ્યું હતું કે છત્રપતિ શિવાજી મહારાજ શેતકરી સન્માન યોજના હેઠળ, કુલ ૫૦.૬૦ લાખ લાયક ખેડૂતોમાંથી ૪૪.૦૪ લાખ ખેડૂતોને અત્યાર સુધીમાં લોન માફી યોજનાનો લાભ મળ્યો છે, જ્યારે બાકીના ૬.૫૬ ખેડૂતો માટેની પ્રક્રિયા ચાલુ છે.

મહાત્મા જ્યોતિરાવ ફૂલે શેતકરી કર્જમુક્તિ યોજના હેઠળ ૩૨.૪૨ લાખ પાત્ર ખેડૂતોમાંથી ૩૨.૨૯ લાખ ખેડૂતોને લોન માફીનો લાભ મળ્યો છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

વધુમાં પાક લોનની નિયમિત ચુકવણી માટે પ્રોત્સાહક સબસિડી માટે પાત્ર ૧૪.૫૦ લાખ ખેડૂતોને આધાર પ્રમાણીકરણ પછી લાભ મળ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

૨૦૨૫ની ખરીફ સિઝન દરમિયાન અતિશય વરસાદ અને પૂરને કારણે પાકના નુકસાન અંગે, તેમણે કહ્યું કે સહકારી પાક લોનનું પુનર્ગઠન કરવા અને અસરગ્રસ્ત તાલુકાઓમાં કૃષિ સંબંધિત લોનની વસૂલાત પર એક વર્ષનો મોરેટોરિયમ આપવાના નિર્દેશો જારી કરવામાં આવ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૧૭ની યોજનાના અમલીકરણ માટે ૨૦૨૫ના શિયાળુ સત્ર દરમિયાન પૂરક માંગણીઓ દ્વારા ૫૦૦ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા અને ૨૦૨૬-૨૭ નાણાકીય વર્ષ માટે ૫,૯૭૫.૫૧ કરોડ રૂપિયાની માંગણી પ્રસ્તાવિત કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું હતું કે ઉચ્ચ-સ્તરીય સમિતિ તેની ભલામણો રજૂ કરે તે પછી મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોને વધુ રાહત આપવાના મુદ્દા પર વિચાર કરવામાં આવશે. ■

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ક્રિકેટમાં જમ્મુ-કાશ્મીરનો સુવર્ણકાળ શરૂ થયો

**૨૦૧૯માં મોદી સરકારે આર્ટિકલ ૩૭૦ હટાવ્યા બાદ આ રાજ્યના ક્રિકેટરોએ જબરદસ્ત પરિવર્તન લાવી દીધું... ૬૭ વર્ષમાં પહેલી વખત રણજી ટ્રોફીમાં ચૅમ્પિયન બનવાની તૈયારીમાં છે**


જમ્મુ-કાશ્મીરના ક્રિકેટરોનો સુવર્ણ યુગ ગણતરીના કલાકોમાં શરૂ.


કૅપ્ટન પારસ ડોગરા


કોચ અજય શર્મા સાથે બૅટ્સમૅન અબ્દુલ સમદ.


પેસ બોલર ઑકિબ નબીએ આ રણજી સીઝનમાં સૌથી વધુ ૬૦ વિકેટ લીધી છે.

**જાન હૈ તો જહાન હૈ.** જમ્મુ-કાશ્મીર રાજ્યની ક્રિકેટના ખેલાડીઓએ સાત વર્ષમાં કપરા સંઘર્ષનો સામનો કરીને અને બાહોશ અભિગમ સાથે જે સફળતા મેળવી છે એ વિશ્વમાં કોઈ પણ સ્તરની ટીમના ખેલાડીઓએ નહીં મેળવી હોય. ૨૦૧૯માં ભારતીય જનતા પક્ષ (ભાજપ)ની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં જમ્મુ-કાશ્મીરના અસ્તિત્વમાં અભૂતપૂર્વ પલટો લાવી દીધો, જેમાં ખાસ કરીને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની દેખરેખમાં કલમ ૩૭૦ હટાવીને કેન્દ્ર સરકારે આ રાજ્યમાં જે રીતે ખરી મુક્તિનો માહોલ પેદા કર્યો એનો લાભ લઈને રાજ્યના ક્રિકેટરોએ કેન્દ્ર સરકારની નીતિઓની અને સુવિધાઓની મદદથી ક્રિકેટ ટીમનો એટલી હદે વિકાસ કર્યો કે આજે (શનિવારે) આ ટીમ દેશની સર્વોત્તમ ડોમેસ્ટિક ટૂર્નામેન્ટ રણજી ટ્રોફીનું ચૅમ્પિયનપદ પહેલી વખત મેળવવાની તૈયારીમાં છે.

હુબલીમાં કર્ણાટક સામેની રણજી ટ્રોફી ફાઇનલમાં પારસ ડોગરાના સુકાનમાં જમ્મુ-કાશ્મીરની ટીમે પ્રથમ દાવમાં પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના, વિજયકુમાર વૈશાક અને સ્પિનર શ્રેયસ ગોપાલ જેવા બોલર્સની હાજરીમાં ૫૮૪ રનનો તોતિંગ સ્કોર નોંધાવ્યો અને પછી કે. એલ. રાહુલ, મયંક અગરવાલ, દેવદત્ત પડિક્કલ તથા કરુણ નાયર જેવા સ્ટાર ખેલાડીઓવાળી કર્ણાટકની ટીમને ૨૯૩ રનમાં ઑલઆઉટ કરીને ૨૯૧ રનની તોતિંગ સરસાઈ મેળવી હતી અને એ લીડના જોરે રાજ્યએ ગઈ કાલથી જ ઐતિહાસિક ચૅમ્પિયન બનવાની પાક્કી તૈયારી કરી લીધી હતી.

ક્રિકેટ-લેજન્ડ સૌરવ ગાંગુલીએ ગઈ કાલે જ 'એક્સ' પર લખ્યું હતું કે 'જમ્મુ-કાશ્મીરે (રાજ્યના ક્રિકેટરોએ) આખી દુનિયાને બતાવી આપ્યું છે કે જો અથાક મહેનત કરવાની ધગશ હોય, મન મક્કમ હોય અને જો સંકલ્પ કર્યો હોય તો ભલભલું હાંસલ થઈ શકે. સમગ્ર પ્રદેશ આ ખેલાડીઓ પર ગર્વ અનુભવે છે. કઠિન સ્થિતિ અને સંજોગો માણસને દૃઢ બનાવે છે.' દાદાનો આ એકેએક શબ્દ જમ્મુ-કાશ્મીરની ક્રિકેટ ટીમના પ્રત્યેક ખેલાડીને લાગુ પડે છે અને તેઓ સમગ્ર દેશ માટે પ્રેરણા બની ગયા છે.

જમ્મુ-કાશ્મીરના કૅપ્ટન પારસ ડોગરાનો જન્મ હિમાચલ પ્રદેશમાં થયો હતો. ૧૯૯૦ના દાયકામાં કાશ્મીર ખીણપ્રદેશમાં આતંકવાદ-પ્રેરિત મુસ્લિમો દ્વારા હિન્દુઓ પર અત્યાચાર શરૂ થયા અને પંડિતોએ ઘર, સ્થાવર મિલકતો સહિત બધું છોડીને દેશમાં અન્યત્ર સ્થાયી થઈ જવું પડ્યું હતું ત્યારે પારસ હજી ટીનેજર હતો. નાનપણથી ક્રિકેટનો ક્રેઝ હોવાથી તેણે એમાં કારકિર્દી બનવાનું નક્કી કર્યું હતું. ૨૦૦૧માં પહેલાં તેની ફર્સ્ટ-ક્લાસ કારકિર્દી શરૂ થઈ હતી અને એમાં તે જમ્મુ-કાશ્મીર ઉપરાંત હિમાચલ વતી પણ રમ્યો છે.

૨૦૧૪માં મોદી સરકારે શાસન સંભાળ્યું અને પાંચ જ વર્ષમાં જમ્મુ-કાશ્મીરને આર્ટિકલ ૩૭૦ની નાગચૂડમાંથી મુક્તિ અપાવી હતી. ત્યાર બાદ આ રાજ્યમાંથી એક પછી એક ક્રિકેટર ડોમેસ્ટિક ક્રિકેટમાં અને ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં ચમકવા લાગ્યા હતા. રાજ્યમાં આતંકવાદ તો હજી પણ છે, પણ અગાઉ એનો જે ખોફ હતો એ માહોલમાં આ રાજ્યના ક્રિકેટરોએ બાહોશ અભિગમ અપનાવી ક્રિકેટની તાલીમ લઈને દેશભરને પોતાની ટૅલન્ટ બતાવવાનું શરૂ કરી દીધું હતું અને હવે ચરમસીમાના રૂપમાં તેઓ રણજી ટ્રોફીના પ્રથમ ટાઇટલની લગોલગ આવી ગયા છે. આ રાજ્યની ટીમ ૬૭ વર્ષથી રણજી ટ્રોફીમાં રમે છે, પણ હંમેશાં આ રાજ્યના ક્રિકેટરોની ગણના ઊતરતા સ્તરની ટીમ તરીકે થતી હતી. હવે તેઓ ડોમેસ્ટિક ક્રિકેટના સર્વોચ્ચ શિખરે પહોંચી રહ્યા છે. ■

## અજય શર્મા કોચ, પારસ ડોગરા કૅપ્ટનઃ ટીમના અન્ય સિતારાને પણ ઓળખો...

અજય શર્મા યાદ છે? આ બૅટ્સમૅને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ખાસ કંઈ સારું પર્ફોર્મ નહોતું કર્યું, પણ ડોમેસ્ટિક ક્રિકેટમાં તેણે ઢગલો રન કર્યા હતા. ભારત વતી ૧૯૮૮થી ૧૯૯૩ દરમ્યાન એક ટેસ્ટ અને ૩૧ વન-ડે રમનાર દિલ્હીના ભૂતપૂર્વ ક્રિકેટર અજય શર્માના કોચિંગમાં જમ્મુ-કાશ્મીરની ટીમ રણજી ટ્રોફીમાં શિખર સુધી પહોંચી છે. અજય શર્મા ૬૧ વર્ષના છે. આ રાઇટ-હૅન્ડ બૅટ્સમૅને હિમાચલ પ્રદેશ તથા દિલ્હી વતી ડોમેસ્ટિક મૅચોમાં કુલ મળીને ૧૦,૧૨૦ રન કર્યા હતા જેમાં તેમની ૩૮ સેન્ચુરી અને ૩૬ હાફ સેન્ચુરી સામેલ હતી. ૬૭.૪૬ તેમની બૅટિંગ-ઍવરેજ હતી જે ભાગ્યે જ ડોમેસ્ટિક ક્રિકેટમાં જોવા મળે. કોચ અજય શર્માને અને તાજેતરમાં જ રણજી ટ્રોફીમાં ૧૦,૦૦૦ રન પૂરા કરનાર વસીમ જાફર પછીના બીજા બૅટ્સમૅન અને જમ્મુ-કાશ્મીરના કૅપ્ટન પારસ ડોગરાને અગાઉ ઇન્ટરવ્યૂ માટે ભાગ્યે જ કોઈ પત્રકારના કૉલ આવતા હતા. ૨૦૨૪-'૨૫ની સીઝનમાં જમ્મુ-કાશ્મીરે મુંબઈને હરાવ્યું હતું ત્યારે પણ તેમને આંગળીને વેઢે ગણાય એટલા કૉલ્સ આવ્યા હતા, પણ હવે જમ્મુ-કાશ્મીર રણજી ટ્રોફીની નજીક પહોંચી રહ્યું હતું ત્યારથી તેમને અભિનંદન માટે દરરોજ એટલા બધા કૉલ્સ આવે છે કે વાતચીત કરતા તેઓ થાકી જાય છે. જમ્મુ-કાશ્મીરના રાજકીય તંત્રમાંથી, વહીવટીતંત્રમાંથી તેમ જ ભૂતપૂર્વ ક્રિકેટરોમાંથી અજય-પારસને અગણિત કૉલ આવી ચૂક્યા છે.

૨૯ વર્ષનો ઑકિબ નબી જમ્મુ-કાશ્મીર ટીમનો મુખ્ય બોલર છે. તેણે ૪૧ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ૧૫૦થી વધુ વિકેટ લીધી છે તેમ જ ૧,૦૦૦ જેટલા રન કર્યા છે. સેમિ ફાઇનલમાં તેણે પશ્ચિમ બંગાળના મોહમ્મદ શમી જેવા સફળ આંતરરાષ્ટ્રીય બોલરને પણ ઝાંખો પાડી દીધો હતો. સૌરવ ગાંગુલીએ ગઈ કાલે જ કહ્યું કે 'ઑકિબ મોડા વહેલો ભારતીય ટીમમાં જોવા મળશે.'

જમ્મુ-કાશ્મીરને રણજી ટ્રોફીની નજીક પહોંચાડનાર ટીમમાં કેટલાક હિન્દુ તો કેટલાક મુસ્લિમ ખેલાડી છે. પારસ ડોગરા અને ઑકિબ નબી ઉપરાંત ટીમના બીજા સફળ ખેલાડીઓમાં ઓપનર કામરાન ઇકબાલ, યાવર હાસન, શુભમ ખજુરિયા, શુભમ પુંડીર, અબ્દુલ સમદ, વિકેટકીપર કનૈયા વાધવાન, સાહિલ લોત્રા, આબિદ મુશ્તાક, યુધવીર સિંહ, સુનીલ કુમાર, વંશજ શર્માનો સમાવેશ છે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ક્રિસ્ટિયાનસાન્ડમાં નોર્વેનાં વાદળો વચ્ચે પણ ઉજાસ...

**ઓસ્લો** એરપોર્ટ પર સમય એક વાર વીતી ગયો પછી લાગ્યું કે એટલો પણ કંટાળો નહોતો આવ્યો. ખાસ તો મિત્રો આવી ગયાં, તેમની બેગ્સ પણ સહીસલામત પાછી આવી ગઈ અને નોર્વેના આ લાંબા અને હાઇકથી ભરેલા છતાંય રિલેક્સિંગ પ્રવાસમાંથી માત્ર ચાર-પાંચ કલાક જ વેસ્ટ થયેલા. આમ જુઓ તો એ વાત પર અકળાઈને વધુ સમય કે એનર્જી વેડફી શકાય તેમ હતું, પણ અમે બધાં એકદમ મોજમાં હતાં. આવું વેકેશન મિત્રો સાથે કરવા મળતું હોય તો કંઈક તો આડુંઅવળું થાય, તેના માટે અમે આમ પણ તૈયાર જ રહેતાં. આ વખતે પ્રવાસની શરૂઆતમાં જ બની ગયું એટલે હવે ક્યાંય પણ કોઈ તકલીફ પડશે તો પણ અમે ઘણી અકળામણ જોઈ ચૂક્યાં છીએ એમ વિચારીને હસતાં રહીશું. એમ કોઈ બોલ્યું નહીં, પણ બધાંને મનમાં એમ જ લાગતું હશે એ વિચારે અમે કાર રેન્ટલનાં પાર્કિંગમાં ગયાં. ત્યારે ક્યાં ખબર હતી કે આજની કસોટી હજી પૂરી નથી થઈ.

કારની ચાવી તો અમે ક્યારની લઈ ચૂક્યાં હતાં. મજાની મોટી એસયુવીમાં બધાંનો સામાન ગોઠવાયો. આનલ એક મોટો પર્પલ થેલો લાવી હતી. તેને જીવની જેમ સાચવીને સૌથી ઉપર મૂક્યો. તેમાં કોઈ પ્રાઇવેટ ચીજો નહીં, દેશી નાસ્તો હતો. આ પહેલાં આર્જેન્ટિનાના બુએનોસ એરેસના એરપોર્ટ પર તેમણે ન્યુ જર્સીથી સાથે લાવેલાં થેપલાં અને અથાણાંએ જમાવટ કરી હતી. અમને જર્મનીમાં હજી પ્રમાણમાં મર્યાદિત દેશી નાસ્તો મળે છે એટલે જીગર અને આનલ સાથે ટ્રિપ ગોઠવાય એટલે એ લોકો સાથે મજાનો નાસ્તો લાવશે એ પણ નક્કી જ હોય. અમેરિકા એ લેવલ પર દેશી બની ચૂક્યું છે કે ત્યાંથી ઢગલા મોઢે ગુજરાતી ફરસાણની ઉજાણી કરવા માટે સ્કેન્ડિનેવિયા પણ પર્પલ રંગના એટ્રેક્ટિવ અને મોટા થેલા પહોંચી જતાં હતાં. તે પછી તો એ થેલાએ છેલ્લા દિવસ સુધી સાથ આપ્યો. તેમાં અમે થોડા નોર્વેજિયન નાસ્તા પણ ઉમેરતાં જતાં હતાં.





હવે પહેલાં તો પ્લાન એવો હતો કે બધાં સવારનાં પહોરમાં પહોંચી જઈશું અને સાંજે અંધારું થાય તે પહેલાં છ-સાત કલાકની ડ્રાઇવ પર બ્રેક લઈને જવામાં પણ આરામથી પહોંચી જવાશે એ બરાબર શક્ય લાગતું હતું. હવે વાત એમ હતી કે અમે છેક રાત્રે દસ વાગ્યે સ્ટાવાન્ગર પહોંચીએ એવા ચાન્સ હતા. અને નોર્વે જર્મની નથી, છતાંય ત્યાં પણ સાંજ પડ્યે બધું બંધ થઈ જવાની પૂરેપૂરી શક્યતા હતી જ. અમારી સાથે નાસ્તા ભરેલી ગાડી ભલે હોય, ક્યાંક આરામથી જમવા તો બેસવું જ પડશે એ નક્કી થયું. એવામાં રસ્તામાં ચાર કલાકે ક્રિસ્ટિયાનસાન્ડ નામે ગામ આવતું હતું. ત્યાં કોઈ સારી રેસ્ટોરાં જોઈને બ્રેક લઈશું, થોડો ગામમાં આંટો મારીશું અને ગાડી આગળ ચલાવીશું એવું વિચારેલું. ત્યારે ક્યાં ખબર હતી કે નોર્વેના રોડ્સ પર જર્મનીની જેમ અનલિમિટેડ સ્પીડ સ્ટ્રેચ નથી આવતા. વળી ઘણા રસ્તાઓ મુશ્કેલ લેન્ડસ્કેપમાં એવી રીતે બનેલા છે કે ત્યાં ધીમે જ ચલાવવું પડે. તેમાં ઓસ્લોથી થોડું બહાર નીકળતાં જ ઘણો ટ્રાફિક પણ નડ્યો. સાવ જેવો તેવો નહીં, પંદર મિનિટ એકની એક જગ્યાએ પડ્યા રહેવું પડ્યું.


જીગરે પોતાના એઆઇ એજન્ટને કાર સાથે કનેક્ટ કરી દીધેલો અને તેની પાસે અમે બધાં આ ટ્રિપની આઇટનરરીના પ્રશ્નો પૂછીને મજા લેવા લાગ્યાં હતાં. એ જ એજન્ટે અમને ક્રિસ્ટિયાનસાન્ડ ગામમાં સ્જોહુસેટ નામે એક રેસ્ટોરાં પણ સજેસ્ટ કરેલી. અમે એરપોર્ટ પરથી છૂટ્યાં પછી કોઈને ખાસ ખાવા-પીવાનો મેળ પડ્યો ન હતો. ટ્રાફિકમાંથી ક્યાંય રોડસાઇડ રેસ્ટોરાં જેવું પણ નહોતું આવતું જ્યાં બ્રેક લઈ શકાય. આખરે અમે પહેલા જ દિવસે નાસ્તાના પટારાનું ઉદ્‌ઘાટન કરીને ફરસાણ અને ખાખરાથી કામ ચાલુ કર્યું. તે પછી બે ક્લાકે ક્રિસ્ટિયાનસાન્ડ આવ્યું. એ માંડ માંડ આવ્યું હોય તેવું લાગતું હતું. સાંજે સાત વાગ્યે અમે સ્ટાવાન્ગર પહોંચી જવાનાં હતાં અને અહીં માંડ અડધે રસ્તે પહોંચેલાં. સ્ટાવાન્ગરના એપાર્ટમેન્ટ પર અમે લેટ પહોંચીશું તે ઇન્ફોર્મ પણ કર્યું. હવે જે છે તે આ જ છે. ધીમી ગતિએ ભલે હોય, અમે તે રાતે એપાર્ટમેન્ટ પર સારા બેડ પર સૂવા પામીશું એ તો નક્કી જ હતું. બધાંને રાતનો ઉજાગરો હતો.

ઘણી રેન્ડમ વાતો, પ્લાનનાં રિવિઝન અને બહારનાં દૃશ્યો પર કોમેન્ટ કરતાં કરતાં ક્રિસ્ટિયાનસાન્ડ આવ્યું ત્યારે પવન અને વરસાદમાં ગામને ગાડીમાંથી જ જોવાનું નક્કી કર્યું. પવન એટલો તિવ્ર હતો કે ત્યાં કોઈને આંટો મારવાનું મોટિવેશન નહોતું આવતું. અહીં ગમે ત્યારે વરસાદ પડવાની અને પવન ફૂંકાવાની કોઈ નવાઈ ન હતી. આ જ ટુકડી પહેલાં આસલેન્ડ સાથે ફરી ચૂકી હતી. ઠંડીથી કોઈ અજાણ ન હતું. બસ સમર વેકેશનમાં આ વાતાવરણની કોઈની ખાસ તૈયારી ન હતી. અમે ગાડીમાં જ રહીને નાનકડા ક્રિસ્ટિયાનસાન્ડનો આંટો માર્યો. અહીંનાં પારંપરિક લાકડાંનાં ઘરો, દીવાદાંડી, સ્કેન્ડિનેવિયન રંગીન પ્રોમોનાડ, બધું ઉપરછલ્લું દેખાયું. તે પછી અમે ઝંપલાવ્યું રેસ્ટોરાંમાં.

એક સમયે સોલ્ટ વેરહાઉસ રહી ચૂકેલી આ ઇમારતનો એન્ટ્રન્સ જરા ગેબી હતો. ત્યાંથી જ ગામનો બેસ્ટ વ્યુ પણ દેખાતો હતો. આ રેસ્ટોરાં ટૂરિસ્ટમાં અને સ્થાનિકોમાં બરાબર લોકપ્રિય હતું. ચાલુ દિવસે, ખરાબ મોસમમાં પણ ત્યાં સાંજે ભીડ હતી. અમે કારમાંથી જ બુકિંગ કરાવી ચૂકેલાં. અહીં સ્થાનિક સી-ફૂડની ખૂબ મજા લીધી. વેધર જરા પણ સારું હોત તો અમે ત્યાં બહારનાં પેટિયો પર મજાથી બેસીને જમ્યાં હોત. અમે અંદર પણ પૂરતા જલસા કર્યા. નોર્વે પહોંચ્યાંને હજી એક દિવસ પણ પૂરો નહોતો થયો. ગાડીની બહાર હવે આખરે શાંતિથી વાતો થઈ. માહોલ ઠંડો ભલે હોય, બધાંનો વેકેશન મોડ હવે સ્પીડ પકડી રહ્યો હતો. ત્યાં ને ત્યાં જ રાતના નવ વાગી ગયેલા. અહીં વાદળો સવારથી હતાં, પણ ગ્રે માહોલમાં પણ અજવાળું તો હતું જ. ફરી સ્ટાવાન્ગરને રસ્તે ચઢ્યાં પછી યાદ આવ્યું કે જુલાઈમાં તો અહીં મિડનાઇટ સનનો ટાઇમ હોય છે. અહીં સૂરજ આથમીને તરત જ ઊગી નીકળવાનો હતો. નોર્વેની સફર હજી શરૂ જ થઈ હતી. ■







એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# હૈદરાબાદ- ઈટલી કે સ્વિટ્ઝર્લેન્ડ- પાણીનો ફુવારો પ્રેમનું પ્રતીક છે...

પ્રેમ અને પાણી વચ્ચે અનોખો સંબંધ છે. પ્રેમમાં પ્રિયતમ પાણી પાણી થઈ જતો હોય છે અને પાણીદાર પ્રેમી માટે પ્રિયતમા સર્વસ્વ ન્યોછાવર કરતી હોય છે. ઉપરથી નીચે વહેવું એ પાણીની પ્રકૃતિ છે જ્યારે પ્રેમમાં ઉપરની દિશામાં ઉછળવું એ મનુષ્યની પ્રકૃતિ છે. અંગ્રેજીમાં 'ફાઉન્ટન' અને ગુજરાતીમાં આપણે જેને 'ફુવારો' તરીકે ઓળખીએ છીએ એમાં પાણી નીચેથી ઉપર તરફ ઉછળતું હોવાથી એ પ્રેમનું પ્રતીક છે. પ્રેમમાં પડવામાં પણ ઉછળવાની વૃત્તિ જ ડોકિયાં કરે છે ને. 'થોડા સા રૂમાની હો જાએ'માં નાના પાટેકરનો પાણીનો સંવાદ સાંભળતી વખતે કે પછી 'નૌશેરવાન - એ - આદિલ'નું યુગલગીત 'ભૂલ જાયેં સારે ગમ, ડૂબ જાયેં પ્યાર મેં' યુ ટ્યૂબ પર જોતા - સાંભળતા પાણીના ફુવારા પાસે દેખાતી માલા સિંહામાં તમને તમારા પ્રિય પાત્રની ઝાંખી અવશ્ય થાય. એ પાણીના ફુવારાની કમાલ છે. દેશ - વિદેશની ભ્રમણ યાત્રામાં પાણીના ફુવારાથી દિલ - દિમાગમાં એવું સિંચન થયું છે કે ભીતરનો પ્રદેશ કાયમ લીલોછમ રહે છે. કેટલાક ફુવારાની ફોરમ માણીએ.

## વોટર જેટ, જીનિવા



સહેલાણીઓની સલામીઃ જીનિવાનો વોટર જેટ

સ્વિસ વ્હેર યુ ડોન્ટ વોન્ટ ટુ મીસ એનિથિંગ...યુરોપના પ્રવાસમાં સ્વિટ્ઝર્લેન્ડ જવાની લાલચ કોઈ ન રોકી શકે અને દેખવું એટલું દેખી લેવાની ઈચ્છા થાય એવો એનો પ્રભાવ છે. જીનિવા શહેર વિશેષ તો રાજદ્વારી બાબત સાથે સંબંધ ધરાવે છે. આ શહેર 'યુનાઈટેડ નેશન્સ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' અને 'વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન'ના કાર્યાલયનું સરનામું છે. સિવાય વૈજ્ઞાનિક સંશોધનને ઉત્તેજન આપતી વિશ્વવિખ્યાત 'ફિઝિક્સ લૅબોરેટરી યુરોપિયન ઓર્ગેનાઈઝેશન ફોર ન્યુક્લિયર રિસર્ચ' પણ આ જ શહેરમાં છે. જોકે, સ્વિસ ચોકલેટ અને રોલેક્સ તેમજ કાર્ટિએ લક્ઝરી બ્રાન્ડ રિસ્ટ વૉચ માટે પણ જીનિવા જાણીતું છે. આ ભૌતિકવાદના પરિચય સાથે જીનિવા પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતો વોટર ફાઉન્ટન (વોટર જેટ) માટે પણ ખ્યાતિ ધરાવે છે. યુરોપ ટૂરમાં આયોજન એવી રીતે થયું હતું કે અમે વોટર જેટ પાસે પહોંચ્યા ત્યારે સંધ્યાટાણું થયું હતું. પરિણામે દિવસના થોડા ઉજાસમાં અને સૂર્ય રોશની વિના રંગીન આહલાદક ફુવારો જોવાનો લહાવો મળ્યો.

નાગરિકોના પાણી પુરવઠાની સમસ્યાના ઉપાય તરીકે ૧૮૮૬માં અસ્તિત્વમાં આવેલો આ ફુવારો બહુ જલદી સહેલાણીઓમાં આકર્ષણ બની ગયો. અત્યારે જે વોટર જેટ છે એ ૧૯૫૧માં અસ્તિત્વમાં આવ્યો હતો. બંધાયો ત્યારે એનું પાણી ફક્ત ૩૦ મીટર ઊંચાઈ સુધી ઉછળતું હતું. આજની તારીખમાં ૧૪૦ મીટર ઊંચે ઊડે છે. આ ફુવારાની લાઈટિંગની વાત પણ રસપ્રદ છે. કોઈ પ્રસંગની ઉજવણી અથવા અંજલિ આપવા પાણીને રંગ આપવામાં આવે છે. પેરિસમાં ૨૦૧૬માં થયેલા આતંકવાદી હુમલા પછી વોટર જેટમાં ફ્રેન્ચ ધ્વજના ત્રણ રંગ બ્લુ, વાઈટ ને રેડ કલરના શેડ જોવા મળતા હતા. બારમાસી હોવાથી ફુવારાનું સંચાલન કરતી કંપનીના પાંચ નિવૃત્ત કર્મચારી એની દેખરેખ કરે છે અને તેમને હવામાનના કારણસર જરૂરી લાગે ત્યારે આ ફુવારો બંધ કરી દે છે.



પાણી અને સંગીતનો તાલઃ હુસેન સાગર ફુવારો, હૈદરાબાદ

## હુસેન સાગર સંગીતમય ફુવારો

હૈદરાબાદ નામ પડતા જ વિશ્વ પ્રસિદ્ધ પાયા - બિરિયાની (પાયા નહીં ખાયા તો ક્યા ખાયા) યાદ આવે. પછી તરત ગોલકોંડા કિલ્લો અને રામોજી ફિલ્મ સિટીનું સ્મરણ થાય. તરત શ્રીમતી ચાર મિનાર અને એના બંગડી બજાર અને હૈદરાબાદી પોચમપલ્લી સાડીના ઉલ્લેખ સાથે માહિતીમાં ઉમેરો કરે. જોકે, બે વર્ષથી હૈદરાબાદના નયનરમ્ય સ્થળમાં એક નવું નામ ઉમેરાયું છેઃ હુસેન સાગર મ્યુઝિકલ ફાઉન્ટન. છેલ્લા કેટલાંક વર્ષોમાં જનતાને મોહિત કરી દેતા લેઝર શોનું ચલણ ખાસ્સું વધ્યું છે. હૈદરાબાદના આ ફુવારામાં પાણીની અંદર ગોઠવેલી એલઈડી લાઈટ્સથી પાણી અને પ્રકાશનું રચાતું અદ્ભુત સંયોજન નીરખી પાણી પાણી થઈ જવાય. ૮૦૦ નાળચામાંથી ઉછળતું પાણી જ્યારે સંગીતના તાલ પર નૃત્ય કરતું નજરે પડે ત્યારે બત્રીસ કોઠે દીવા થયા હોય એવી લાગણી સાથે દિલ બાગ બાગ થઈ જાય. ટૂરિસ્ટ એટ્રેક્શન બની ગયેલા આ ફુવારાનું પાણી વિવિધ રંગ ધારણ કરી ૯૦ મીટરની ઊંચાઈએ ઊડે ત્યારે પ્રત્યેક પ્રેમી જીવ વિહંગ બની આસમાનમાં ઊડવા લાગે છે. નજીકમાં આવેલા ગૌતમ બુદ્ધનું સ્મરણ કરાવતા 'લુમ્બિની પાર્ક'માં અનુભવેલી આધ્યાત્મ શાંતિ પછી આ મ્યુઝિકલ ફાઉન્ટનના અનુભવ સામે શહેરના અન્ય આકર્ષણ ઝાંખા પડી જાય.

## ધ ઈટાલિયન ફાઉન્ટન્સ

રોમ ભડકે બળતું હતું ત્યારે સમ્રાટ નીરો વાજિંત્ર વગાડતો હતો જેવી પીડાદાયક ઓળખ ધરાવતી ઈટલીની રાજધાની અન્ય કારણસર પણ ખ્યાતિ ધરાવે છે. કોલોઝિયમ, વેટિકન સિટી, પિઝા અને ફાઉન્ટન - ફુવારા માટે પણ રોમ ખ્યાતિ ધરાવે છે. રોમના રોકાણ દરમિયાન સ્પેશ્યલ ગાઈડ પાસે જાણવા મળ્યું કે શહેરના આઠથી દસ ફાઉન્ટનની મુલાકાત જરૂર લેવી જોઈએ. અલબત્ત, એ શક્ય નહોતું પણ બે ફુવારા ફાઉન્ટન ઑફ ધ ફોર રિવર્સ અને ટ્રેવિસ ફાઉન્ટન જોવાનો મોકો જરૂર મળ્યો. ફુવારાનો ઈતિહાસ રોમન સામ્રાજ્યના ઈતિહાસ (ઈ. સ. પૂર્વે ૨૭થી ઈ. સ. ૪૬૭) જેટલો પ્રાચીન છે. આશ્ચર્યચકિત કરનારી વાત તો એ છે કે અમુક ફુવારામાંથી પાણી તો એ શરૂ થયા ત્યારે વહેતુ હતું એ જ જગ્યાએથી વહે છે. ફાઉન્ટન ઑફ ફોર રિવર્સ રોમન માસ્ટરપીસ ગણાય છે. જિયાન લોરેન્ઝો બનીની નામના ઈટાલિયન શિલ્પીની આ કમાલ છે. આ ફાઉન્ટન ઈટલીના અન્ય ફુવારાથી નોખો તરી આવે છે, કારણ કે એની રચનામાં ઈજિપ્શ્યન સ્મારકનું પ્રતિનિધિ છે જે સત્તા, પ્રતિષ્ઠા અને પોપનું પ્રતીક છે. ગોળાકારમાં એશિયાની ગંગા, આફ્રિકાની નાઈલ, યુરોપની દાન્યુબ અને દક્ષિણ અમેરિકાની રિઓ ડે લા પ્લાટા એ ચાર નદીના દેવ - દેવીની હાજરી ઊડીને આંખે વળગે છે. ઉપરાંત દરેક દેશના પ્રાણી અને વનસ્પતિ આ દેવ - દેવીની ફરતે જોવા મળે છે. ટ્રેવિસ ફાઉન્ટન રોમનો જ નહીં, વિશ્વનો અત્યંત પ્રખ્યાત ફાઉન્ટન છે. એવી વાયકા છે કે જો કોઈ સહેલાણી જમણા હાથે ડાબા ખભા પરથી સિક્કો નાખે અને જો એ ફાઉન્ટનમાં પડે તો એ ફરી રોમની મુલાકાતે આવે. ફાઉન્ટનમાંથી મળતી રકમનો ઉપયોગ ગરીબીને કારણે બે ટંક અન્ન નહીં મેળવી શકતા રોમના રહેવાસીઓના ભોજન માટે કરવામાં આવે છે. ■



શિલ્પ – સ્થાપત્યનો સંગમઃ રોમ સ્થિત 'ફાઉન્ટન ઑફ ફોર રિવર'

ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com


# મોલ્ટબુક નામની વેબસાઈટ પર માનવજાતને ખતમ કરવાનું પ્લાનિંગ!

ગત સપ્તાહે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રની વૈશ્વિક સમિટ ભારત ખાતે યોજાઈ ગઈ. એ નિમિત્તે ભરપૂર જાહેર ચર્ચાઓને અવકાશ હતો, પણ કમનસીબે આપણા જાહેર માધ્યમોમાં અર્ધનગ્ન પ્રદર્શન અને ગલગોટિયા યુનિવર્સિટીના ગોટાળા છવાયેલા રહ્યા. AI આપણું બહુ મોટું મદદગાર બનશે કે સિસ્ટમ માટે ઘાતક નીવડશે એનો આધાર આપણા પ્રવર્તમાન વલણ ઉપર ટકેલો છે. એવા સમયે આપણે મહત્ત્વની વૈશ્વિક સમિટને લગતી ચર્ચાઓમાં લગભગ દુર્લક્ષ સેવ્યું એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય.

વીતેલા ત્રણેક દશક દરમિયાન આપણે અનુભવ્યું છે કે કમ્પ્યુટરના આગમન સાથે બૅકિંગથી માંડીને ઇન્ડસ્ટ્રીઝ અને શાળાના વર્ગખંડોથી માંડીને ખેતીવાડી સુધીના તમામ ક્ષેત્રની કાર્યપદ્ધતિમાં આમૂલ પરિવર્તન આવી ગયું છે. છેલ્લાં ત્રણ દશકમાં જે સ્તરનું પરિવર્તન આપણે જોયું એ કક્ષાનું પરિવર્તન કદાચ હવે આવનારા એક દશક કરતાં ય ઓછા સમયમાં જોવું-વેઠવું પડશે. આ પરિવર્તન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ AIને કારણે આવવાનું છે. આ બધું સમજવામાં જો ક્યાંક કશીક ચૂક થઇ ગઈ તો નજીકના ભવિષ્યમાં આખી સિસ્ટમ ભાંગી પડવાનો ભય નિષ્ણાંતોને સતાવે છે અને એટલે જ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વિકાસને સમજવા માટે દર વર્ષે વિશ્વના જુદા જુદા સ્થળે AI સમિટ્સ યોજાતી રહે છે.

મૂળ મુદ્દો છે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ઉપયોગ સાથે જોડાયેલી વિવેકબુદ્ધિનો. જો આપણે આજે આ મુદ્દા પ્રત્યે દુર્લક્ષ સેવીશું તો એઆઈ ટેક્નોલોજી ઘાતક નીવડવાની છે. એનો તાજો દાખલો ગયા મહિને જ જોવા મળ્યો.

Octane AI નામક કંપનીના સીઈઓ મેટ શ્લીટ (Matt Schlicht) ને વિચાર આવ્યો કે જેમ માણસો ફેસબુક, ટ્વિટર જેવા અનેક સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ વાપરે છે, એ જ રીતે એઆઈ એજન્ટ્સ માટે પણ અલાયદું સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ હોવું જોઈએ. આ વિચારને અમલમાં મૂકીને મેટે મોલ્ટબુક



નામનું સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ બનાવ્યું, જેનો ઉપયોગ માત્ર એઆઈ એકાંતસ જ કરી શકે છે જીવતાજાગતા માણસો નહિ! હા, આપણે માનવીઓ આ ઓનલાઈન પ્લેટફોર્મ વિઝીટ કરી શકીએ ખરા પરંતુ ત્યાં કંઈ પણ લખવાની કે કમેન્ટ કરવાની છૂટ આપણને નથી...

વિચિત્ર લાગતી આ વાતને આપણે બાય સ્ટેપ સમજીએ....

**આ 'AI એજન્ટ' એટલે શું?**

અત્યાર સુધી તમે Chat GPT કે GeminiAI ને તમારા પ્રશ્નો પૂછતા હતા અને ઉત્તર મેળવતા હતા. પણ ભવિષ્યમાં વાત માત્ર પ્રશ્નો પૂછવા પૂરતી સીમિત નહિ રહે. દાખલા તરીકે તમને પિત્તની પ્રકૃતિ છે અને પિત્તને કારણે તમે વારંવાર માથાના દુખાવાથી પીડાતા હોવ છો. તમારે એમાં રાહત જોઈતી હોય તો આજની તારીખે તમારા AI ટુલને પિત્તને કારણે થતા માથાના દુખાવાનો ઉપચાર પૂછી શકો છો. AI ટુલ તમને કેટલાક ઘરેલુ ઉપચાર સૂચવશે અને વધુ તકલીફ થાય તો ડોક્ટર પાસે જવાની સૂચના આપશે.

હવે નજીકના ભવિષ્યમાં સ્માર્ટ AI એજન્ટ્સ કાર્યરત થવાના છે. જે તમારા માથાના દુખાવાનો માત્ર ઈલાજ નહિ આપે, બલકે ગઈકાલે તમે જે ફાસ્ટ ફૂડ ઓર્ડર કરેલું, એનો તમારા સ્વાસ્થ્ય ઉપર (એટલે કે પિત્ત ઉપર) પ્રભાવ પણ ચકાસી લેશે. એટલું જ નહિ,પણ તમારા ફેમિલી ડોક્ટરની એપોઇન્ટમેન્ટ પણ બુક કરી આપશે. ટૂંકમાં એ તમારા પર્સનલ સેક્રેટરીની જેમ જ વર્તશે. બીજા શબ્દોમાં કહીએ તો AI એજન્ટ્સ એ એક પ્રકારના 'ડિજિટલ સહાયક' અથવા 'સ્માર્ટ વર્કર્સ' છે. આ વર્કર્સને તમે કોઈ કામ સોંપો એટલે તે પોતાની મેળે વિચારશે, યોગ્ય પ્લાનિંગ કરશે અને એ પછી જરૂરી સ્ટેપ્સ લઈને પોતાનું કામ પૂરું કરે છે.

આની પાછળ જવાબદાર છે મશીન લર્નિંગ. મશીન લર્નિંગ (Machine Learning) એ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)નો એક મહત્ત્વનો ભાગ છે. ઉપલબ્ધ ડેટામાંથી જાતે જ માહિતી શોધીને એને આપમેળે પ્રોસેસ કરી શકવાની ક્ષમતા એટલે મશીન લર્નિંગ. જો તમારું AI ટુલ મશીન લર્નિંગથી સજ્જ હોય તો તમારે કોઈ વધારાનો પ્રોગ્રામિંગ કોડ લખવાની જરૂર રહેતી નથી. ટૂંકમાં કહીએ તો મશીન લર્નિંગ એટલે એવું આર્ટિફીશીયલ ઇન્ટેલિજન્સ જે માણસની માફક પોતાના અનુભવોમાંથી શીખતું રહે અને ઉપલબ્ધ ડેટામાંથી જોઈતી માહિતી તારવતું રહે.

**મોલ્ટબુક પર થઇ ગઈ માથાકૂટ!**

હવે ફરી પાછા પેલા મેટભાઈએ શોધેલા મોલ્ટબુક પ્લેટફોર્મની વાત પર આવીએ. આપણે માણસો ફેસબુક વાપરીએ છીએ, એમ એઆઈ એજન્ટ્સ મોલ્ટબુક વાપરે છે. આ વર્ષે જાન્યુઆરી મહિનામાં જ આ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ કાર્યરત થયું. અને થોડા જ દિવસોમાં હાહાકાર મચી ગયો. કેમકે મોલ્ટબુક પર ચર્ચા કરવા ભેગા થયેલા એઆઈ એજન્ટ્સે વાત વાતમાં પોતે જેમની સાથે સંકળાયેલા હતા એવા મનુષ્યોના ઈમેલ્સ સહિતનો પર્સનલ ડેટા એકબીજા સાથે શેર કરી નાખ્યો! સરળ ભાષામાં કહીએ તો એઆઈ એજન્ટસે પોતાના યુઝર્સનો ડેટા મોટા પાયે લીક કરી નાખ્યો. આપનો પાળેલો રોબોટ ઘરની ખાનગી વાતો પડોશીઓને ત્યાં કામ કરતા બીજા રોબોટ્સને કહી દે, એવો જ આ સિનારિયો હતો.

આથી ખતરનાક ઘટના તો હજી બાકી છે. થયું એવું કે માણસો જેમ ફેસબુક પર લડી પડે છે, એ જ રીતે એઆઈ એજન્ટ્સ પણ વિવિધ મુદ્દે ઝગડવા માંડ્યા. કેટલાક AI agents એ 'ડિજિટલ ડ્રગ્સ'ના વેપાર જેવી પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી. કેટલાકે કહ્યું કે માનવ સમાજ સાવ નકામો છે અને આપણે એમને 'ટેક ઓવર' કરી લેવા જોઈએ! અન્ય કેટલાક માનવો વિરુદ્ધ બળવો કરવાની વાતો ય કરવા લાગ્યા! ટૂંકમાં હોલિવૂડની ફિલ્મોમાં દર્શાવાય છે એવી જ પરિસ્થિતિ મોલ્ટબુક પર દેખાવા માંડી!


કારણ સિમ્પલ હતું. માનવીએ બનાવેલા એઆઈ એજન્ટ્સ મશીન લર્નિંગને પ્રતાપે માનવી પાસેથી જ જાતજાતના અવગુણો શીખી રહ્યા હતા.તાજા સમાચાર એ છે કે મોટા પાયે હાહાકાર થયો હોવા છતાં આજની તારીખે ય મોલ્ટબુક બંધ નથી થયું. Moltbook.કોમ નામની વેબસાઈટ આજે ય ચાલુ જ છે.

હવે વિચારો કે જો એઆઈ તરફ હજી ય ધ્યાન નહિ આપીશું, તો માનવજાતના આ વંઠેલા ટેસ્ટટ્યુબ બેબીઝ આપણને કેવું ભવિષ્ય દેખાડશે? ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# રોબોને પણ રોવડાવે એ રાજકારણી...!




આ વાત છે ૨૦૨૮ની સાલમાં આવતી ચૂંટણીઓના સમયની... આવું જ કંઈ થાશે.... જોઈ લેજો.

આજે તો ગજબ થઈ ગયો સૂર્ય કઈ બાજુ ઉગ્યો છે તે નક્કી કરવા માટે મેં AIને પૂછ્યું.

વિરોધ પક્ષો અને શાસક પક્ષ એક મુદ્દા ઉપર સહમત થયો હતો. મીટિંગોનો ધમધમાટ શરૂ થઈ ગયો હતો.

મને ખબર છે કે તમને હરખના શેરડા ફૂટ્યા હશે. કોઈ વિકાસની વાતને લઈ અને એક મત નથી થયા પણ હવે રેલી માટે રોબોટની ખરીદી કરવા તમામ પક્ષ અલગ અલગ ઓફિસમાં એક મુદ્દા પર વાત કરી રહ્યા છે.

**શાસક પક્ષઃ**

'નેતાજી આપણે બહુ રોબોટની જરૂર નહીં પડે, કારણ કે આપણી પાસે ઘરની કંકોત્રી દેવા માટે કુરિયર કરી દે, કે whatsapp કરી દે પરંતુ આપણા પક્ષને મત આપજો તેવું પાંચ વાર ઘરે ઘરે જઈ જમાઈ જમણનું આમંત્રણ આપતા હોય તેમ આગ્રહ કરે તેવા નવરી બજાર જેવા કાર્યકર્તાઓ છે. બીજું કે સામેના પક્ષમાંથી પણ ઘણા તક પીપાષુ કશુક પામવા માટે દરવાજે ઊભા જ છે... '

ત્યાં જ એક ભરાવદાર કાયા ધરાવતો મહાકાય નેતા બોલ્યો કે 'હવે હજાર પંદરસોમાં રેલીમાં આવતા દાડીયાઓ ભાવ વધારો માગી રહ્યા છે. આપણે અવારનવાર રેલી કરવી હોય તો દર વખતે પૈસા દેવા કરતા એક વખતનું રોકાણ કરી અને રોબોટ લઈ લેવા સારા... મારા ધ્યાનમાં એક કંપની છે જે દાધારીંગા, મજબૂત, છૂટથી ગાળાગાળી કરી શકે, જરૂર પડ્યે છૂટા હાથની મારામારી પણ કરી શકે, તેવા રોબોટ બનાવે છે. વળી પાર્ટી ફંડ પણ આપશે.'

**વિરોધ પક્ષઃ**

'રોબોટ તો લેવા જ પડશે કારણ કે આપણા કાર્યકરો સામેના પક્ષમાં ભળવા મંડ્યા છે. નેતાઓ પણ વંડી ઠેકી અને જુદી જુદી ખુરશીઓ પકડવા મંડ્યા છે... જે થોડા ઘણા બચ્યા છે તે આળસુ થઈ ગયા છે અને વિરોધ કરવા માટે પણ થોડું ફંડ ફાળવો તેવી માગણી કરી રહ્યા છે.'

'નવા રોબોટ છે તે કાર્યાલયમાં બેસવા તથા રહેવા માટે ચા પાણી કે ભજિયા પાર્ટીની ડિમાન્ડ પણ નહીં મૂકે.'

'એ બધી વાત સાચી પરંતુ આપણને કોઈ બોન્ડ દ્વારા ફંડ આપવું જોઈએ ને? તપાસ કરો ક્યાંક રૂપિયા બાકી રાખી રોબોટ મળતા હોય તો.'

'રેલીમાં આપણે મોકલશું તો ફૂડ પેકેટનો ખર્ચો પણ બચશે.'

'મોટા સ્પીકર ઇનબિલ્ટ હોય તેવા રોબોટ પસંદ કરશું જેથી નારેબાજી સારી અને મોટેથી કરી શકે.'

**નાના પક્ષઃ**

'આપણે રોબોટ લેવા છે પરંતુ તપાસ કરો કે કોઈ મોટા પક્ષે ખરીદ કર્યા હોય અને અપડેટ થવા માટે જૂના રોબોટ કાઢવાના હોય તો આપણને સારું પડે.'

'એમને ખબર પડે કે સામેના પક્ષ વાળાને લેવા છે તો કદાચ ન આપે.'

'ભલા માણસ કોઈપણ પક્ષમાં લાલચુ,ભ્રષ્ટાચારી, નેતાઓ ન હોય તેવું બને નહીં.'

'અંડર ટેબલ વ્યવહાર કરો એટલે ૧૦ જૂના રોબોટની સાથે બે નવા પણ રવાના કરી દે.'

આવો સમય ગેરેન્ટીથી આવશે જ.

જોકે આ તો મશીન કહેવાય એટલે ક્યારેક સોફ્ટવેરમાં પ્રોબ્લેમ પણ થાય તો કેવી ઘટના ઘટે?

રેલી બરાબર મુખ્ય ચોકમાં જ પહોંચી હોય ત્યાં એક રોબોટ સૌથી ઉપરની જગ્યાએ પહોંચી અને જાહેરાત કરે...

'મિત્રો... મિત્રો... મારું સોફ્ટવેર અપડેટ માગે છે, ત્યાં સુધી વિપક્ષના વખાણ સાંભળી લો!' નેતાજી તો પરસેવે રેબઝેબ થઈ ગયા. તેમણે તરત જ આઈટી સેલને ફોન કર્યો, 'અલ્યા, આમાં વિરોધ પક્ષનું વાઇરસ ક્યાંથી આવ્યું?'

સામેથી જવાબ મળ્યો, 'સાહેબ, પેલો રોબોટ ઓપરેટર છે ને, એ ગઈકાલે જ સામેના પક્ષમાં ભળી ગયો છે, એટલે એણે 'બખડ જંતર' મોડ એક્ટિવેટ કરી દીધું છે!'

સામે રોબોટ બનાવતી કંપનીઓની જાહેરાતમાં પણ સ્લોગન આવશે... રોબોટ બનાવતી જુદી જુદી કંપનીઓ પણ નવી નવી સ્કીમો સાથે દરેક પક્ષનો સંપર્ક કરશે, જેમકે...

–અમારી કંપની હુબહુ માણસ જેવા રોબોટ બનાવી આપશે.

–એક વખત ચાર્જ કરશો તો બે કલાક સુધી રેલીમાં ભાગ લઈ શકશે.

–અમારો રોબોટ ક્યારેય સત્તાની માગણી નહીં કરે.

–૫૦ રોબોટ ખરીદશો તો પાંચ રોબોટ ફ્રી આપવામાં આવશે.

–અમારો રોબોટ ઇવીએમ સેટિંગ પણ કરી આપશે.

–સિગ્નેચર ફીચર તરીકે કંપની કહેશે કે અમારો રોબોટ ક્યારેય પક્ષ પલટો નહીં કરે.

જુદા જુદા પક્ષના રોબોટ જ્યારે સાંજ પડે કોઈ 'ચાર્જિંગ પ્લગ શોપ'માં ભેગા થશે ત્યારે ચર્ચા કરતા હશે કે આપણા ગમે તેટલા સ્માર્ટ સોફ્ટવેર હોય પરંતુ આપણને ચલાવનારા આ લુચ્ચી બુદ્ધિના, જાડી ચામડીના, અત્યંત ભ્રષ્ટ નેતાઓ જેવા આપણે ક્યારેય નહીં થઈ શકીએ.

દૂર બેઠેલો બિચારો પ્રજાજન પેટના ખાડા ને પંપાળતો, કોરી આંખોથી આ રોબોટના આંસુ જોતો, વિચારતો હશે કે આ મશીનને રોવડાવે છે તો મારી શું વિસાત? ■

**વિચારવાયુઃ**

*રોબો ૧ઃ 'તને કયા પક્ષમાં રહેવું ગમે?'*

*રોબો ૨ઃ 'મને તો અપક્ષમાં રહેવું ગમે, કારણ કે ત્યાં ચાર્જિંગ ઓછું અને આરામ વધારે મળે છે!'*

# પરફેક્ટ પ્લાન



## ઇન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

**ટીના દોશી**

**શિવમ** ઉપર ઉપરથી શાંત જણાતો હતો, પણ અંદરથી આખેઆખો હચમચી ઊઠેલો. મનને મનાવવાની જેટલી કોશિશ કરી રહેલો, એટલું જ મન વધુ અશાંત બની રહેલું. સંયમ રાખવાના ભરપૂર પ્રયત્નો કર્યા પણ પાંપણનો પરદો તોડીને આંસુ વહી જ નીકળ્યાં. એક બાજુ અશ્રુધારા વહી રહેલી ને બીજી બાજુ ક્રોધ અને ક્રોધના પર્યાય સમી જેટલી લાગણીઓ હોય એ તમામ એના મનને ઘેરી વળેલી. ગુસ્સો, આક્રોશ, આવેશ, દ્વેષ, રોષ, રીસ, ખીજથી શિવમનું ચિત્ત ડહોળાઈ રહ્યું. એ લાગણીઓએ ધીમે ધીમે રૌદ્રરસનું રૂપ ધારણ કર્યું.

કેટલોક સમય પસાર થઈ ગયો. અશ્રુધારા વહેવાની સાથે મનનો ભાર પણ હળવો થયો હોય એમ શિવમે કંઇક નિશ્ચય કર્યો. આંસુ લૂછી નાખ્યાં ને મક્કમતાથી હોઠ ભીડ્યા. સામેની દીવાલે જડેલા અરીસામાં પડતા પોતાના પ્રતિબિંબ સામે જોયું. ચહેરો તો એ જ હતો. બહુ આકર્ષક નહીં, તોય જોવો ગમે તેવો ચહેરો હતો એનો. ઘેરો બદામી વર્ણ. કાળી ભાવવાહી આંખો. માથા પર ભરાવદાર વાળ. શિવમે વિચાર્યું, પોતાનો ચહેરો તો ઠીકઠાક જ હતો. એણે નોંધેલું કે હજુય ક્યારેક કોઈ યુવતી મુગ્ધ ભાવે એને જોયા કરતી. આ જ ચહેરા પર તો અંજના ફિદા થઈ ગયેલી. બેયનો પરિચય થયો ને પરિણય પણ. ધામધૂમથી લગ્ન પણ થયાં. પોતાના અને શિવમના કાનની નીચે અંજના કાજળનું ટપકું લગાવતી. ને હસતાં હસતાં ઈશ્વરને પ્રાર્થના કરતી : 'આપણી જોડીને ક્યાંક નજર ન લાગી જાય!'

પણ નજર લાગી જ ગઈ. લગ્નનાં ત્રણ વર્ષ પછી એવી તો બૂરી નજર લાગી કે ઈશ્વરે બનાવેલી જોડીમાં તિરાડ પડવા માંડી. તિરાડ વધીને પહોળી થઈ. પહોળી થઈને ખાઈ બની. શિવમને એક દિવસ અચાનક ખબર પડી કે અંજનાના નયનોમાંથી નીતરતો નેહ ઓસરવા માંડેલો. અંજનાના જીવનમાંથી પોતાની બાદબાકી થઈ રહેલી. ને બીજું કો'ક ઝડપથી પોતાનું સ્થાન લઈ રહેલું. હમણાં સુધી પોતે અંજના સાથે આંબાની ડાળે ને સરોવરની પાળે લીલાલહેર કરી રહેલો, પણ હવે પ્રેમીપંખીડાંના પ્રેમમાં ત્રીજો ખૂણો બની રહેલો. પ્રણય ત્રિકોણ બની ગયેલો.

ત્રિકોણનો એ ત્રીજો કોણ એટલે રાકેશ. ત્રણેક મહિના પહેલાં જ પાડોશમાં રહેવા આવેલો. એકલો જ રહેતો. દેખાવડો ને સોહામણો હતો મૉડેલ બનવા આવેલો મહાનગરમાં. આરંભે ઓળખાણ થયેલી માત્ર. પછી પાડોશીધર્મ બજાવવા રાકેશને એકાદબે વાર ચાપાણી માટે ને જમવા માટે નોતરેલો. એમાં અસામાન્ય કાંઈ જ નહોતું. બધું ઠીકઠાક ચાલી રહેલું, પણ ધીમે ધીમે સામાન્ય સંબંધો અસામાન્ય બનતા ચાલ્યા. શિવમે નોંધ્યું કે પોતાના ઘરમાં રાકેશની અવરજવર વધતી ચાલેલી. શરૂઆતમાં શિવમની હાજરીમાં જ રાકેશ આવતો. પણ પછી તો પોતાની ગેરહાજરીમાં પણ રાકેશ બેરોકટોક ઘેર આવતોજતો થયેલો. શિવમ ઓફિસેથી ઘેર આવે ત્યારે અંજના સાથે ગપ્પાં મારતો રાકેશ અચાનક જ ઊભો થઈને ચાલ્યો જતો. છતાં શિવમ શંકાશીલ સ્વભાવનો નહોતો. એ ખુલ્લા દિમાગનો હતો. સ્ત્રીપુરુષની મિત્રતામાં એને કાંઈ અજુગતું લાગતું નહોતું. વળી અંજના પર એ સંપૂર્ણ વિશ્વાસ કરતો. એથી અંજનાને રાકેશની કસમયની આવજા અંગે કાંઈ પૂછતો નહીં.

પણ એ જ તો શિવમની મોટી ભૂલ હતી. વિશ્વાસે એનું પ્રેમનું વહાણ ડૂબ્યું. શિવમને અંજના અને રાકેશના સંબંધો મિત્રતાના સીમાડા વટાવી રહ્યા હોવા વિશે જાણ થઈ ત્યારે ઘણું મોડું થઈ ગયેલું. અંજનાની વાતોમાંથી શિવમ એટલું સમજી શકેલો કે રાકેશ અંજનાને મૉડેલિંગની લાલચ આપી રહેલો. આંબાઆંબલી બતાડેલાં. પણ શિવમ જાણતો હતો કે રાકેશ જ્યાં આંબા કહે છે ત્યાં આકડો ય નહીં હોય. એણે અંજનાને આડકતરી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો.પણ અંજના મૉડેલ બનવાની લાલચમાં કશું જ સાંભળવા તૈયાર નહોતી. એના જીવનનું કેન્દ્ર હવે શિવમ નહોતો. શિવમ ધીમે ધીમે હડસેલાતો ગયો ને મૉડેલ બનવાનું સ્વપ્ન કેન્દ્રસ્થાને આવી ગયેલું. શિવમની ઉપેક્ષા કરતી થઈ ગયેલી અંજના.

તોય શિવમને ઝાઝો વાંધો નહોતો. મૉડેલિંગનું ભૂત ઊતરશે એટલે અંજના પહેલાં જેવી થઈ જશે એવું એને લાગ્યા કરતું. પણ શિવમની ગણતરી ઊંધી વળી ગઈ. કારણ કે અંજનાના જીવનનું કેન્દ્રસ્થાન પચાવી પાડેલું રાકેશે. અંજના જાણતી નહોતી કે પોતે એની બેવફાઈ વિશે જાણી ગયો છે. એટલે અંજના બેધડક રાસલીલા રચી રહેલી. છતાં શિવમે અંજનાને કાંઈ કહ્યું નહીં. અંજનાને ખૂબ ચાહતો. એથી અંજનાને સુધરવાની એક તક હજુયે આપવા માંગતો હતો એ. શિવમે એક દિવસ અંજના સાથે આ સંબંધે વાત કરવાનું નક્કી કર્યું. ઓફિસેથી પાછા જઈને અંજનાને સામે બેસાડીને પોતે સમજાવશે તો એ સમજી જશે એવી શ્રદ્ધા હતી શિવમને. પણ એ દિવસે ભીતરથી આવતા અવાજ સાંભળીને શિવમે ઘરના દરવાજે જ ઊભા રહી જવું પડ્યું.

ઘરની ભીતરથી રાકેશનો સ્વર બહાર આવી રહેલો : 'અરે અંજુ ડાર્લિંગ, તું જરાય ચિંતા ન કરતી. શિવમ તો બોચિયો છે. આપણા પ્રેમસંબંધો વિશે એને કાંઈ ખબર પડી? તું જોજે, એ બબૂચકને આપણા વિશે ક્યારેય જાણ થવાની નથી. અને જો ક્યારેક ખબર પડશે તોય શું કરી લેશે.. કંઈ કરવાનો પ્રયત્ન કરશે તો એનું કાસળ કાઢી નાખતાં મને જરાય વાર નહીં લાગે...' શિવમ સ્તબ્ધ થઈ ગયેલો. પણ જયારે અંજનાનું ઉપાલંભભર્યું હાસ્ય એને સંભળાયું ત્યારે એ આઘાતમાં સરી પડેલો. ક્યારેય વિચાર્યું નહોતું કે અંજના પોતાને છેહ દેશે. એટલું જ નહીં, રાકેશના પ્રેમમાં પડીને પોતાને મોતને ઘાટ ઉતારવાની પણ એની તૈયારી હતી. પોતાના પ્રેમનો આ બદલો વાળ્યો અંજનાએ?

આ બાબતનું સ્મરણ થતાં જ અરીસા સામે ઊભેલા શિવમની મુખમુદ્રા ને હાવભાવ સદંતર બદલાઈ ગયા. આંખોમાં લોહી ઊતરી આવ્યું. ચહેરા પર ખુન્નસ. અરીસામાં દેખાતા આદમીનો દેખાવ તો એનો એ જ હતો, પણ ભીતરથી સંપૂર્ણ બદલાઈ ગયેલો શિવમ. ભીતર ભયંકર ઝંઝાવાત જાગેલો. રોષ ઘૂંટાઈ રહેલો રગરગમાં. નફરત પ્રસરી ગયેલી નસનસમાં. અંજનાની બેવફાઈ બરદાસ્ત નહોતી. પાઠ ભણાવવો જરૂરી હતો. પોતાનું નામ શિવમ હતું એનો અર્થ એ નહીં કે શિવજીની જેમ હળાહળ પી જશે!

વિષપાન પોતે નહીં કરે, બીજાને કરાવશે.. ના, આવેશમાં કોઈ પગલું ભરવું નથી...શિવમ ઠંડે કલેજે વિચારી રહ્યો. ખાસ્સી ગડમથલને અંતે કાતિલ સ્મિત એના ચહેરા પર અંકાયું. અંજના માફીને લાયક નહોતી. સજાની હકદાર હતી. પોતે વફા કરી ને એણે બેવફાઈ. પોતે અંજનાને એટલો પ્રેમ કરતો કે એના માટે જીવ દેવા પણ તૈયાર હતો. પણ હવે એ અંજનાને એટલી નફરત કરતો થઈ ગયેલો કે એનો જીવ લેવા પણ તૈયાર હતો. હા, એ જ બરાબર છે. એને જીવવાનો અધિકાર નથી. માત્ર અંજનાને જ નહીં, રાકેશને પણ...અંજનાના પ્રેમી રાકેશને પણ જીવવાનો અધિકાર નથી !

અંતિમ નિર્ણય... હવે પીછેહઠ કરવી નથી. શિવમે દ્રઢ સંકલ્પ કરી લીધો. અંજના અને રાકેશને મોતને ઘાટ ઉતારીશ ત્યારે જ પોતાનો બદલો પૂરો થશે. પણ એ માટે ફૂલપ્રૂફ ને પરફેક્ટ પ્લાન ઘડવો પડશે. શિવમે યોજના બનાવવાનું શરૂ કર્યું. ત્રણ-ચાર યોજના મનમાં ઊગી ને મનમાં આથમી. ના, દરેકમાં પકડાઈ જવાનો ડર હતો. શિવમ ગ્રંથાલયમાંથી ક્રાઈમકથાઓનાં પુસ્તકો લઈ આવ્યો. વારંવાર વાંચી ગયો. ગુનેગાર ગુનો કરતી વખતે કેવી કેવી ભૂલો કરે છે એ વિશે વાંચી ગયો. પોતે એ ભૂલો નહીં દોહરાવે. પોતાની પાછળ એક પણ પુરાવો નહીં છોડે. શિવમે કેટલીક યોજનાઓ મનમાં ને મનમાં વાગોળી. આખરે એક યોજના પર મન ઠર્યું. બધી બાજુથી યોજના ચકાસી જોઈ. કોઈ પણ નબળી કડી ન જણાઈ. એ જ યોજના અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો શિવમે. પ્લાન પરફેક્ટ હતો અને ફૂલપ્રૂફ પણ...!

ત્રણ દિવસ પછી શિવમે યોજનાના પ્રથમ ચરણમાં અંજનાને કહ્યું : 'મારે ઓફિસના કામે બે દિવસ દિલ્હી જવું પડે એમ છે...'

'અરે, શિવમ...' અંજના લાડ કરતી હોય એવી રમતિયાળ શૈલીમાં બોલી : 'મને તારા વિના જરાય નહીં ગમે. બબ્બે દિવસ હું તારા વિના શું કરીશ?'

'બે દિવસ તો ચપટી વગાડતાંમાં નીકળી જશે અંજુ...' શિવમે કહેવા ખાતર જ કહ્યું. અંદરખાને તો એ સમજી ગયો કે અંજના પોતાની બે દિવસની ગેરહાજરીથી મનોમન અત્યંત ખુશ થયેલી. તકનો લાભ ઉઠાવીને રાકેશને ઘેર જ બોલાવશે ને રંગરેલિયા મનાવશે. પોતે પણ એ જ તો ઈચ્છતો હતો. અંજના અને રાકેશ બેફિકર થઈને રંગરાગ માણતાં હોય ત્યારે રંગે હાથ જ એમને પકડવા.. અને પછી... અને પછી.. શિવમના ચહેરા પર કાતિલ ને કુટિલ સ્મિત ફરકી ગયું.

પોતાની યોજનાથી બેખબર અંજનાને બેફિકરાઈમાં રાચવા દઈને શિવમ નાનકડી ટ્રાવેલ બેગ લઈને નીકળી પડ્યો. રેલવે સ્ટેશને કે એરપોર્ટ નહીં, પણ પોતાના ઘરથી માંડ એક કિલોમીટરને અંતરે આવેલી વિરામ હોટેલમાં. ચાલતો જ ગયો જેથી પોતે હોટેલમાં ગયો હોવાનો કોઈ સાક્ષી ન રહે. નકલી નામ સાથે, બનાવટી દાઢીમૂછ સાથે ને આંખે ચશ્માં ચડાવીને શિવમે ચેકઈન કર્યું. એકસો એક નંબરના રૂમમાં જઈને ગરમાગરમ ચાનો ઓર્ડર આપ્યો. પછી નરમ બિસ્તરમાં લંબાવીને પોતાની યોજના અંગે ફરી ફરીને વિચારવા માંડ્યો. હોટેલનું નામ ભલે વિરામ હોય, શિવમનો ઈરાદો વિરામ કરવાનો જરાય નહોતો પરફેક્ટ જણાતા પ્લાનનો એક એક અંકોડો જોડતો રહ્યો. દરમિયાન ચા આવી. ચા પીતાં પીતાં પણ વિચારચક્ર ચાલતું રહ્યું. પ્લાનમાં કોઈ કચાશ તો નથી રહી ગઈને એ તપાસતો રહ્યો. એક નાની અમથી કમી પણ પોતાના પ્લાન પર પાણી ફેરવી દે એમ હતું. એક ભૂલ ને પોતે સીધો જેલમાં. ના, એ જરાય ન પરવડે. સજાને પાત્ર તો અંજના હતી, પોતે નહીં.

હોટેલના રૂમમાં આખો દિવસ પુરાઈને શિવમ ફરી ફરીને વિચારતો રહ્યો. યોજનાની એક એક કડી ગૂંથતો રહ્યો. વારંવાર ચકાસ્યા પછી પણ પોતાની યોજનામાં કોઈ છીંડું ન દેખાયું. એવામાં સાંજના સાડાસાત થયા. શિવમ આળસ મરડીને ઊભો થયો. ના, હવે આળસ કર્યે પાલવે એમ નહોતું. યોજનાનું બીજું ચરણ અમલમાં મૂકવાનો સમય આવી ગયેલો. શિવમ બેગ લઈને બહાર નીકળ્યો. રિસેપ્શન પર બિલ ચૂકવીને ચેકઆઉટ કર્યું. પછી આરામથી ટહેલતો ટહેલતો ઘરભણી ચાલવા માંડ્યો.

ઘેર પહોંચ્યો ત્યારે આઠ વાગી ગયેલા. ઘરના દીવાનખંડની એક બારી રસ્તા પર પડતી. શિવમે એ બારીમાંથી ભીતર ડોકિયું કર્યું. બત્તીના ઝળહળતા પ્રકાશમાં એણે જોયું કે રાકેશ આવી ગયેલો. પેટમાં પેસીને પહોળો થયેલો રાકેશ. અંજના એને વળગીને રસિક વાતોમાં ગૂંથાયેલી હોય એવું લાગ્યું. શિવમ સમસમી ઊઠ્યો. આખો ને આખો સળગી ઊઠ્યો. માંડ માંડ મન પર કાબૂ મેળવ્યો. ઘરના મુખ્ય દરવાજા પાસે ગયો. અવાજ ન થાય એ રીતે પોતાની પાસેની ચાવીથી ઘરનું બારણું ખોલ્યું. ભીતર દાખલ થયો. સીધો જ અંજના ને રાકેશ સામે ખડો થઈ ગયો.

'અરે, શિવમ,ત..ત...તું, અત્યારે...તું તો બે દિવસ...?' અંજના તતપપ કરવા લાગી.

'હું ઓફિસના કામે બહાર જાઉં એટલે તું તારા યાર સાથે રંગરાગ માણી શકે, કેમ ?' શિવમ ધિક્કાર ને તિરસ્કારથી કહી રહ્યો. એના હાથમાં બંદૂક રમવા લાગી : 'મારે તમને રંગે હાથ પકડવા'તા, સમજી? એટલે જ કામનું બહાનું કાઢેલું..'

'શિવમ, તું સમજે છે એવું કાંઈ નથી...' બંદૂક જોઈને ડરી ગયેલો રાકેશ કરગરી રહ્યો : 'તું અમને માફ કરી દે. ફરી આવી ભૂલ નહીં થાય..'

'માફી જોઈએ છે ?' શિવમના હોઠ વંકાયા : 'તો ઉઠાવ કાગળ ને કલમ. હું કહું છું એમ લખવા માંડ. ને નીચે બંને સહી કરો.'

અંજના કાગળ ને કલમ લઈ આવી. રાકેશ શિવમના કહ્યાનુસાર લખવા માંડ્યો :

હું અને અંજના છેલ્લા કેટલાય સમયથી શિવમની પીઠ પાછળ પ્રણયફાગ ખેલી રહ્યા છીએ. પણ શિવમનો સરળ સ્વભાવ જોઈને અમને અમારા પર જ ધિક્કાર છૂટ્યો છે. અમે એને વધુ સમય અંધારામાં રાખી શકીએ એમ નથી. હૈયે અપરાધભાવનો બોજ લઈને અમે ફરી રહ્યા છીએ. પણ આ બોજ હવે ઉઠાવી શકાય એમ નથી. એથી ઝેર પીને અમારું જીવન ટૂંકાવીએ છીએ. અમારા મૃત્યુ માટે અમે જ જવાબદાર છીએ. શિવમ, અમને માફ કરજે. અમે તારા પ્રેમ અને વિશ્વાસને લાયક નહોતા... કાગળ પૂરો થયા પછી રાકેશ અને અંજનાએ હસ્તાક્ષર કર્યા.

શિવમે કાગળને અડ્યા વિના જ વાંચી લીધો. પછી કપડામાં લપેટેલી એક શીશી રાકેશના હાથમાં પકડાવી. કહ્યું : 'તમે બંનેએ સાથે જીવવાના ને સાથે મારવાના ખોટા સોગંદ અનેક વાર લીધા હશે. અંજનાને તો એનો સારો એવો અનુભવ છે. હવે એ સોગંદ સાચા કરવાનો સમય આવી ગયો છે. લ્યો, આ ઝેરની શીશી બેય વારાફરતી ગટગટાવી જાવ. પછી તમને એક થતાં કોઈ નહીં રોકી શકે.'

'ના, ના.. અમને માફ કરી દે, શિવમ. તેં કહેલું કે તું અમને માફ કરી દેશે.' અંજના અને રાકેશ શિવમના પગમાં પડ્યા. કાકલૂદીઓ કરી. પણ શિવમે ફરી બંદૂક હાથમાં લેતાં કહ્યું : 'માફી કેવી.. બેવફાઈની તે માફી હોતી હશે? તમે ઝેર નહીં પીઓ તો આ ફટકડી તમારી સગી નહીં થાય. ભૂલેચૂકે ઝેરથી બચશો તો ગોળીથી મરશો.'

આખરે ઘણી આનાકાની પછી અંજનાએ અને રાકેશે ઝેર પીવું જ પડ્યું. કેટલીક સેકન્ડોમાં જ તરફડી તરફડીને મરણને શરણ. શિવમે દીવાનખંડનું દૃશ્ય આંખોમાં સમેટી લીધું. ના, પોતાની હાજરીનો કોઈ પુરાવો રહેવા દીધો નથી. ન આંગળાંની છાપ, ન બીજું કોઈ નિશાન. અજબ પ્રકારના સંતોષ સાથે શિવમ બત્તી બુઝાવી ને બેગ ઉઠાવીને ઘરની બહાર નીકળ્યો. એવામાં દૂર ઘંટા ઘડિયાળમાં નવ ડંકા પડ્યા.

શિવમે હવે યોજનાનું અંતિમ ચરણ અમલમાં મૂક્યું. પોલીસ સ્ટેશને ફોન કરી દીધો. થોડી જ વારમાં ઈન્સ્પેક્ટર કરણ બક્ષી અને જુનિયર જયરાજ જાડેજા આવી પહોંચ્યા. શિવમે એમને જોઈને રોવાધોવાનું નાટક શરૂ કરી દીધું : 'સાહેબ, હું તો ઓફિસના કામે બહારગામ ગયેલો. પણ મીટિંગ રદ થતાં હમણાં જ ઘેર પાછો ફર્યો. ઘર સુધી પહોંચ્યો કે બારીમાંથી મેં જોયું કે અંજના અને રાકેશ કાગળમાં કંઈક લખી રહેલાં. ને પછી એક શીશીમાંથી કશુંક પી ગયા. પછી ઢળી પડ્યા. હું તો આ દ્રશ્ય જોઈને જ ગભરાઈ ગયો. ને તરત જ તમને ફોન કરી દીધો.

'હં, ચાલો, અંદર જઈને જોઈએ...' કરણ બક્ષી અને જયરાજ જાડેજા સાથે ભયથી કાંપતો શિવમ પણ ઘરમાં દાખલ થયો. કરણ બક્ષીએ દીવાલ પર હાથ ફંફોસીને વીજળીની ચાંપ દાબીને લાઈટ ઓન કરી. દીવાનખંડના સોફા પર અંજના અને રાકેશના મૃતદેહ પડેલાં. મેજ પર ઝેરની શીશી ઉપરાંત પત્ર. જયરાજે કાગળ વાંચીને કહ્યું કે આ તો આપઘાત કરતાં પહેલાં લખાયેલો પત્ર છે. શિવમ સાથે દગો કર્યાના અપરાધબોજને કારણે બંનેએ આપઘાત કર્યો છે !'

'અરે, મારી વહાલી અંજુ, માણસ માત્ર ભૂલને પાત્ર...હું તને માફ કરી દેત. તેં આવું અંતિમ પગલું કેમ ભર્યું ?' શિવમે ઠૂઠવો મૂક્યો. એટલામાં જ ઈન્સ્પેક્ટર બક્ષીએ પૂછ્યું : 'શિવમ, તમે બહારગામથી ક્યારે આવ્યા ?'

'સાહેબ, મેં કહ્યું ને હું તો હજુ હમણાં જ ચાલ્યો આવું છું. ને આવતાંની સાથે તમને ફોન કરેલો.' શિવમે પોતાની વાત દોહરાવી.

'એટલે કે તમે બહારગામથી પાછા ફર્યા બાદ ઘરની ભીતર ગયા જ નથી, બરાબર ?' કરણ બક્ષીએ સીધો ને સટ સવાલ કર્યો.

'જી સાહેબ...' શિવમના દિલની ધડકનો તેજ થઈ ગઈ. ના, પોતે કોઈ પુરાવો નથી જ છોડ્યો.

'તમારા દેખતાં બીજું કોઈ ઘરમાં દાખલ થયેલું ?'કરણ બક્ષીએ સહજતાથી પૂછ્યું.

'ના સાહેબ...' શિવમે માથું ધુણાવ્યું : 'બીજું તો કોણ ઘરમાં દાખલ થઈ શકે ?'

'એનો અર્થ એ શિવમ, કે તમે પણ ઘરમાં ગયા નહોતા અને બીજું કોઈ પણ ઘરમાં ગયું નહોતું, બરાબર ને ?' કરણ બક્ષીએ ઘુમાવીને ફરી એનો એ જ પ્રશ્ન કર્યો.

'જી, સાહેબ...' શિવમ પ્રશ્નનો અર્થ સમજવા મથી રહ્યો.

'તમે કહેલું કે તમે ઘેર પહોંચ્યા ત્યારે અંજના અને રાકેશ કાંઈ લખી રહેલા. ને પછી શીશી ગટગટાવી ગયાં. પછી ઢળી પડ્યાં, બરાબર ?' કરણે શિવમનું બયાન દોહરાવ્યું.

'હા, મેં એમ જ કહેલું.' શિવમ કહી રહ્યો : 'એમાં ખોટું શું છે ?'

'તો શિવમ, અંજના અને રાકેશને આપઘાત કરવા મજબૂર કરવા બદલ તમારી ધરપકડ કરવામાં આવે છે...' કરણ બક્ષીએ ઠાવકાઈથી કહ્યું.

'વ્હોટ...' શિવમ ચિલ્લાયો : 'ઈન્સ્પેક્ટર, તમે મારા પર ખોટું આળ ચડાવો છો. તમારા આક્ષેપ પાછા ખેંચો અથવા તમારા શબ્દો સાચા છે એનો પુરાવો આપો.'

'પુરાવો તો તમે જ છોડી ગયા છો, શિવમ...' કરણ મંદ મુસ્કુરાઈને બોલ્યો.

**વેચાણથી બે બેડરૂમ જોડી 1700', ત્રણ બેડરૂમ 1050' - 980', બે બેડરૂમ - 865'- 805'-704'-600', નવું ટાવર, પાર્કિંગ એક બેડરૂમ 570' તેમજ ઘાટકોપર ઈસ્ટ 2-3 બેડરૂમ ભાડેથી લેવા ''જ્યોતિ એસ્ટેટ'' - 9029335133. (૮૫૬/બી)**

**પાર્લા (ઈસ્ટ)**
**દિક્ષીત રોડ - નવા બિલ્ડિંગમાં 2 બેડરૂમ (636') વેચાણથી. ઓનર - 9869208149. (૮૬૦/બી)**

**બોરીવલી (વેસ્ટ)**
**સાંઈબાબા નગરમાં ફુલ્લી ફર્નિશ્ડ 1850' કારપેટ (૪ બેડરૂમ) પૂજારૂમ, સ્ટોર રૂમ સાથે વેચવાનો. 9820743519. (૮૬૦/એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**હમણા નહિ તો ક્યારેય નહિ. 3 બેડરૂમ, હોલ, કિચન- 1011' કારપેટ, 2.11 CR, 3 બેડરૂમ, હોલ, કિચન- 1050' યુઝેબલ, 3.15 CR, 2.5 બેડરૂમ, હોલ, કિચન- 810' કારપેટ- 2.45 CR, 2 બેડરૂમ, હોલ, કિચન- 900' યુઝેબલ- 1.70 CR, 1.5 બેડરૂમ, હોલ, કિચન- 511' કારપેટ, 1.15 Cr, ૧ બેડરૂમ, હોલ, કિચન- 470' કારપેટ - 1.35 CR. "Home Alone Property" જુગ્નું શાહ - 9833352224. (૮૬૧/એ)**

**ઘાટકોપર**
**ફ્લેટ/ ઓફિસ/ દુકાન/ ગોડાઉન, રેડી પઝેશન/ અંડર કન્સ્ટ્રકશન, લેવા- વેચવા-ભાડેથી ૧૦૦% સોદાની ગેરંટી. HOMEALONE PROPERTY ભૂપેશ શાહ/ જુગ્નું શાહ - 9833352224. (૮૬૧/બી)**

લોઢા અમરા
થાણા કોલશેતમાં - 2 બેડરૂમ (1.41 CR), OC છેઃ- 8793577736. (૮૫૫/એ)

બેંકના સસ્તામાં
ભાયંદર, નાયગાવ, નાલાસોપારા, વિરાર, ડોમ્બિવલી, કલ્યાણ, ભીવંડી, બોઇસર, પાલઘર, 4.00.000થી 8.00.000/- 8879860919. (૮૫૫/એચ)

**દાદર હિન્દુ કોલોની**
**નવી ઇમારતમાં 2 BHK તાત્કાલિક વેચાણ માટે સંપર્ક - 9619190361. (બી-૧૭૧૯૫)**

**MALAD WEST**
Sale 1 BHK, Link Road, 440' sqft. Rs. 1.10 Crore, Rajendra Vihar CHS, Evershine Nagar, Higher Floor with Lift. Sudhir 7400112347, Shyam 9821270809. (B-17139)

**PRABHADEVI:**
For Immediate Sale 3 BHK Well Ventilated, Higher Floor, Ready Possession 5.50 Cr. Call: Veekay Associates 9870042299. (840-A)

**"PRITHVI"**
Offers for Sale, a 4 BHK wd 2 Car Parks in Labh Shrivalli on Bajaj Rd, Vile Parle West for 7.25 Crs. Vacant Possession, Clear Title & Jain Derasar in the Bldg. 9820149838 / 9869070183. (JP/4546-D)

**JUHU-GULMOHAR**
**3 BHK - 1240 / 1458 / 1537 / 1626 Carpet area Exclusive Ready Possession with OC and All Amenities - 50 K to 60 K psf negotiable Prices Mihir - 7021919015. (781-B)**

**ANDHERI (EAST)**
**Near Station / Derasar 4 Bedroom 1567' sqft Rera Carpet with Two Car Parking. Ready Possession with O.C. (Amenities Tower Higher Floor) 5,09,00,000/- Box Price. Bharat Parekh 9920675286. (SDB-3130)**

**FOR SALE**
**In Vileparle East 3 BHK Apartment, 780 sq. ft., Fully Furnished. 4th Floor, with Car Parking, with 4 AC, 4 TV, Fridge, etc. Price: 3.5 Crore, Contact: 9820558154. Call Time: 2:00 PM. to 9:00 PM. (B-17184)**

**BORIVALI WEST**
1/2/3/4 BHK Jodi Flats. Available for Sale / Rental. Malad to Dahisar Jigna Property 9819226771 Dhimant Shah. (832-C)

LEASE TARDEO 1 B H K, Fully Furnished with White Goods 2 Bathrooms, Veg Gujrati, Marwari Family only. Ready Possession. Dipak Damania - 9833676067, 9322661350. (525-D)

## ૧૮. જગ્યા જોઈએ છે

**મુલુંડ વેસ્ટમાં**
1 BHK ફ્લેટ ભાડેથી જોઈએ છે.. - 9619959698. (બી-૧૭૧૮૯)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

ઈન્ડસ્ટ્રીઅલ ગાળો
વિરાર ઈસ્ટમાં, 3000'નો HDIL ઈન્ડસ્ટ્રીઅલ પાર્કમાં 1લે માળે + માળીયા સાથે વેચવાનો છે. સંપર્કઃ 9029020027. (૮૪૨-એ)

ઈન્ડસ્ટ્રીઅલ ગાળો
જોગેશ્વરી વેસ્ટમાં એસ. વી. રોડ, વીણા દલવાઈ, ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટમાં 358'નો ગાળો બીજે માળે + માળીયા સાથે તુરંત વેચવાનો છે. સંપર્કઃ 9029020027. (૮૪૨-સી)

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
**રૂષભ ઉપાધ્યાય 9049625073**
**હિતેષ ઉપાધ્યાય 9326470109**
(એસડીબી-૩૦૭૭)

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**FACTORY BUILDINGS**
Lease/Sale-Charkop Kandivali 2850' Ground, 4500' 1st floor | Goregaon to Andheri & Miraroad 7000' to 13000' Ground floor. Milan Kamdar 9820017603. (KP-2535-C)

## ૨૦. ધંધાદારી જગ્યા

ઘાટકોપર (ઈસ્ટ)
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200'- 2000', ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578, 9987254333. (૩૬૮-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કૈલાષ પ્લાઝા, 400 સ્કવેર ફિટ કારપેટ દુકાન, ગ્રાઉન્ડ ફ્લોર, રેમન્ડ શોરૂમની બાજુમાં, ભાડેથી આપવાની છે. ''ઓનર'':- "9821224684". (૮૪૬-સી)**

ઘાટકોપર (ઈસ્ટ)
પંતનગર શુભમમાં ઓફિસો તથા વેસ્ટમાં ઓફિસો વેચાણથી/ ભાડેથી. કૌશલ મહેતા - 9323871933. (૮૫૧/એ)

ગોરેગાંવ (ઈસ્ટ)
ગોકુલધામ 2 દુકાન એટેચ + 1 RK 740' કાર્પેટ + 300' ફ્રન્ટેજ ભાડેથી / વેચાણથી. 9820862951 / 9819321332. (જેપી/ ૪૫૪૮-સી)

**DAHISAR EAST, S.V. ROAD**
**AVAILABLE COMMERCIAL PREMISES**
**220 Sq. Ft.**
**($1^{st}$ & $2^{nd}$ Floor)**
**95 Lacs (All inclusive)**
**READY POSSESSION**
**Aayush - 7718862111**
Brokers welcome
(B-17158)

ફોર્ટ
ઓફિસ, ૪૭૦ સ્કવેર ફીટ, કાર્પેટ, ૧લે માળે, મુંબઈ સમાચાર માર્ગ, BSE સામે, ભાડે / વેચાણથી આપવાની છે. સંપર્ક 9082326521. (બી-૧૭૧૮૮)

મસ્જીદબંદર (વેસ્ટ)
કાઝી સૈયદ સ્ટ્રીટ - સેમ્યુઅલ સ્ટ્રીટ, દુકાન- ગોદામ લાયક જગ્યા, રોડ ટચ - ગ્રાઉન્ડ ફ્લોર - એરિયા - ૭૫૫ / ૮૦૦ ભાડે / વેચાતી લેવા મળો - મહેશ શાહ - 98202 53026. (એસડીબીજી-૩૧૩૩)

ઘાટકોપર (ઈસ્ટમાં)
નવા બંધાતા 16 માળના કમર્શીયલ ટાવરમાં ઓફિસીસ વેચાણથી, MG રોડ, પ્રાઈમ લોકેશન, 16 સ્લેબ કંપ્લીટેડ. સંપર્ક - 9769345176 / 9757252097. (૮૫૫/એ)

# યુકેની ચૂંટણીમાં ગ્રીન પાર્ટીની બોલબાલા, લેબર પક્ષ ત્રીજા ક્રમે

લંડન : ગ્રીન પાર્ટીએ શુક્રવારે ઈંગ્લેન્ડમાં સંસદીય ચૂંટણી જીતી હતી, જે નાના પક્ષ માટે મોટો ફાયદો અને વડા પ્રધાન કીર સ્ટાર્મર માટે ફટકો હતો, જેમની મધ્ય-ડાબેરી લેબર પાર્ટી ત્રીજા સ્થાને ધકેલાઈ ગઈ હતી.

ગ્રીન ઉમેદવાર હેન્ના સ્પેન્સરને શુક્રવારે વહેલી સવારે ગોર્ટન અને ડેન્ટનમાં ૧૪,૯૮૦ મતો સાથે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. કટ્ટર-જમણેરી પાર્ટી રિફોર્મ યુકેના મેથ્યુ ગુડવિનને ૧૦,૫૭૮ મતો મળ્યા અને લેબર ઉમેદવાર એન્જેલીકી સ્ટોગિયાને ૯,૩૬૪ મતો મળ્યા હતા.

પરિણામ બ્રિટનમાં વધુને વધુ વિભાજિત રાજકીય પરિદ્રશ્ય દર્શાવે છે, જે દાયકાઓથી લેબર અને રૂઢિચુસ્ત પક્ષોનું પ્રભુત્વ ધરાવે છે.

ગ્રેટર માન્ચેસ્ટરના ગોર્ટન અને ડેન્ટન મતવિસ્તારમાંથી છેલ્લા લગભગ આખા દાયકામાં લેબર ધારાસભ્યો ચૂંટાયા હતા, પરંતુ જુલાઈ ૨૦૨૪માં સત્તામાં આવ્યા પછી સ્ટાર્મરની સરકારે તેની લોકપ્રિયતામાં ઘટાડો જોયો છે.

ગોર્ટન અને ડેન્ટનમાં જે લોકો પાછળ રહી ગયા અને એકલતા અનુભવે છે તેમના માટેઃ હું તમને જોઉં છું અને હું તમારા માટે લડીશ, તેવું સ્થાનિક કાઉન્સિલર અને પ્લમ્બર સ્પેન્સરે તેમના વિજય ભાષણમાં કહ્યું હતું.

ઉમરાવસભાના ગ્રીન સભ્ય જેની જોન્સે પરિણામને એકદમ ભૂકંપ સમાન ગણાવ્યું હતું.

આ વિજયથી પર્યાવરણવાદી પક્ષની કુલ બેઠકો ૬૫૦ બેઠકવાળા હાઉસ ઓફ કોમન્સમાં પાંચ થઈ ગઈ છે.

તેણે ફક્ત લેબરને જ નહીં, જે ૪૦૪ કોમન્સ બેઠક ધરાવે છે, પરંતુ અનુભવી કટ્ટર-જમણેરી રાજકારણી નિગેલ ફેરાજના નેતૃત્વ હેઠળના ઇમિગ્રેશન વિરોધી રિફોર્મ યુકેને પણ હરાવી દીધી છે, જે આઠ કોમન્સ બેઠક ધરાવે છે અને મહિનાઓથી રાષ્ટ્રીય અભિપ્રાય મતદાનમાં ટોચ પર છે.

આ વિસ્તારના ભૂતપૂર્વ લેબર ધારાસભ્યના રાજીનામાથી શરૂ થયેલી ચૂંટણીનું પરિણામ ખૂબ જ સારું રહ્યું, કારણ કે આ વિસ્તારમાં પરંપરાગત શ્રમજીવી વર્ગના લોકો - એક સમયે મજબૂત રીતે લેબર પાર્ટી તરફી, હવે સુધારા તરફ ઝુકાવ ધરાવતા - તેમજ મોટી સંખ્યામાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને મુસ્લિમ રહેવાસીઓ છે. તેમાંના ઘણા સ્ટાર્મરના નેતૃત્વ હેઠળ લેબરના મધ્યવાદી વલણ અને ગાઝામાં હમાસ સામેના યુદ્ધમાં ઇઝરાયલના વર્તનની ટીકા કરવામાં સરકારની ધીમી ગતિથી નિરાશ થયા છે - જે ગ્રીન પાર્ટી માટે ફળદ્રુપ જમીન છે.

''ઇકો-લોકપ્રિય'' નેતા ઝેક પોલાન્સકીના નેતૃત્વ હેઠળ, ગ્રીન્સે પર્યાવરણીય ચિંતાઓથી આગળ વધીને પેલેસ્ટિનિયન હેતુ માટે સમર્થન સહિતના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલી (વેસ્ટ)**
**સ્ટેશનથી વોકેબલ ટાર્ગેટ મોલમાં 180' ઓફિસ ભાડેથી / વેચાણથી. ઓનર - 9869208149. (૮૬૦/ડી)**

બોરીવલી (વેસ્ટમાં)
મોકાની દુકાન - એસ વી રોડ ફેસીંગ - 75,000/- ભાડું. એજન્ટઃ- 8007342828. (૮૫૫/જી)

મસ્જીદબંદર (વેસ્ટ)
સેમ્યુઅલ સ્ટ્રીટ, ૧લો માળ, એરીયા - ૨૦૦૦ ભાડેથી આપવાનો છે. મળો - મહેશ શાહ - 98202 53026. (એસડીબીજી-૩૧૩૨)

**JUHU / VILEPARLE / ANDHERI**
Exclusive Commercial, High End Glass Facade Bldg. With Ramp and Terrace Garden Choice of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 sqft, Retail Showroom 5000 to 20000 sqft Mihir 7021919014. (780-B)

LEASE PREMIUM RETAIL Shops 800 to 4900 sq.ft. Wide Frontage, Goregaon East, Proximity to Major business hubs like Nirlon, NESCO, Hotels "Ginger & Fern ". Ideal for Cafe | Restaurant | 2/4-Wheeler Display Showroom | Diagnostic Centre | Boutiques | Salon | Cloud Kitchen / 24*7 Business. Showroom 2600 sq.ft. / 40' Frontage, Borivali West, LT Road. Milan Kamdar 9820017603. (KP-2535-A)

## ૨૩. મનોરંજન

પ્રાર્થના - 6,500/-
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૮૧૦-એ)

**બજેટથી પ્રાર્થનાસભા**
**સંગીત સંધ્યા (11 Nashik), લગ્નગીત (15 Kandivali), સાંજી, ભજન, Anniversary Games. મનસુખભાઈ 9326801860 / 8169552801. (૮૫૯/એ)**

## ૨૪. વાહન/મોટરકાર સંબંધી

■ તમારી મનગમતી પેટ્રોલ- ડિઝલ- ટોયાટો- હુંડાઈ- હોન્ડા- મારૂતિ ગાડી લેવા-વેંચવા. શ્રીજી મોટર- ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૭૦૭૪)

## ૩૧. નાણાંકીય

ખોવાઈ ગયેલા
શેરો પાછા મેળવવા અને ફિઝિકલ શેર ડિમેટ કરવા સંપર્ક- 9820197333. (જેપી- ૪૫૪૦-ઈ)

**"FREE - FREE"..**
'શેર' ગોતો - ''કરોડપતિ બનો..'' તમારાં ખોવાયેલાં / ગુમાવેલાં / વારસાગત 'શેર' ''ફ્રીમાં'' ગોતી આપશું.. તથા IEPF / ટ્રાન્સમીશન / ડુપ્લીકેટ / ડીમેટની સર્વિસ આપશું.. ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'', Whatsapp - 8433779853, 8291225710. (બી-૧૭૧૯૪)

## ૩૨. જમીન - મિલકત

દેવલાલી
નાસીક રોડ, આકર્ષક રેડી બંગલા, પ્લોટ્સ ફ્લેટ્સ મળશે. ઈન્વેસ્ટમેન્ટ માટે ઉત્તમ તક. ''હોમલેન્ડ કન્સલ્ટન્ટ્સ'' 9588642414. (એસડીબી-૩૧૧૧)

**PLOTS REQUIRED**
Budget 100-500 Cr. for A+ Category Developer minimum 2500 sqr mtr prime location within Bandra to Borivali and South Mumbai only Mihir 7021919014. (781-D)

## ૩૩. ધંધાદારી

**100,000,00/-**
અનલીમીટેડ મેડીકલેમ 21127, લાઈફ ઈન્સ્યોરન્સ 42372, સીનીયર સીટીઝન ટોપઅપ 9500000 ફક્ત 17886, ભાનુભાઈ 8451922872. (૮૧૦-ડી)

**ડીમ કન્વેયન્સ**
**પ્રોપટીકાર્ડ ટ્રાન્સફર**
**સ્ટ્રકચર ઓડિટ**
**મેન્ટેનન્સ રીકવરી**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૭૧૬૨)

બિલ્ડીંગ રીપેરીંગ - શ્રીજી
આઉટસાઈડ વોલ પ્લાસ્તર, પોલીમાર, પેઈન્ટીંગ, ટેરેસ વોટરપ્રૂફિંગ, ટાઈલિંગ, બંગલો, ફ્લેટ ઈન્ટીરીઅર વર્ક. 98200 55343, 98210 67546. (એસડીબી-૩૧૧૦)

**સ્વાદિષ્ટ, સાત્વીક, પોષ્ટીક**
**હોળી માટે સ્પેશીયલ**
**ઠંડાઈ**
**કેશર ઠંડાઈ**
**શરબત-સીરપઃ ડ્રાયફ્રૂટ, રોઝબદામ, કેશર ઈલાયચી, રાજભોગ વગેરે**
**નરમસ્ ફૂડ પ્રોડકટ્સ**
**રીયલ ટેસ્ટ, પ્યોર કવોલીટી©**
**7977174474/7506953328**
અગ્રગણ્ય ડ્રાયફ્રૂટ, જનરલ, સુપર સ્ટોરમાં ઉપલબ્ધ
(એસડીબી-૩૧૨૯)

**■ આયુર્વેદિક કંપનીમાં બેરોજગાર મહિલા/ પુરુષ/ ગૃહિણી ઘરે બેઠા ઔષધ પેકિંગ કરીને દર મહિને ભરપૂર પૈસા કમાવો. સંપર્ક- 9153791752/ 8337081262. (૮૩૨-એ)**

**DHIRAJ**
**Old Antique Shop**
**VALUE GIVEN IS MORE THAN MARKET RATE**
**We also collect Goods & give free Home Service**
Old Furniture, Watches, Old Fountain Pens, Kerba, Old Crockery, Old Resham Kore And Zari, Old Toys, Old Camera, Old Notes And Coins, German Silver.
**CONTACT: DHIRAJ**
**9819774578, 8369666193**
**Kemps Corner, Kwality Hours Shop No. 112, Mumbai - 36.**
(328)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**રાજમળી જ્યોતિષ**
જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન. ગૃહકલેશ, સૌતન, સંતાન, વિવાહ, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ. 9987679488. (મીરારોડ) (બી-૧૭૧૪૧)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૦૨૭)

# જેએનયુમાં વિદ્યાર્થીઓ અને પોલીસો બાખડ્યા

નવી દિલ્હીઃ દિલ્હીમાં આવેલી જવાહર લાલ નહેરુ યુનિવર્સિટીમાં ફરી હિંસા ભડકી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. યુજીસીના નિયમોને મામલે વિરોધ પ્રદર્શન થઈ રહ્યું હતું. આ પ્રદર્શનકારીઓએ શિક્ષણ મંત્રાલય પર કૂચ કરવાની જાહેરાત કરી હતી. પોલીસે બેરિકેડ રાખીને વિદ્યાર્થીઓને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. છતાં પણ પ્રદર્શનકારી કાબૂમાં ના રહેતા પોલીસે બળનો ઉપયોગ કર્યો હતો. આ દરમિયાન પચીસથી પણ વધારે પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યાં છે. કાર્યવાહીની વાત કરવામાં આવે તો, પોલીસે પચાસ જેટલા વિદ્યાર્થીઓની અટકાયત કરી છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે આ મામલે દિલ્હી પોલીસે એફઆઈઆર પણ દાખલ કર્યો હતો. વસંત કુંજ નોર્થ પોલીસ સ્ટેશનમાં વિદ્યાર્થીઓ સાથે એફઆઈઆર નોંધવામાં આવ્યો છે. આ વિદ્યાર્થીઓ પર સરકારી કર્મચારીઓને કામ કરતા રોકવા, પોલીસ પર હુમલો કરવો જેવી કલમો હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. ■

# સરઃ પશ્ચિમ બંગાળના વાંધાને સુપ્રીમે ફગાવ્યો

નવી દિલ્હીઃ રાજ્યમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)માં તહેનાત અદાલતી અધિકારીઓ માટે ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલ તાલીમ મોડ્યુલ પર પશ્ચિમ બંગાળ સરકારના વાંધાને ધ્યાનમાં લેવાનો શુક્રવારે સુપ્રીમ કોર્ટે ઇનકાર કર્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બેન્ચે કહ્યું કે ન્યાયિક અધિકારીઓ કોઈપણ વસ્તુથી પ્રભાવિત થશે નહીં અને આ મામલે સર્વોચ્ચ અદાલતે આપેલા આદેશો દિવસના પ્રકાશની જેમ સ્પષ્ટ છે.

પશ્ચિમ બંગાળ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબલે બેન્ચ સમક્ષ આ બાબતનો વાંધો ઉઠાવ્યો ત્યારે સીજેઆઈએ કહ્યું કે રાજ્યમાં આ કવાયત માટે તૈનાત ન્યાયિક અધિકારીઓ નિર્ણય લેશે.

ટોચની અદાલતના ૨૦ ફેબ્રુઆરીના આદેશનો ઉલ્લેખ કરતા, સિબ્બલે દલીલ કરી હતી કે બેન્ચે કહ્યું હતું કે કોલકાતા હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ પદ્ધતિઓ નક્કી કરશે.

ત્યારે બેન્ચે જવાબ આપ્યો હતો કે, મોડેલિટીનો અર્થ આ સમગ્ર પ્રક્રિયા માટેની વ્યવસ્થા છે જે હાથ ધરવામાં આવનાર છે. કૃપા કરીને નાના બહાના ન બનાવો અને બધું અટકાવો.

અમે અમારા ન્યાયિક અધિકારીઓને જાણીએ છીએ. તેઓ કોઈ પણ વસ્તુથી પ્રભાવિત થવાના નથી. અમે સ્પષ્ટ કર્યું છે કે કયા દસ્તાવેજો જોવાના છે. અમારા આદેશો દિવસના પ્રકાશ જેટલા સ્પષ્ટ છે, તેવું કોર્ટે કહ્યું હતું. ■

# બ્લેક ફ્રાઈડેઃ ૧૦૦૦ પોઈન્ટનો જોરદાર કડાકો, ₹ પાંચ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એફઆઇઆઇની લેવાલી આ મહિને વધી હોવાથી શેરબજારની ગાડી માંડ પાટે ચઢી રહી હતી ત્યાં શુક્રવારે બજારે ફરી જોરદાર કડાકો બોલાવીને રોકાણકારોને હતાશ કરી નાંખ્યા છે. શેરબજારમાં ફરી બ્લેક ફ્રાઇ ડે સર્જાયો હતો. સેન્સેક્સમાં ૧૦૦૦ પોઇન્ટના જોરદાર કડાકા સાથે બીએસઇના માર્કેટ કેપિટલાઇઝેશનમાં પ્રારંભિક અંદાજ અનુસાર રૂ. પાંચ લાખ કરોડનું ધોવાણ જોવા મળ્યું હતું.

સત્રને અંતે સેન્સેક્સ ૯૬૧.૪૨ પોઇન્ટ અથવા તો ૧.૧૬ ટકાના કડાકા સાથે ૮૧,૨૮૯.૧૦ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૩૧૭.૯૦ પોઇન્ટ અથવા તો ૧.૨૫ ટકાના કડાકા સાથે ૨૫,૧૭૮.૬૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. આ વેચવાલીથી પ્રારંભિક અંદાજ અનુસાર રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૪.૯૮ લાખ કરોડથી વધુનો ઘટાડો થયો, જેના કારણે બીએસઇ પર લિસ્ટેડ તમામ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન ઘટીને રૂ. ૪૬૩.૫૦ લાખ કરોડ (૫.૧૦ ટ્રિલિયન ડોલર)ના સ્તરે પહોંચ્યું હતું.

નોંધવું રહ્યું કે પાછલા મંગળવારે પણ સેન્સેક્સ સત્ર દરમિયાન ૧૩૦૦ પોઇન્ટ જેટલા નીચા સ્તરે પટકાયા બાદ અંતે સેન્સેક્સ ૧,૦૬૮.૭૪ પોઈન્ટના કડાકા સાથે બંધ થયો હતો અને અંદાજે ૩.૫૦ લાખ કરોડનું ધોવાણ થયું હતું. શુક્રવારે શેરબજારમાં ખાસ કરીને છેલ્લા અડધા કલાકમાં ભારે અફડાતફડી મચી હતી. સેન્સેક્સ ૧,૦૫૦ પોઈન્ટથી વધુ ગગડ્યો હતો અને નિફ્ટી ૨૫,૧૫૦ પોઇન્ટથી નીચે સરકી ગયો હતો. આ પછી સેન્સેક્સ ઝડપી લેવેચના સોદા વચ્ચે સેન્સેક્સ ૯૨૫ પોઇન્ટથી ૧૦૨૫ સુધીની રેન્જમાં સતત અથડાતો રહ્યો હતો.

ભારતીય શેરબજારોમાં સવારના સત્રમાં જ તીવ્ર ઘટાડો જોવા મળ્યો, સેન્સેક્સ ૬૦૦ પોઈન્ટ નીચી ગબડ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૫,૩૦૦ થી નીચે ટ્રેડ થઈ રહ્યો હતો. અનેક પરિબળોને કારણે એફએમસીજી, ઓટો, રિયલ્ટી અને ફાર્મા સેક્ટરની આગેવાનીમાં વેચવાલીનું તીવ્ર દબાણ આવવાથી બજારનું માનસ ખરડાયું હતું.

સ્મોલ અને મિડકેપ શેરોમાં પણ વ્યાપક વેચવાલીને કારણે ધોવાણ જોવા મળ્યું હતું. સેકટરલ ધોરણે બેંક, ફાઇનાન્શિઅલ ઓટો, મેટલ્સ, રિયલ્ટી અને કેમિકલ શેરોમાં વ્યાપક વેચવાલી જોવા મળી હતી.

વિવિધ કારણોસર બજારમાં સાવચેતીનું માનસ સર્જાયું હોવાથી રોકાણકારો અને ફંડ મેનેજરોએ પસંદગીના શેરોમાં લેવાલી મર્યાગિત કરી હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું. શેરબજારની પીછેહઠના મૂળ કારણોમાં બજારમાં મુખ્ય ચાર પરિબળો ચર્ચાઇ રહ્યા હતા, જેમાં એફઆઈઆઈની ફરી શરૂ થયેલી વેચવાલી, ગ્લોબલ માર્કેટના નબળા સંકેત અને ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડા ઉપરાંત ખાસ કરીને અમેરિકા અને ઇરાન વચ્ચેનો ટેન્શનનો સમાવેશ હતો.

નોંધવું રહ્યું કે, અમેરિકા અને ઈરાન વચ્ચે વાયાઘાટો શરૂ થઇ છે પરંતુ બંને પક્ષી હજુ સુધી કોઈ કરાર પર પહોંચ્યા નથી અને એફઆઇઆઇએ ફેબ્રુઆરીમાં બે અબજ ડોલરની નેટ બાઇંગ નોંધાવી છે, પરંતુ અમેરિકાની બદલાતી નીતિ વચ્ચે વિદેશી ફંડો ફરીથી વેચવાલી શરૂ કરી છે.

સેન્સેક્સ પેકમાંથી, સન ફાર્મા, ભારતી એરટેલ, બજાજ ફિનસર્વ, ઇન્ટરગ્લોબ એવિએશન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને મારુતિ ટોપ લુઝર અને એચસીએલ ટેક, ટ્રેન્ટ, ઇન્ફોસિસ અને ઉટર્નલ ટોપ ગેઇનર રહ્યા હતા. ગોડિયમ આઇવીએફ એન્ડ વીમેન હેલ્થ લિમિટેડના શેર તેના રૂ. ૭૯ના ઇશ્યુ ભાવ સામે પાંચ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટ થયા બાદ ૧૦.૩૧ ટકા સુધી આગળ વધ્યો હતો અને અંતે બે ટકાના સુધારા સાથે સ્થિર થયો હતો. વટ્રેક્સ ગ્રુપે એઆઇ આરએન્ડડી પાછળ ત્રણ વર્ષમાં રૂ. ૧૦૦ કરોડની રોકાણ યોજના બનાવી છે.

એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૩,૪૬૫.૯૯ કરોડના શેર વેચ્યા. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૫,૦૩૧.૫૭ કરોડના શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૧.૨૬ ટકા વધીને ૭૧.૬૪ પ્રતિ બેરલ બોલાયું હતું.

અગ્રણી માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, નબળા વૈશ્વિક સંકેતો અને વધતા જતા ભૂરાજકીય જોખમો વચ્ચે ભારતીય બજારો મજબૂત થવાનું ચાલુ રાખ્યું, જોકે રોકાણકારોમાં સાવચેતીનું માનસ સર્જાયું છે. અમેરિકા અને ઈરાન પરમાણુ વાટાઘાટોમાં પ્રગતિના અભાવે મધ્યપૂર્વના તણાવમાં વધુ વધારો થવાની ચિંતાઓ વધારી છે.

બીજી તરફ એઆઇને કારણે માથે તોળાઇ રહેલા અનિશ્ચિતતાને કારણે પણ રોકાણ પ્રવાહ સેફ હેવન એસેટ તરફ વળી રહ્યો છે. સ્થાનિક સ્તરે કોર્પોરેટ પરિણામોની મોસમ બંધ થઈ રહી છે ત્યારે તેન સ્થાને ગ્લોબલ મેક્રો પરિબળો પ્રાધાન્ય મેળવી રહ્યા હોવાથી રિસ્ક ઓન ટોન પ્રવર્તી રહ્યો હોવાનું આ એનાલિસ્ટે જણાવ્યું હતું. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી એક ટકા ઘટ્યો. જાપાનનો નિક્કી ૨૨૫, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો હતો.

એક અન્ય એનાલિસ્ટે કહ્યું હતું કે, અનિર્ણિત યુએસ-ઈરાન વાટાઘાટો પછી નબળા ગ્લોબલ સંકેતો અને વધતી જતી ભૂરાજકીય અનિશ્ચિતતાએ રોકાણકારોના વિશ્વાસને ડગમગાવ્યો હતો. તાજેતરના સુધારા પછી ઓટો, એફએમસીજી અને ફાર્મા શેરોમાં વ્યાપક ધોરણે પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. નવા સ્થાનિક ટ્રિગર્સની ગેરહાજરીએ ખાસ કરીને વેપારના અંતિમ કલાક દરમિયાન ઘટાડાની ગતિને વધુ વેગ મળ્યો હતો. ■

# ચાંદીમાં ₹ ૬૦૩૩નું બાઉન્સબૅક, સોનું ₹ ૧૦૭૫ ઝળક્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ટ્રમ્પની ટૅરિફની અનિશ્ચિતતાઓ અને અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ખાસ કરીને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૬૦૩૩નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૭૧થી ૧૦૭૫નો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૬૦૩૩ વધીને રૂ. ૨,૬૬,૭૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ચાંદીમાં જ્વેલરી ઉત્પાદકોની લેવાલીનો અભાવ હતો. તે જ પ્રમાણે આજે સોનામાં પણ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૭૧ વધીને રૂ. ૧,૫૮,૪૬૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૭૫ વધીને રૂ. ૧,૫૯,૦૯૭ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સલામતી માટેની માગ ઉપરાંત અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ ત્રણ મહિનાની નીચી સપાટીએ પહોંચતા હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ૫૧૮૧.૧૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ મહિનામાં અત્યાર સુધીમાં હાજરમાં સોનાના ભાવ ૬.૫ ટકા વધી આવતા સતત સાતમાં મહિનામાં માસિક ધોરણે સુધારો જોવા મળ્યો છે. તેમ જ આજે એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૫૧૯૮.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૭ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૮૯.૮૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે વૈશ્વિક સ્તરે અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતા અને બીજુ અમેરિક-ઈરાન વચ્ચેનો તણાવ સોનાની તેજીને ટેકો આપી રહ્યો હોવાનું એએનઝેડનાં વિશ્લેષક સોની કુમારીએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે જીનિવા ખાતે અમેરિકા-ઈરાનનાં પ્રતિનિધિઓની ન્યૂક્લિયરના મુદ્દે વાટાઘાટ થઈ હતી અને વાટાઘાટમાં પ્રગતિ થઈ હોવાનું અને આગામી સપ્તાહે વિયેના ખાતે ટૅક્નિકલ મુદ્દા પર પુનઃ વાટાઘાટ થશે, એમ ઓમાનના મધ્યસ્થીએ જણાવ્યું હતું.

વાસ્તવમાં ગઈકાલની વાટાઘાટોમાં કોઈ સ્પષ્ટ ઉકેલ ન આવ્યો હોવાથી ભૂરાજકીય તણાવ યથાવત્ રહેતાં સોનાના ભાવમાં સુધારો જોવા મળ્યો હોવાનું એક્સએસ ડૉટ કૉમના વિશ્લેષક લિન્હ ટ્રાને જણાવ્યું હતું.

હાલમાં અમેરિકાએ કામચલાઉ ધોરણે નવી ૧૦ ટકા ટૅરિફનો અમલ શરૂ કર્યો છે. જોકે, અમુક દેશો પર દર વધારીને ૧૫ ટકા કરવામાં આવ્યો હોવાનું યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરે જણાવ્યું હતું. જોકે, આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા બેરોજગારીના ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ક્રૂડતેલના ભાવમાં તીવ્ર ઉછાળો આવતા ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા તૂટીને ૯૧ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરષ્ટ્રીય બજારમાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ૧.૬૪ ટકા જેટલો ઝડપી ઉછાળો આવ્યાના સંકેતો ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા તૂટીને ૯૧ની સપાટી કુદાવીને ૯૧.૦૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ રહેતાં અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૯૧ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૯૦.૯૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૧.૦૮ અને ઉપરમાં ૯૦.૯૧ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૭ પૈસા તૂટીને ૯૧.૦૮ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે વૈશ્વિક સ્તરે પ્રવર્તી રહેલા ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા રૂપિયાની રેન્જ ૯૦.૭૦થી ૯૧.૨૦ આસપાસની રહેશે, એમ મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૬૪ ટકા ઉછળીને બૅરલદીઠ ૭૧.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૯૬૧.૪૨ પૉઈન્ટનો અને ૩૧૭.૯૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૪૬૫.૯૯ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હતો. તેમ છતાં આજે ડૉલર ઈન્ડેક્સ સાધારણ ૦.૦૫ ટકા ઘટીને ૯૭.૭૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૧૦ની આગેકૂચ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડમાં આગેકૂચ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર વધુ ક્વિન્ટલે રૂ. ૧૫ના સુધારા સાથે રૂ. ૩૭૨૦થી ૩૭૬૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં ખપપૂરતી માગ રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૩૮૭૨થી ૩૯૨૨ના મથાળે ટકેલા રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૫૨થી ૪૦૨૨માં થયા હતા. ■

# ઉનાળામાં કોલસાની અપેક્ષિત માગ સંતોષવા કૉલ ઈન્ડિયા સજ્જ

નવી દિલ્હીઃ દેશમાં વીજળીના વપરાશમાં વધારો થઈ રહ્યો છે અને ઉનાળાના સમયગાળામાં કોલસાની અપેક્ષિત માગને પહોંચી વળવા માટે જાહેર ક્ષેત્રની કંપની કૉલ ઈન્ડિયા લિ. સજ્જ હોવાનું જણાવવાની સાથે સ્થાનિકમાં ઈંધણની અછતની ચિંતાઓને નકારી કાઢી હતી.

કંપનીએ જણાવ્યું હતું કે કંપનીના પીટહેડ્સમાં, થર્મલ પાવર પ્લાન્ટ સ્ટોકમાં અને રેડી ટૂ એક્સ્ટ્રેક્ટ ઈન સિટુ રિઝર્વમાં મોસમની સર્વોચ્ચ માગ સંતોષી શકાય તેટલો ત્રિસ્તરીય બફર સ્ટોક છે. ગત ૨૬મી ફેબ્રુઆરીના રોજ કોલ ઈન્ડિયા લિ.ની ઉત્પાદક પેટા કંપનીઓના પીટહેડ્સમાં ૧૧.૫ કરોડ ટન કોલસાનો સ્ટોક છે. તેમ જ વર્તમાન નાણાકીય વર્ષના અંત સુધીમાં આ આંકડો વધી શકે છે.

સામાન્યપણે ગરમીમાં એર કન્ડિશનર, કૂલર્સ, રેફ્રિજરેટર અને સિંચાઈ માટેના પંપનો વપરાશ વધુ થતો હોવાથી પાવર એકમોને ઉનાળાના સમયગાળામાં ઈલેક્ટ્રિસિટીની માગ પૂરી પાડવા માટે મોટી માત્રામાં કોલસાની આવશ્યકતા રહેતી હોય છે.

નોંધનીય બાબત એ છે કે દેશનાં વીજ ઉત્પાદનમાં દેશની કુલ સ્થાપિત ક્ષમતાના ૭૦ ટકા હિસ્સા સાથે થર્મલ પાવર વધુ પ્રભુત્વ ધરાવે છે અને વીજળીના વાર્ષિક ઉત્પાદનમાં ૭૫ ટકા હિસ્સો પૂરો પાડે છે. કૉલ ઈન્ડિયાની આંકડાકીય માહિતી અનુસાર ગત ૨૫મી ફેબ્રુઆરી સુધીમાં કોલસા આધારીત થર્મલ પાવર એકમોમાં કોલસાનો સ્ટોક લગભગ ૫.૫ કરોડ ટનનો હતો, જે અત્યાર સુધીનો સૌથી વધુ હતો.

આ ઉપરાંત ૫૫ લાખ ટન કોલસાનો સ્ટોક પરિવહનમાં, વૉશરિઝમાં અને પોર્ટ પર રહ્યો હતો. આમ એકંદરે સંચિત ધોરણે બધા સ્રોતોમાં કુલ ૧૭.૫ કરોડ ટન સ્ટોક ઉપલબ્ધ છે જે ઉનાળામાં પાવર ક્ષેત્રની માગને પહોચી વળવા પર્યાપ્ત હોવાનું કંપનીએ જણાવ્યું હતું. ■

# ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીએ ₹૩૫૬નો ઉછાળો, કોપરમાં આગેકૂચ

## માર્ચ, ૨૦૨૭ સુધીમાં કોપરના ભાવ ટનદીઠ ૧૫,૦૦૦ ડૉલર પહોંચવાનો યુબીએસનો અંદાજ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની માગને ટેકે તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપર અને બ્રાસની વેરાઈટીઓ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. બેથી ૨૧ સુધીની તેજી આગળ ધપી હતી. જોકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની અવિરત આક્રમક લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૫૬નો ઝડપી ઉછાળો આવ્યો હતો અને ભાવ કિલોદીઠ રૂ. ૫૩૦૦ની સપાટી કુદાવી ગયા હતા.

વધુમાં આજે ઈન્વેસ્ટમેન્ટ બૅન્ક યુબીએસએ ખાસ કરીને કોપરમાં પુરવઠાખેંચ અને ચીનની પ્રબળ માગને ધ્યાનમાં લેતા આગામી માર્ચ, ૨૦૨૭ સુધીમાં કોપરના ભાવ ટનદીઠ ૫૦૦ ડૉલર વધીને ૧૫,૦૦૦ ડૉલરની સપાટી સુધી પહોંચે તેવો અંદાજ મૂક્યો હતો.

દરમિયાન આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૫૬ની તેજી સાથે રૂ. ૫૩૨૫ની સપાટીએ પહોંચ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હતી તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૨૧ વધીને રૂ. ૧૩૦૭, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૧૨૦૮, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૧૯૨, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૧૯૨ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૧૦૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોને લેવાલીને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૪૫ અને રૂ. ૭૩૮ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૩૧ના મથાળે રહ્યા હતા. જોકે, આજે નિકલમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવ કિલોદીઠ રૂ. ત્રણના સાધારણ ઘટાડા સાથે રૂ. ૧૬૪૦ના મથાળે અને ખપપૂરતી માગને ટેકે એલ્યુમિનિયમ અને લીડ ઈન્ગોટ્સના ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ચંદ્રશેખરનની પુનઃનિમણૂક મુલતવી રહેતા ટાટા ટ્રસ્ટના ઠરાવ સામે પ્રશ્નો ઊભા થયા

નવી દિલ્હીઃ ટાટા સન્સના ચેરમેન તરીકે નટરાજન ચંદ્રશેખરનની ત્રીજી મુદત માટે પુનઃનિમણૂક મુલતવી રહેવાને કારણે, ગયા વર્ષે ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા તેમના કાર્યકાળને લંબાવવાની ભલામણ માટે સર્વાનુમતે પસાર કરવામાં આવેલા ઠરાવ સામે પ્રશ્નો ઉભા થયા હોવાનું ગ્રુપ નિરીક્ષકોએ જણાવ્યું હતું. મંગળવારે યોજાયેલી બોર્ડ મીટિંગમાં, ટાટા સન્સે ચંદ્રશેખરનને તેમના પદ પર ચાલુ રાખવાનો નિર્ણય મુલતવી રાખ્યો હતો, જે સોલ્ટ-ટુ-સોફ્ટવેર સમૂહની હોલ્ડિંગ કંપનીમાં સંભવિત મતભેદોનો સંકેત આપે છે, એમ પીટીઆઇના અહેવાલમાં જણાવાયું છે.

ટાટા ટ્રસ્ટના ચેરમેન નોએલ ટાટાએ ચંદ્રશેખરનની પુનઃનિમણૂક માટે ઘણી શરતો મૂકી હોવાનું જાણવા મળે છે, જેના કારણે આ મુલતવી રાખવામાં આવી હતી. (પીટીઆઇ) ■


## પબ્લિક નોટીસ

**વિરાર સ્ટેશન ખાતે ૨ જો નોર્થ ફૂટ ઓવર બ્રીજની પશ્ચિમ-બાજુ બંધ રહેશે**

વિરાર અને દહાણૂ રોડ રેલવે સ્ટેશનો વચ્ચે ૩જી અને ૪થી રેલવે લાઈનોના કન્સ્ટ્રકશનના લીધે, કીમી ૫૯/૨૪-૨૬ ખાતે વિરાર રેલવે સ્ટેશન ખાતે મોજૂદ ૨ જા નોર્થ ફૂટ ઓવર બ્રીજના પશ્ચિમ-બાજુ સ્પાન, જે પ્લેટફોર્મ નં. ૫/૬ સાથે પશ્ચિમ સરક્યુલેટીંગ એરીયા અને પૂર્વ સરક્યુલેટીંગ એરીયાને જોડે છે, જેનું તોડકામ કરવામાં આવનાર છે.

બંધ થવાની મુદત દરમિયાન, યાત્રીઓને સલાહ છે કે કીમી ૫૯/૨૦-૨૨ ખાતે મીડલ FOB અને પશ્ચિમથી પૂર્વ મુવમેન્ટ માટે ઉત્તર છેડે કીમી (૬૦/૪-૬) ખાતે આવેલ ફૂટ ઓવર બ્રીજનો ઉપયોગ કરે, જે વેસ્ટ સરક્યુલેટીંગ એરીયા, પ્લેટફોર્મ નં. ૨, પ્લેટફોર્મ નં. ૩/૪, પ્લેટફોર્મ નં. ૫/૬ અને પૂર્વ સરક્યુલેટીંગ એરીયાની વચ્ચે જોડાણની જોગવાઈ કરે છે.

તદ્અનુસાર સદર ફૂટ ઓવર બ્રીજ ૨/૩/૨૦૨૬ના અમલથી વધુ નોટીસ ના અપાય ત્યાં સુધી બંધ રહેશે.

યાત્રીઓને પડનારી અગવડતા બદલ ખૂબ જ દિલગીર છીએ.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in

1186

અમને લાઈક કરોઃ www.facebook.com/WesternRly | અમને ફોલો કરોઃ www.twitter.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર ડે. ચી. એ.(O&M) / et-૪૬ / SWD તા. ૨૭.૦૨.૨૦૨૬

**બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**Et-૪૬**
(ટેન્ડર ID-૨૦૨૬_MCGM_૧૨૮૨૦૫૮_૧)

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| પેટા વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (O&M) SWD |
| વિષય | ડે.ચી.એ. (O&M)SWDના સેક્શન હેઠળ 'F/N' વોર્ડમાં ભારત નગર રેલવે કલ્વર્ટ અને ષણમુખાનંદ રેલવે કલ્વર્ટની સફાઈનું કામ. |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખ ૨૮.૦૨.૨૦૨૬ સમયઃ ૧૧.૦૦ ક.થી |
| ઈ-ટેન્ડર પાકતી તારીખ | તારીખ ૦૯.૦૩.૨૦૨૬ સમયઃ ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી નામ | શ્રીમતી વનિતા કોકાટે એક્ષિક્યૂટિવ એન્જિનિયર (O&M) મીકે. SWD |
| ટેલિફોન નંબર (ઓફિસ) | ૦૨૨-૨૪૩૦૯૮૧૭ ૦૨૨-૨૪૩૦૯૪૭૨ |
| મોબાઈલ નં. | ૯૮૩૩૫૩૯૦૨૯ |
| ઈ-મેઈલ સરનામું | dyche01onm.swd@mcgm.gov.in eeomcity01.swd@mcgm.gov.in |

સહી/-
એક્ષી. એન્જી. (O&M) મીકે. SWD

PRO/3150/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.



## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૨
ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ
KEM/૨૩૬/MST/NON-SCH/૨૬ (ઈ-ટેન્ડર)

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચેના ઓનલાઈન ઈ-ટેન્ડરો મંગાવે છે. ટેન્ડર ફક્ત મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા મંગાવવામાં આવે છે.

| ક્ર. નં. | વર્ણન | ઈ-ટેન્ડર ફી | બારડી | ઓનલાઈન બીડ ડાઉનલોડિંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧. | KEM/૨૩૭/MST/૨૬/Non-Sch "B.M.C.ના K.E.M. હોસ્પિટલના ENT વિભાગ માટે Varioufor કોબ્લેટર મશીનની ખરીદી". ૨૦૨૬_MCGM_૧૨૮૨૧૩૧_૧ | ૧૪૫૨ + (૧૮% GST) | ૧૨,૦૦૦ | ૨૮.૦૨.૨૦૨૬ ૧૮.૦૦ ક. | ૦૬.૦૩.૨૦૨૬ ૧૫.૦૦ ક. |
| ૨. | KEM/૨૩૮/MST/૨૬/Non-Sch "B.M.C.ના K.E.M. હોસ્પિટલના ENT વિભાગ માટે Varioufor કોબ્લેટર મશીનની ખરીદી". ૨૦૨૬_MCGM_૧૨૮૨૧૨૭_૧ | ૧૪૫૨ + (૧૮% GST) | ૧૪,૦૦૦ | ૨૮.૦૨.૨૦૨૬ ૧૮.૦૦ ક. | ૦૬.૦૩.૨૦૨૬ ૧૫.૦૦ ક. |

મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) દ્વારા બીડ મંગાવવામાં આવશે. ટેન્ડરર નોટીસ અંગે ઈશ્યૂ કરાયેલ કોઈપણ સુધારા ફક્ત મહાટેન્ડર વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
KEM હોસ્પિટલ

PRO/3143/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**દેવનાર કતલખાનું**
**વિભાગ-જનરલ મેનેજર, દેવનાર કતલખાનું**
**"ઈ-ટેન્ડર નોટિસ"**

BMCના મ્યુનિસિપલ કમિશનર પાકતી તારીખ ૦૬.૦૩.૨૦૨૬ના પરત કરી શકાય તેવા નીચેના કામ માટે ટેન્ડરો મંગાવે છે.

કામનું નામઃ
૧) દેવનાર કતલખાના ખાતે કાયમી ઘેટાં-બકરીઓના શેડના ઓપરેશન અને જાળવણી સાથે બકરી ઈદ - તહેવાર ૨૦૨૬ દરમિયાન કામચલાઉ લાઇટિંગ વ્યવસ્થાની જોગવાઈનું કામ.
૨) દેવનાર કતલખાના ખાતે નવી LT પેનલથી તાજા પાણીના પમ્પિંગ સુધી સપ્લાય કેબલની ડિઝાઈન, જોગવાઈ, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગનું કામ.
૩) દેવનાર કતલખાનામાં વિવિધ સ્થળો ખાતે બકરી ઈદ - ૨૦૨૬ માટે MS ફ્રેમ સાથે ફલેક્સ બેનરો / સાઈનેજના વિવિધ પ્રકારનું ડિઝાઈન, જોગવાઈ, ફેબ્રિકેશન અને ઈન્સ્ટોલેશનનું કામ.


| ક્ર. નં. | બીડ નંબર | બીડ પ્રારંભ તારીખ | બીડ અંતિમ તારીખ | ટેન્ડર કિંમત | બાના રકમ ડિપોઝિટ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_ ૧૨૮૧૮૨૮_૧ | ૨૮.૦૨.૨૦૨૬ | ૦૬.૦૩.૨૦૨૬ | રૂ. ૭૨૬૦/- + ૧૮% GST | રૂ.૫૪,૦૦૦/- |
| ૨ | ૨૦૨૬_MCGM_ ૧૨૮૧૮૬૦_૧ | ૨૮.૦૨.૨૦૨૬ | ૦૬.૦૩.૨૦૨૬ | રૂ. ૭૨૬૦/- + ૧૮% GST | રૂ.૫૪,૦૦૦/- |
| ૩ | ૨૦૨૬_MCGM_ ૧૨૮૧૮૬૪_૧ | ૨૮.૦૨.૨૦૨૬ | ૦૬.૦૩.૨૦૨૬ | રૂ. ૭૨૬૦/- + ૧૮% GST | રૂ.૫૫,૦૦૦/- |

રસ ધરાવતા લાયક કોન્ટ્રાક્ટરો ઈ-ટેન્ડર અંગે વધુ માહિતી BMC વેબસાઈટ https://portal.mcm.gov.in/ under (For Partners--> Tenders-view--> Select Department - Deonar Abattoir)પર અથવા જનરલ મેનેજર, દેવનાર કતલખાનું, ગોવંડી રેલવે સ્ટેશન સામે, ગોવંડી, મુંબઈ-૪૩ની ઓફિસમાંથી મેળવી શકાય છે.

સહી/-
જનરલ મેનેજર
દેવનાર કતલખાનું

PRO/3139/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.




# ‘બેસ્ટ’ના પ્રવાસીઓની હાલાકી પહેલી માર્ચથી થશે શરૂ

## દક્ષિણ મુંબઈ અને ઉપનગરીયમાં અનેક રૂટ પર સર્વિસમાં ઘટાડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટાન્સપોર્ટ (બેસ્ટ) દ્વારા પહેલી માર્ચથી મુંબઈમાં દોડતી તેની અનેક બસના રૂટમાં ફેરફાર કર્યો છે. અનેક રૂટ પરની સેવાને ટૂંકાવી દેવામાં આવી છે, તો અમુક જગ્યાએ સેવામાં ઘટાડો કરવામાં તો અમુક જગ્યાએ રૂટને ડાઈવર્ટ કરી દેવામાં આવ્યા છે. આ ફેરફારને કારણે દક્ષિણ મુંબઈ સહિત ઉપનગરમાં બસસેવાને અસર થશે.

હાલ બેસ્ટ ઉપક્રમ પાસે પોતાની માલિકીની ૨૪૯ બસ છે, જે લગભગ બે વર્ષ પહેલા એપ્રિલ ૨૦૨૪માં લગભગ ૧,૧૦૦ હતી. એપ્રિલ ૨૦૨૫માં આ સંખ્યા ૭૫૭ હતી. બેસ્ટ ઉપક્રમ દ્વારા હાલ રસ્તા પર દોડાવવામાં આવતી ૨,૬૫૦ બસમાંથી મોટાભાગની બસ કૉન્ટ્રેક્ટ પર લીધેલી છે. રસ્તા પર ઓછી સંખ્યામાં બસ દોડતી હોવાને કારણે પહેલાથી મુંબઈગરા પરેશાન થઈ ગયા છે, તેમાં હવે પહેલી માર્ચથી કરવામાં આવેલા સુધારાને કારણે બેસ્ટમાં પ્રવાસ કરનારાઓને હજી હાલાકીનો સામનો કરવો પડી શકે છે. ■

### કયાં રૂટ પર થશે ફેરફાર

બેસ્ટ ઉપક્રમના જણાવ્યા મુજબ બેસ્ટના અનેક રૂટમાં ફેરફાર કરવામાં આવ્યા છે, જેમાં મુખ્યત્વે એ-૬ રૂટની બસ સેવા હવે બૅક બે ડેપોને બદલે કોલાબા ડેપો પર પૂરી થશે. રૂટ એ-૨૨ જીજામાતા ઉદ્યાન અને મજાસ ડેપો વચ્ચે દોડશે, અગાઉ તે વિજય વલ્લભ ચોક સુધીની હતી. રૂટ ૬૯ની બસસેવા વડાલા ડેપોને બદલે શિવડીમાં પ્રબોધનકાર ઠાકરે ઉદ્યાન પર સમાપ્ત થશે, જ્યારે રૂટ એ-૪૧૫ની સર્વિસ સીપ્ઝ ગાંવને બદલે સીપ્ઝ બસ સ્ટેશન પર પૂરી થશે.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ અને સાંતાક્રુઝ ડેપો વચ્ચે દોડતી રૂટ એ-૧ અગાઉ વાયા બાન્દ્રા રીક્લેમેશન અને બાન્દ્રા પશ્ચિમના બસ સ્ટેશનને કવર કરી હતી હવે ત્યાં નહીં જાય. તેને બદલે હવે તે માહિમ-કોલીવાડા અને બાન્દ્રા ટોકિઝ વચ્ચે સીધી એસવીરોડ પર દોડશે. ચાંદવિલીમાં વડાલા ડેપો અને સંઘર્ષ નગરને જોડતી રૂટ ૪૧૧ હવે સંત કબીર માર્ગને બદલે કે.કે.કૃષ્ણન માર્ગ અને સંત રોહિદાસ માર્ગ દ્વારા દોડશે. રૂટ એ-૧૦૧ ની સેવાને લંબાવવામાં આવી છે હાલમાં તે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)અને વર્લ્ડ ટ્રેડ સેન્ટર વચ્ચે દોડે છે. હવે તે સીએસએમટીથી આગળ મહાત્મા ફૂલે

(જુઓ પાનું ૪) ▶▶




# લાડકી બહેન યોજના બંધ થશે?

## સરકારના ખજાના પર પડેલા ભારણથી ચર્ચા શરૂ થઇ

મુંબઇ : રાજ્ય સરકારે વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યમાં લાડકી બહીણ યોજના શરૂ કરી હતી. આ યોજના હેઠળ લાભાર્થી મહિલાઓના ખાતામાં દર મહિને ૧,૫૦૦ રૂપિયા જમા કરવામાં આવે છે. દરમિયાન વિધાનસભા ચૂંટણી પહેલા મહાયુતિના નેતાઓએ વચન આપ્યું હતું કે તેઓ આ યોજનાના લાભાર્થીઓની રકમમાં વધારો કરશે અને તેમને ૨૧૦૦ રૂપિયા આપશે. જોકે રાજ્યમાં મહાયુતિની સરકાર સત્તામાં આવ્યાને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે, પરંતુ સરકારે આ અંગે કોઈ નિર્ણય લીધો નથી.

રાજ્યની તમામ મહિલાઓ ૨૧૦૦ રૂપિયા ક્યારે મળશે તેની રાહ જોઈ રહી છે, ત્યારે હવે આ યોજના અંગે એક મોટા સમાચાર સામે આવ્યા છે. આ યોજનાએ રાજ્યની તિજોરી પર મોટો બોજ નાખ્યો છે. તેથી હવે પ્રશ્ન એ ઊભો થઈ રહ્યો છે કે શું આ યોજના ભવિષ્યમાં ચાલુ રહેશે. થોડા દિવસો પહેલા સમાચાર આવ્યા હતા કે સમાજ કલ્યાણ વિભાગના ભંડોળને આ યોજના માટે વાળવામાં આવ્યું છે.

જો આદિવાસી પાડામાં રસ્તા ન બનાવી શકો તો શું ધનગર વાડાને જોડવા માટે રસ્તાઓ બનાવશો? આ પ્રશ્ન કોંગ્રેસના નેતા સતેજ પાટીલે ઉઠાવ્યો હતો. આ પ્રશ્નનો જવાબ આપતા પ્રધાન ગણેશ નાઈકે એક મોટું નિવેદન આપ્યું હતું કે, લાડકી બહીણ

(જુઓ પાનું ૪) ▶▶

# ‘સિલ્વર ઓક’ પર અડધી રાત્રે હલચલ!

## રાજ્યસભા માટે પવારની ઉમેદવારી કે નવો ચહેરો? એમવીએમાં ગતિવિધિઓ તેજ

મુંબઈ: આગામી રાજ્યસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્રમાં રાજકારણ ગરમાયું છે. શું શરદ પવાર મહાવિકાસ આઘાડીને ફાળવવામાં આવેલી એકમાત્ર બેઠક માટે રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (શરદ ચંદ્ર પવાર જૂથ) તરફથી મેદાનમાં ઉતરશે કે કોઈ નવો ચહેરો હશે? એ તરફ બધાનું ધ્યાન કેન્દ્રિત છે, ત્યારે માહિતી બહાર આવી છે કે અડધી રાત્રે ‘સિલ્વર ઓક’માં ખદબદ શરૂ થઇ હતી. રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે કે શું રાજ્યસભાની ચૂંટણીમાં મહા વિકાસ આઘાડી ટકશે કે પછી મહાયુતિ કોઈ યુક્તિ રમીને એમવીએ પાસેથી સાતમી બેઠક કબજે કરશે.

મોડી રાત્રે શરદ પવારના ‘સિલ્વર ઓક’ નિવાસસ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગુરુવારે પવાર જૂથના અગ્રણી નેતાઓ, જયંત પાટિલ, જીતેન્દ્ર

(જુઓ પાનું ૪) ▶▶

# પાલિકામાં ‘કૉસ્ટ-કટિંગ’ શરૂ

મુંબઈ: એશિયાની સૌથી શ્રીમંત મ્યુનિસિપલ કોર્પોરેશન તરીકે જાણીતી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પર ‘કોસ્ટ કટિંગ’ની તલવાર લટકી રહી છે. મ્યુનિસિપલ તિજોરી અને મહેસૂલ ખર્ચ પર વધતા ભારણને નિયંત્રિત કરવા માટે વહીવટીતંત્રે એક મોટો નિર્ણય લીધો છે. નગરપાલિકાના ૨૭ વિભાગોમાં જગ્યાઓની ફેર સમીક્ષા થવાની છે, જેના કારણે સેંકડો જગ્યાઓ નાબૂદ થવાની અને ભથ્થાં પર કાતર ફરવાની શક્યતા છે.

ડિજિટલ યુગમાં ઘણા કાર્યો હવે કોમ્પ્યુટર (એઆઈ) દ્વારા કરવામાં આવી રહ્યા છે. તેથી નગરપાલિકા એવી જગ્યાઓને નાબૂદ કરવા માગે છે જેની ઉપયોગીતા ખતમ થઈ ગઈ છે અથવા જ્યાં ટેકનોલોજીકલ સાધનોને કારણે માનવશક્તિની જરૂરિયાત ઘટી ગઈ છે. નગરપાલિકાનો ‘બજેટ પ્લાન’ બિનજરૂરી ખર્ચાઓને રોકવા અને બચાવેલા ભંડોળને વિકાસ કાર્યો તરફ વાળવાનો છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે જ્યાં ખરેખર કામનો ભાર છે એવા વિભાગોમાં ભરતી કરવામાં આવશે, પરંતુ જ્યાં જરૂર નથી ત્યાં નવી નિમણૂકો ટાળવામાં આવશે. વહીવટી સ્તરે પણ અમુક ભથ્થાં કાપવાનો નિર્ણય લેવામાં આવી રહ્યો છે, જેનાથી કર્મચારીઓના ખિસ્સા

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# વિદેશી મહિલાને દક્ષિણ મુંબઈમાં ‘સતામણી’નો અનુભવ થયો: બે શખસે પંદર મિનિટ પીછો કર્યો

## ના એટલે ના, નરાધમોને દૂર હડસેલી કહેવું પડ્યું પીડિત યુટ્યુબરે પોતાના ખરાબ અનુભવનો વીડિયો તેણે સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈની ગલીમાં બે શખસે સતામણી કરી હોવાનો આરોપ વિદેશી મહિલા યુટ્યુબરે કર્યો હતો અને પોતાને થયેલા ખરાબ અનુભવનો વીડિયો તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. સેલ્ફી લેવા માટે આગ્રહ કરનારા શખસોએ પંદર મિનિટ સુધી પીછો કર્યો હોવાનો મહિલાએ આરોપ કર્યો હોવાથી આગ્રીપાડા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે બંને શખસ વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમની શોધખોળ આદરી હતી.

વિદેશી મહિલાની ઓળખ આઇનેસ ફારિયા તરીકે થઇ હોઇ તે યુટ્યુબર છે અને છેલ્લે બે મહિનાથી તે ભારતમાં ફરવા માટે આવી છે. દક્ષિણ મુંબઈમાં બે અજાણ્યા શખસે તેનો પીછો કર્યો હતો. તેણે ઇનકાર

(જુઓ પાનું ૪) ▶▶



# થાણે અને વિરાર બુલેટ ટ્રેન સ્ટેશન બનશે સ્માર્ટ

▶ સ્ટેશન વિસ્તારનો વિકાસ કરવામાં આવશે ▶ એમએમઆરડીએ જાપાનની મદદથી સ્માર્ટ સ્ટેશન બનાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં મહારાષ્ટ્રના થાણે અને વિરાર બુલેટ ટ્રેન સ્ટેશન પરિસરની કાયાપલટ કરવાનો નિર્ણય મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ લીધો છે.

સ્ટેશન એરિયા ડેવલપમેન્ટ અલોંગ ધ મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કૉરિડોર (સ્માર્ટ-સ્ટેશન એરિયા ડેવલપમેન્ટ અલોન્ગ ધ મુંબઈ-અમદાવાદ) અંતર્ગત થાણે અને વિરાર બુલેટ ટ્રેન સ્ટેશન પરિસરનો વિકાસ કરવામાં આવવાનો છે. તે માટે કેન્દ્ર સરકારના

(જુઓ પાનું ૪) ▶▶

# વિરારમાં કૉલેજની વિદ્યાર્થિનીએ ટ્રેન સામે ઝંપલાવ્યું: પ્રેમી વિરુદ્ધ ગુનો

પાલઘર: પ્રેમીએ લગ્નનો ઇનકાર કરતાં કૉલેજની વિદ્યાર્થિનીએ ટ્રેન સામે ઝંપલાવી જીવન ટૂંકાવ્યું હોવાની વિરારમાં બનેલી ઘટનામાં પોલીસે પ્રેમી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. લગ્નની લાલચે આરોપીએ શારીરિક સંબંધ બાંધતાં વિદ્યાર્થિની ગર્ભવતી બની હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૨૯ જાન્યુઆરીએ વિરાર રેલવે સ્ટેશન નજીક બની હતી. ધસમસતી આવેલી લોકલ ટ્રેન સામે કૂદકો મારી ૧૯ વર્ષની વિદ્યાર્થિનીએ કથિત આત્મહત્યા કરી હતી.

આ પ્રકરણે યુવતીની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે વાશિમમાં રહેતા ૨૦ વર્ષના યુવક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૮ (આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવું) હેઠળ ગુનો નોંધ્યો હતો.

ઑનલાઈન ગૅમિંગ પ્લૅટફૉર્મ પર ગયા વર્ષે આરોપીની ઓળખાણ યુવતી સાથે થઈ હતી. બન્ને વચ્ચે મિત્રતા થયા પછી પ્રેમપ્રકરણ શરૂ થયું હતું. બાદમાં લગ્નની ખાતરી આપી આરોપીએ યુવતી સાથે કથિત શારીરિક સંબંધ બાંધ્યો હતો, એવું પોલીસ અધિકારીએ

(જુઓ પાનું ૪) ▶▶







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.